રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## પૂ. મનુભાઈ પંચોળી 'દર્શક' વ્યાખ્યાનમાળા અને પૂર્વ વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ

વક્તા : કવિશ્રી તુષાર શુકલ

વિષય : 'ભાષા મારી છે ગુજરાતી'



તારીખ : ૨૯-૦૮-૨૦૨૨

સ્થળ : સારસ્વત ભવન

વર્ષ: ૭૬ અંક : ૦૪ ૧૫ નવેમ્બર, ૨૦૨૨

## 'દર્શક' વ્યાખ્યાનમાળા પ્રસંગે સન્માનિત થતાં પૂર્વ વિદ્યાર્થીઓ : તા. ૨૯-૦૮-૨૦૨૨



શ્રી મનજીભાઈ નાકરાણી-ભાવનગર



શ્રી મોહનભાઈ અને શ્રી નંદુબહેન દલસાણિયા-જૂનાગઢ



શ્રી માધુભાઈ નાંદરિયા-ટાટમ



શ્રી દિનેશભાઈ ઠાકર - શંખેશ્વર



શ્રી ફાધર થોમસ-ભાવનગર



ભાવવિભોર શ્રોતાગણ

# કોડિયું

વર્ષ : ૭૯ નવેમ્બર : ૨૦૨૨ અંક : ૦૪

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | મળવા જેવા માણસ-શ્રી મનજીભાઈ પ્રેમજીભાઈ નાકરાણી<br>વીરજીભાઈ જસાણી | ...૧૫૪ |
| ૦૨ | મોહનભાઈ જ. દલસાણિયા અને શ્રી નંદુબહેન ઉર્ફે નયનાબેન મો. દલસાણિયા<br>વિનોદ માંગુકિયા | ...૧૫૭ |
| ૦૩ | શ્રી દિનેશભાઈ ઠાકરનું ઉપાસના સ્થાનક : નિસર્ગ નિકેતન<br>પ્રવીણચંદ્ર ઠક્કર | ...૧૬૧ |
| ૦૪ | શ્રી માધુભાઈ નાંદરિયા<br>મનસુખપરી ગોસાંઈ | ...૧૬૪ |
| ૦૫ | શ્રી ફાધર થોમસનું જીવન કૌશલ<br>વેલિંગ્ટન પટેલ | ...૧૬૭ |
| ૦૬ | કિસાન મિત્ર - ઉંદરભક્ષી સાપ 'ધામણ'<br>હીરજી ભીંગરાડિયા | ...૧૭૦ |
| ૦૭ | દક્ષિણ ધ્રુવના બરફ નીચે રહસ્યમય જીવસૃષ્ટિ?<br>સોનલ પરીખ | ...૧૭૨ |
| ૦૮ | સંસ્થા સમાચાર<br>પ્રશાંત મહેતા | ...૧૭૫ |

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**
સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

## ◆ સૂચના ◆

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

## ◆ લેખ મોકલવા માટે ◆

‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

## ◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

## ◆ લેખકોને ◆

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

## ◆ લવાજમ ◆

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

ઋષિ વિનોબા ભાવેએ કહ્યું છે કે: 'શિક્ષણના મૂળ કડવાં છે પરંતુ એના ફળ મીઠાં છે.'

લોકભારતી ગ્રામવિદ્યાપીઠની સ્થાપના તા.૨૮/૫/૧૯૫૩માં બુદ્ધજયંતીના શુભ દિવસે થઇ હતી. એ પછી સાધકસમા વિદ્યાર્થીઓની વિદ્યાસાધના અને શિક્ષકોના વાત્સલ્યસભર પુરુષાર્થના સેંજળથી અહર્નિશ પોષણ પામતી આવી છે. ઝાડના પારખાં ફળ ઉપરથી...મધુર ફળસમા વિદ્યાર્થીઓના જીવનલક્ષી કાર્યોથી સંસ્થા અસ્મિતાવંત બનતી રહી છે. સંસ્થામાં કેળવણી પામતા વિદ્યાર્થી ભાઈઓ-બહેનોની કર્મનિષ્ઠા સંસ્થાને અધિક ઊજળી કરે છે. એ માટે દીવેટમાં ઘી પૂરું પાડતા કર્મઠ કાર્યકરો પણ અભિનંદનને પાત્ર બને જ. લોકભારતીમાં ઋષીવર્ય ગુરુઓની તેજોમય પરંપરા રહી છે.

આજ સુધીમાં હજારો વિદ્યાર્થીઓ લોકભારતીના બૃહદ પરિવારમાં એકરૂપ થયાં છે. અહીંથી જીવનલક્ષી કેળવણીના પાઠ આત્મસાત કરીને, માનવસમાજને ઉપયોગી કાર્ય કરતા, સમાજ ઉત્કર્ષના કર્મને વરેલા રહે છે. માનવીય અભિગમથી ઇમાનપૂર્વક લોકસેવા માટે પ્રતિબદ્ધ, લોકભારતીત્વને ઉજાગર કરનારા કાર્યરત પૂર્વ વિદ્યાર્થીઓને સન્માનિત કરવાનો અવસર તા. ૨૯/૦૮/૨૨ના રોજ ઉજવાઈ ગયો. જે પાંચ પૂર્વ છાત્રોને લોકભારતીએ સન્માનિત કર્યા તેમના કાર્યોથી લોકભારતીને પણ પ્રતિષ્ઠા મળી છે. આ કાર્યક્રમ વિશેની વિગતે વાત આ અંકમાં પ્રકાશિત કરવામાં આવી છે. લોકભારતી વિદ્યાપીઠ તરફથી આગળ વધતી વિશ્વભારતીનો મારગ આવા કર્મઠ વિદ્યાર્થીઓ અને કાર્યકરોથી જ બનશે.

સોનામાં સુગંધ ભળે એવી સહજ ઘટના આ પ્રસંગે બની ગઈ: પૂજ્ય મોરારિબાપુ અચાનક આ કાર્યક્રમમાં આવે અને બેસે એ દક્ષિણામૂર્તિ દેવની કૃપા જ કહેવાય ને? પૂજ્ય બાપુ કાર્યક્રમમાં એક કલાક બેઠા, મૌન હોવા છતાં લોકપીઠને વ્યાસપીઠ સમજી મૌન છોડી (સાંધી) બધાને આશીર્વાદ આપી સહજ પરત સરળ સાધુ કેવા હોય તો આપણે કહી શકીએ કે મોરારિબાપુ જેવા હોય.

ખરી કેળવણીથી માણસમાં સંવેદના, શ્રદ્ધા, સભ્યતા, વિવેક, પરોપકાર, સર્જનાત્મક અભિગમ, મૌલિક દૃષ્ટિકોણ આવે છે. આવું બને તો પ્રકૃતિ અને સંસ્કૃતિનું જતન કરી શકાય છે. આજે વિશ્વમાં હિંસા વધતી અને કરુણા ઘટતી અનુભવાય છે. એક માણસ બીજા માણસને પાડી આગળ વધી જવાનો ધખારો આખરે તો અજંપો આપે છે. પેપરલેસ ઓફિસો, ટીચર્સલેસ ક્લાસરૂમ, ડ્રાયવરલેસ વાહનો જેમ જેમ અધિક થશે તેમ આપણી આસપાસ 'માણસાઈ' વિનાના 'માણસો'ની સંખ્યા વધતી રહેશે! માનવસમાજે આ વાયરસથી બચવું અનિવાર્ય છે. ફરી આર્ષદૃષ્ટા વિનોબાને સ્મરણ કરીએ:

'શિક્ષણ એ સત્યનું ઓજાર છે. કેળવણી એટલે મુક્તિ, આર્ષદર્શન, સ્વયંપ્રેરણા, નિત્ય નવું સર્જન, સાહસ અને જીવનની પ્રસન્નતા બક્ષતું સક્ષમ સાધન છે.'

— [illegible]

## ૦૧ મળવા જેવા માણસ-શ્રી મનજીભાઈ પ્રેમજીભાઈ નાકરાણી

**પરિચય : વીરજીભાઈ જસાણી**

શ્રી પ્રેમજીભાઈ હરિભાઈ નાકરાણીના ખેડૂતપુત્ર-તરવરિયા યુવાન મનજીભાઈને જોયા છે. પરિવારના નિર્વાહ માટે પર્યાપ્ત જમીન હતી. પિતાશ્રીએ ગામડાની નિશાળમાં લખતાં-વાંચતાં આવડે તેટલું શિક્ષણ મેળવ્યું હતું. તેઓ સહકારી મંડળીમાં સેક્રેટરીની જવાબદારી સંભાળતા હતા. મનજીભાઈ અને તેમની બહેનો ખેતી-પશુપાલનને લગતી કામગીરીમાં માતુશ્રી પાર્વતીબાના સહકારમાં પરિશ્રમ કરતા હતા.

ઉચ્ચ-વિશેષ અભ્યાસ કરવો તેવી મનજીભાઈ અને તેના પરિવારની ઇચ્છા હતી. જોગાનુજોગ આંબલા લોકશાળાના સ્થાપક પૂજ્ય નાનાદાદા અને મોસાળના મોભી માધાદાદાના સંપર્કથી ગ્રામ્ય છોકરાઓને શિક્ષણ આપવા સુગમતા હતી. અભ્યાસક્રમના ભાગરૂપે વિશેષ શિક્ષણ અને શ્રમ જાહેર પ્રવૃત્તિથી કેળવાયા. ગ્રા.દ.મૂ.-આંબલા લોકશાળા અને લોકભારતી-સણોસરામાં શિક્ષણ દરમ્યાન તેમણે જણાવ્યા પ્રમાણે સપ્તર્ષિ ગુરુઓની પ્રેરણા મળી, તેને વર્ણવતા સપ્તર્ષિ ગુરુનાં સાત પુસ્તક થાય તેટલા પ્રસંગો અને બાબતો તેઓ આજે પણ ગૌરવ સાથે વર્ણવે છે.

આઝાદી પછી ગાંધીજીની કલ્યાણરાજ્યની કલ્પના મુજબ ઉચ્ચ-પારંગત અભ્યાસક્રમ નક્કી કરવામાં આવ્યો, તેને નઈ તાલીમ કહે છે. નઈ તાલીમમાં કૃષિ, પશુપાલન, સામાજિક સમરસતા અને ન્યાયી સમાજરચના માટે ખાસ પ્રકારના વિષયો તેઓ ભણ્યા છે. શ્રમ(પ્રેક્ટિકલ), ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, ગ્રામઅર્થશાસ્ત્ર, સહકાર-પંચાયત, કૃષિ-પશુપાલન, રાજનીતિ, વિસ્તરણ વગેરે વિષયોના શિક્ષણથી અભય અને હિંમત તેમણે લોકભારતીમાંથી મેળવીને ૧૦ વર્ષ સરકારી નોકરી કરી. ચાલુ નોકરીએ એચ.ડી.સી. અને જી.ડી.સી.એ.નો અભ્યાસ કર્યો.

પિતાશ્રી પ્રેમજીભાઈ પાસેથી નીડરતા અને વહીવટી જ્ઞાન તેમ જ માતુશ્રી પાર્વતીબા પાસેથી કૃષિ-છાણ-વાસીદું, શ્રમકાર્ય કરવાના સંસ્કાર મળ્યા હતા. સપ્તર્ષિ ગુરુના પ્રેરક ઘડતરથી સફળતાપૂર્વકની નોકરી કરવી એ અઘરું નહોતું લાગ્યું. તેમની શરૂઆતની નોકરી જૂનાગઢ જિલ્લાના ઘેડ તાલુકાના ત્રણ તાલુકાના વિભાગીય ગ્રામપંચાયત અધિકારી તરીકેની હતી. આઝાદી પછી બંધારણીય રીતે ગ્રામપંચાયતો અને સહકારી મંડળીઓની રચના કરવાની કામગીરી કરી હતી.

આ વિસ્તારની પ્રજામાં પક્ષવાદ ન હતો. પરંતુ જ્ઞાતિવાદ, અંધશ્રદ્ધા, જૂથવાદ હતા, તેનાથી સમાજમાં અશાંતિનો ઓથાર હતો. પંચાયતો અને સહકારી મંડળી રચવી, વહીવટ કરતાં શીખવવું તેના દ્વારા બંધારણીય રીતે વહીવટ કરવા, ઑડિટ કરવા જેવા પડકાર હોવા છતાં, મનજીભાઈએ નિપુણતા, પર્સનાલિટી અને નીડરતાથી ત્યાંની પ્રજાને કેળવી-સમજાવીને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનું સુદૃઢ સંચાલન કરાવી શક્યા હતા. મનજીભાઈની કામગીરીની તે વિસ્તારના મેર જાતિના ગુરુ મહંતશ્રી વિજયદાસજી, તે વખતના મુખ્ય મંત્રીશ્રી, ધારાસભ્યો વગેરેએ પ્રસંશા કરી હતી. મનજીભાઈની સફળ કામગીરીથી લોકભારતીના સ્નાતકોને નોકરીની તક વધી હતી.

પંચાયતી રાજ આવ્યું ત્યાર પછી સરકારશ્રીએ પંચાયત અને સહકાર અલગ વિભાગ કર્યા. નોકરિયાતો જે તે વિભાગમાં નોકરી કરવા માંગે તેમની નોકરીની નવી નિમણૂંક ગણાશે, સિનિયોરિટી નવી નિમણૂકથી જ ગણાશે તેવા

સરકારશ્રીના નિર્ણયથી અન્યાય થવાની લાગણીથી દુભાયેલા આત્માથી મનોમન નોકરી છોડવાનું મનજીભાઈએ નક્કી કર્યું.

નોકરી છોડવાની ઇચ્છાથી વિશેષ ચિંતન-મનોમંથન માટે નેપાળ પશુપતિનાથ અને નેપાળના પ્રાકૃતિક ખોળે ૧૬ દિવસ પછી ઘરે હાજર થઈને મક્કમ નિર્ધારથી ૨૧ વર્ષ અને ૧૭ દિવસની નોકરીમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી. તેમની સાથેના કેટલાક મિત્રોએ નોકરી ચાલુ રાખી અને સિનિયોરિટીને મુદ્દે અદાલતી કાર્યવાહી કરી, આ કેસની લાંબી લડત મનજીભાઈ લડ્યા, પાછલી સર્વીસને સળંગ સર્વીસ અને તેની સિનિયોરિટી કોર્ટના હુકમથી સરકારશ્રીએ સ્વીકારવી પડી, જે મનજીભાઈની દેણગી છે.

મનજીભાઈએ ચાલુ નોકરીથી સહકાર-પંચાયતના કાયદાઓથી જે જાણકારી હતી તેનું સંપાદન કર્યું, જેની પ્રસ્તાવના આઈ.એ.એસ. કક્ષાના તજજ્ઞોએ લખી છે. કાયદાના પુસ્તક સંપાદનને બિલકુલ વ્યાપારી રીતે જ કરવું, કાળાબજારથી નહીં, શ્રી સવાયા(શ્રી સવા) પણ ખ્રિસ્તી ધર્મના ૧૦ કમાન્ડ (૧૦ સિદ્ધાંતો)ને ખ્યાલમાં રાખીને ગ્રાહક ઊભા કરવા, ગ્રાહકને પોસાણનો ખ્યાલ રાખવો અને જરૂર જણાય ત્યાં સૌજન્યના રૂપે પણ પુસ્તકનું વિતરણ કરવું.

પ્રકાશનનું કામ મળતર, સરભર કે નુકસાની પછી પણ સરવાળે ખર્ચનાં નાણાં મળી રહેતાં પ્રકાશક તરીકે મનજીભાઈ પ્રસન્નતા અનુભવતા હતા. પ્રકાશનથી સામાન્ય પ્રમાણમાં નાણાં અને પેન્શન પણ મર્યાદિત અને નિર્વાહ અને બાળકોના શિક્ષણની જવાબદારી માટે કોઈની પણ લાચારીને બદલે ખુમારીથી સાદગીભર્યું જીવન જીવવું તે બાબત મનજીભાઈ મક્કમ હતા.

આધ્યાત્મિક અભ્યાસ અને સ્વાનુભવથી રાજયોગ(યોગદર્શન સાર), ગવાયેલી પ્રાર્થનાના ભાવાનુવાદ, વિવેચન શ્રીમદ્ ભગવતગીતા (શ્રી કૃષ્ણાર્જુનસંવાદ) નામે પુસ્તક અને થિયોસોફિકલના સાહિત્યના વાચનથી પ્રેરાઈને 'સંક્ષિપ્ત ગુપ્તજ્ઞાન સંહિતા'નું ગુજરાતીમાં પ્રકાશન કર્યું છે. જેની પ્રસ્તાવના ડૉ. પી. એલ. સાચપરાએ લખી છે.

કાળબળ તેમ જ કર્મનાં ફળ રૂપે બે દીકરીઓ (૧) અરુણાબહેન (યુ.એસ.એ.) અને (૨) પારુબહેન(ભાવનગર) તથા પુત્ર નીતિનભાઈ અમેરિકા સ્થિત સુખી છે. પુત્રવધૂ સોનુ અને પૌત્રી વૈદેહી, પૌત્ર મલય સાયબર સીક્યૂરિટી એન્જીનિયરિંગ કરીને અમેરિકન સરકારમાં ગૃહવિભાગમાં સરકારી નોકરી કરે છે. તે તમામના જીવન વ્યવસ્થાથી સંતુષ્ટ મનજીભાઈ પટેલ ૮૮ વર્ષની ઉંમરે સ્વસ્થતા અને અનહદ આનંદથી જીવન વ્યતીત કરી રહ્યા છે.

- વીરજીભાઈ જસાણી, ભાવનગર
સંપર્કઃ ૯૪૨૭૨૩૩૫૪૪

**પ્રતિભાવ**

હું મનજી નાકરાણી, (મુ. કુંભણ) (હાલ ભાવનગર). હું મૂળે ગ્રામ ખેડૂતની નીપજ છું, જેને ખેતી-મજૂરી કામ, પ્રહર ઢોર ચારવા જવું, ચાલુ વરસાદે ખેતર-શેઢેથી ઢોર માટે ખડ વાઢવા જવું જેવાં કષ્ટદાયી કામ કરવાનાં જ હોય છે. તે હું ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલા લોકશાળાનો પાંચ વર્ષનો(સને ૧૯૪૯-૫૦થી ૧૯૫૩-૫૪ સુધી) તથા તથા લોકભારતી-સણોસરાનો ત્રણ વર્ષનો વિદ્યાર્થી(સને ૧૯૫૪-૫૫થી ૧૯૫૬-૫૭ સુધી) એમ કુલ આઠ વર્ષ આ બંને સંસ્થાઓમાં 'વિદ્યા મેળવવા' રહ્યો. મેં શી 'વિદ્યા મેળવી...?' જેવા મારા મનમાં ઘણીવાર પ્રશ્નો થયા છે, પરંતુ નિરુત્તર રહ્યા. મને જે ખબર છે તે એટલી જ છે કે હું બંને સંસ્થાઓમાં આઠ વર્ષમાં 'જીવન જીવતાં શીખ્યો'. તેને વિદ્યા કહો તો તે અને શિક્ષણ કહો તો તે.

સને ૧૯૫૭થી આજ ૨૦૨૨ સુધી જીવન જીવવામાં(જેમાં ૨૧ વર્ષ અને ૨૭ દિવસની સરકારી નોકરી) મને પ્રાપ્ત થયેલાં 'કર્તવ્ય કર્મો' કરવા માટે જરૂરી તમામ આવડત, સાધનો સંપૂર્ણ રીતે મળેલી વિદ્યામાંથી પ્રાપ્ત થયાં

છે. અને તેનાથી મને સફળતા, સંતોષ અને આનંદ પ્રાપ્ત થયો છે. એટલે વિદ્યા-શિક્ષણ કેટલું, કેવું, સારું-મોળું, ઓછું-વધતું મળ્યાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. વિશ્વ આખાનું જ્ઞાન-શિક્ષણ 'જીવન જીવતાં શીખ્યો' એમાં આવી ગયું.

'કર્તવ્ય કર્મો'માંથી આનંદ પ્રાપ્ત થાય તે જ તેનું પૂર્ણ ફળ છે અને તે પર્યાપ્ત મનાય છે, 'મને તે મળ્યું છે.' આજ સુધી સંસ્થાઓમાં 'જીવન જીવતાં શીખ્યો' તેના ઉપયોગથી 'કર્તવ્ય કર્મો' માટે 'આવડત અને શક્તિ' પ્રાપ્ત થયા છે. ક્યારેય અધૂરપ લાગી નથી. આજે ઉંમરમાં મારું ૮૮મું વર્ષ(જન્મ તારીખ ૧૪-૧૧-૧૯૩૪) ચાલે છે, ત્યાં સુધી પૂરો સંતોષ-આનંદ છે.

બંને સંસ્થાઓમાં અમારા સપ્તર્ષિ ગુરુઓ હતા. પરમ પૂજ્ય નાનાદાદા(અધ્યાત્મ વિદ્યા), પરમ પૂજ્ય મનુદાદા પંચોળી(જીવનભર વિદ્યાર્થી રહો), પરમ પૂજ્ય મૂળશંકરદાદા(સ્વસ્થતા, શાંતિ), પરમ પૂજ્ય બુચદાદા(જીવનની ઝીણી ઝીણી બાબતો), પરમ પૂજ્ય મનુકાકા દવે(અભય, હિંમત), પરમ પૂજ્ય રતિદાદા અંધારિયા(ખેતી, ધરતીમાતા), પરમ પૂજ્ય ગુણવંતદાદા ઉપાધ્યાય(મિનિટે મિનિટનો ઉપયોગ). આ વિદ્યા, જ્ઞાન-શક્તિ 'જીવન જીવતાં શીખવામાં' મળી તે ઉપર જણાવેલા પૂજ્ય ગુરુજનોના, તેમના પ્રત્યક્ષ જીવન-વર્તનમાંથી, ઝીલેલા મૂક 'જીવન-ઉપદેશો'માંથી પ્રાપ્ત થયેલા છે. સમયનો મિનિટે મિનિટનો ઉપયોગ, ખેતી-ધરતી માતા, જીવનમાં અભય-હિંમત, જીવનમાં ઝીણી-ઝીણી બાબતો, જીવનમાં સ્વસ્થતા-શાંતિ, જીવનભર વિદ્યાર્થી રહો અને જીવનમાં અધ્યાત્મવિદ્યા આત્મસાત કરો.

બંને સંસ્થાઓનો ભવોભવનો ઋણી. મનજી નાકરાણીનાં સૌને વંદન

અસ્તુ.

**જાગરણ**

એક વાર ભગવાન બુદ્ધ શિષ્ય આનંદ સાથે વાતો કરતા બેઠા હતા.

એવામાં બુદ્ધના કપાળ પર માખી બેઠી અને ચાલુ વાતે માત્ર ટેવવશ હાથ હલાવી માખી ઉડાડી મૂકી.

થોડી વાર રહીને તથાગતે ફરીથી માખી દૂર કરવા હાથ હલાવ્યો પણ તે વખતે એમના કપાળ પર માખી બેઠી ન હતી.

શિષ્ય આનંદ આ જોઇને વિસ્મયમાં પડી ગયો.

તેમણે જિજ્ઞાસાથી પૂછયુઃ 'પ્રભુ ! મને સમજાયું નહીં.

પ્રથમ વખત તમે માખી અનાયાસ ઉડાડી મૂકી પણ બીજી વાર માખી બેઠી ન હતી તોય તમે સભાનપણે એને દૂર કરવા માથે હાથ હલાવ્યો!'

બુદ્ધ : 'આનંદ ! પહેલી વાર મેં કોઇ પણ પ્રકારની જાગરૂકતા વગર માખી ઉડાડેલી, બીજી વખત માખી ન હતી પરંતુ મેં સભાનપણે હાથ હલાવ્યા. આનંદ, એક વાત સમજી લે, સિદ્ધાર્થને જાગરૂકતા વગર કશુંક કરવાનું પોસાય, બુદ્ધને નહીં.'

## ૦૨ મોહનભાઈ જ. દલસાણિયા અને શ્રી નંદુબહેન ઉર્ફે નયનાબેન મો. દલસાણિયા

**પરિચય : વિનોદ માંગુકિયા**

---

શ્રી મોહનભાઈ જસમતભાઈ દલસાણિયા અને શ્રી નંદુબહેન ઉર્ફે નયનાબહેન મોહનભાઈ દલસાણિયા અનુક્રમ ઈ.સ. ૧૯૬૪ અને ઈ.સ. ૧૯૬૫નાં કૃષિશિક્ષણ અને લોકશિક્ષણ વિદ્યાશાખાનાં લોકભારતી સ્નાતકો છે.

શ્રી મોહનભાઈના વડવાઓનું મૂળ વતન મોટી મારડ. જૂનાગઢના તત્કાલીન નવાબે મોટી મારડ અને આસપાસનાં ગામોના કર્મશીલ ખેડૂતોને ગીરમાં ખેતી કરવા આમંત્રણ આપ્યું, તેમાં મોહનભાઈના દાદા માવજીભાઈ જાદવભાઈ દલસાણિયા સૌના અગ્રણી હતા. દાદાશ્રી માવજીભાઈ દલસાણિયાએ સંવત ૧૯૩૦માં પોતાના હાથે તોરણ બાંધીને જે ગામ વસાવ્યું તે મોરૂકામાં મોહનભાઈનો જન્મ થયો. આમ મોહનભાઈને ગીરની ધીંગી ધરાની ખેતી વારસામાં મળી. મોહનભાઈએ માધ્યમિક શિક્ષણ વિખ્યાત સંસ્થા શારદાગ્રામમાં લીધું. એ પછી કૃષિવિષયક વિશેષ અભ્યાસ માટે લોકભારતીમાં ઈ.સ. ૧૯૬૧માં પ્રવેશ લીધો. જ્યારે નવસારી તાલુકાના નાનકડા ગામ કુંભાર ફળિયાની નાની દીકરી નંદુ પ્રાથમિક શિક્ષણ લીધાં બાદ છેક ગાંધીઆશ્રમ-અમદાવાદ ખાતે માધ્યમિક શિક્ષણ મેળવે છે. અહીંથી જ તેને ઉચ્ચ શિક્ષણ માટે તેના ગુરુજન પરીક્ષિત મજમુદારે ઈ.સ. ૧૯૬૨માં લોકભારતીમાં મોકલી, જ્યાં તેણીએ લોકશિક્ષણ વિદ્યાશાખામાં પ્રવેશ લીધો.

લોકભારતીના અભ્યાસ દરમ્યાન મોહનભાઈનું કૃષિવિષયક પ્રેક્ટિકલ જ્ઞાન અને વાંસળી-વાદન તથા નાનકડી વિદ્યાર્થિની નંદુના કંઠે પ્રાર્થનામાં ગવાતાં ભજનો અને રાસ ગરબાએ સૌનું ધ્યાન આકર્ષિત કર્યુ. બંનેને પરસ્પર પરિચય અભ્યાસ દરમ્યાન થયો.

સ્નાતક થયા પછી બે વરસ બાદ મોહનભાઈ અને નંદુબહેન ઉર્ફે નયનાબહેન તે સમયે ક્રાંતિકારી ગણાતા આંતરજ્ઞાતીય લગ્નથી જોડાય છે. લગ્ન પૂર્વે વિદ્યાગુરુ શ્રી મનુભાઈ પંચોળી(દર્શક), શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ અને શ્રી બુચભાઈ સાથે મોહને વિગતે ચર્ચા કરી. શ્રી મનુભાઈ પંચોળી(દર્શક)ના કહેવાથી જ તે સમયે પ્રથમ હરોળના કેળવણીકાર જુગતરામ દવે, ગણમાન્ય સાધુચરિત લોકસેવક પરીક્ષિત મજમુદાર અને લોકભારતીના ટ્રસ્ટી અને સમાજ અગ્રણી શ્રી ભીમજીબાપાના આશીર્વાદ મેળવ્યા. બંને પક્ષના વડીલોના આશીર્વાદ તો તેઓની સાથે જ હતા.

મોહનના લગ્ન મોરૂકામાં જ ધામધૂમથી કરવા દલસાણિયા પરિવાર ઉત્સુક હતો પણ આ સાદગીપૂર્ણ અને આંતરજ્ઞાતીય લગ્ન માતૃસંસ્થા લોકભારતીના રૂડા પરિસરમાં થાય તેવી બંનેની ઇચ્છા હોવાથી લગ્નસ્થળ ઋષિતુલ્ય નાનાભાઈ ભટ્ટનાં પવિત્ર પગલાંથી પાવન થયેલી ભૂમિ લોકભારતીમાં જ વિદ્યાગુરુ ‘દર્શક’ના ઘરના આંગણામાં જ રોપાયેલા મંડપમાં શ્રી મનુભાઈ પંચોળી(દર્શક) અને તેમનાં ધર્મપત્ની વિજયાબહેને કન્યાદાન કર્યું અને સૌ વિદ્યાગુરુઓ તેમ જ બંને પક્ષના પરિવારજનોની ઉષ્માપૂર્ણ ઉપસ્થિતિમાં તા. ૨૫-૦૫-૧૯૬૭ના રોજ સંપન્ન થયાં. સૌ ગુરુજનોના બંનેને આશીર્વાદ મળ્યા.

આ પરિચય લખનાર અને નંદુબહેન લોકભારતીમાં સાડા ત્રણ વરસ વિનયન વિદ્યાશાખામાં સાથે જ ભણ્યાં છે. આ પસંદગી લગ્ન સમજણપૂર્વકના હતાં. પરિપકવ સમજણ હોય તો દામ્પત્યજીવન કેવું મહેંકી ઊઠે તેની મિસાલ દલસાણિયા દંપતિએ આપી છે.

શ્રી મોહનભાઈ અને નયનાબહેનની પાંચ દાયકાની કૃષિસુધારણા, સહકાર, પંચાયત, શિક્ષણ અને મહિલા ઉત્કર્ષ સેવાથી જૂનાગઢ જિલ્લાનો શિક્ષિત સમાજ સુપરિચિત છે. જૂનાગઢની પ્રખ્યાત શૈક્ષણિક સંસ્થા ‘પટેલ કેળવણી મંડળ, જૂનાગઢ’માં ઉપપ્રમુખ તથા ટ્રસ્ટી તરીકે રહી છાત્રાલય સંચાલનની ત્રણ દાયકા સુધી તેઓએ આપેલી

સેવા નોંધપાત્ર બની રહી છે.

દલસાણિયા દંપતીએ સ્નાતક હોવા છતાં અને તે સમયે નોકરી મળવી સહજ હોવા છતાં ક્યારેય નોકરી કરી નથી. પોતાને વારસામાં મળેલી મોટી ખેતી દ્વારા મોરૂકા અને આસપાસનાં અનેક ગામોને આધુનિક ખેતી અંગે તેઓને સતત માર્ગદર્શન પૂરું પાડયું છે. તેમની લીલીછમ મોટી વાડી કૃષિસુધારણાની પાઠશાળા બની હતી.

છેલ્લી એક સદીથી મોરૂકા ગામ વચ્ચે દલસાણિયા પરિવારની વિશાળ ડેલી તેઓના ઉદાર દિલના વડવાઓની આતિથ્ય ભાવનાની સાક્ષી બનીને આજે પણ ઊભી છે. તેમનું મોટું ખોરડું અને વિશાળ વાડી લોકભારતીના વિદ્યાગુરુઓ, વિદ્યાર્થીઓ, કૃષિક્ષેત્રના અભ્યાસીઓ અને રસિકો માટે પાંચ દાયકાથી સતત ખુલ્લું જ રહ્યું છે.

હંમેશા ખાદી વસ્ત્રોમાં શોભતા શ્રી મોહનભાઈ અને નયનાબહેન સૌને આવકારતા. નયનાબહેને વિવિધ પ્રકારની સમાજ સેવા દ્વારા ખરા અર્થમાં લોકભારતીત્વ દિપાવ્યું છે. તેઓને બે પુત્રો, બે પુત્રવધૂઓ અને પૌત્ર-પૌત્રીઓથી હર્યો-ભર્યો સંયુક્ત પરિવાર સમાજ માટે પ્રેરણારૂપ બન્યો છે.

(પૂર્વ સ્નાતક, ૧૯૬૨-૬૫) નિવૃત્ત શિક્ષક, રાજકોટ

**પ્રતિભાવ**

નમસ્તે

લોકભારતી પરિવાર.

મેં પ્રાથમિક શિક્ષણ મારા વતન ધોરાજી તાલુકાના મોટીમારડ ગામમાં લઈ માધ્યમિક શિક્ષણ માટે વિનય મંદિર, શારદાગ્રામ, માંગરોળમાં પ્રવેશ લીધો. શારદાગ્રામમાં દરિયાકાંઠાના કુદરતી વાતાવરણમાં છાત્રાલય સમૂહજીવનના પાઠ સાથે સાદગી અને ખાદીના સંયોગથી શિસ્તબદ્ધ નિર્વ્યસની જીવનના સંસ્કારો પ્રાપ્ત કરી માધ્યમિક શિક્ષણ પૂરું થતાં ઋષિતુલ્ય કેળવણીકાર નાનાભાઈ ભટ્ટ સ્થાપિત વિખ્યાત સંસ્થા લોકભારતીમાં એગ્રીકલ્ચર વિદ્યાશાખામાં દાખલ થયો. આ ૩.૫ વર્ષ મારી જિંદગીનો યાદગાર સમય હતો.

લોકભારતીમાં મુરબ્બી શ્રી મનુભાઈ, શ્રી મૂળશંકરભાઈ, શ્રી બુચભાઈ, શ્રી કુમુદભાઈ, શ્રી શુક્લદાદા, શ્રી રતિભાઈ તેમ જ મારા ગ્રામપંચાયત અને સહકાર વિષયના પ્રાધ્યાપક શ્રી જયંતીભાઈ મ. શાહ. આ ગુરુજનો પાસેથી મારી જિંદગીમાં ઘણો બધો બદલાવ આવ્યો. મને સામાજિક, રાજકીય અને શિક્ષણક્ષેત્રની કામગીરીથી આજે સમાજમાં સન્માન મળવાથી મારું જીવન ધન્ય થયાનો અહેસાસ અનુભવું છું.

મારા અંગત જીવનના પસંદગીના આંતરજ્ઞાતીય લગ્નની મુરબ્બી શ્રી મનુભાઈની જ્યારે મેં સલાહ લીધી ત્યારે તેમણે કહેલું કે આ વિચાર ઘણો જ સારો છે પરંતુ સામે ગ્રામજીવનમાં સામા પાણીએ તરવાનું છે. તેમાં તમે બન્ને ધીર ગંભીર બની સમાજનો પ્રેમ જીતશો તો આત્મસંતોષ થશે નહિતર પસ્તાવો થશે. આ ટકોરે મને મારા કુટુંબ અને ગામના અન્ય પરિવારો વચ્ચે નાત જાતના ભેદભાવ ભૂલી કામ કરતો કરી દીધો. આથી, ગામ પછી તાલુકાનો વિશ્વાસ મેળવી, ગ્રામપંચાયત સરપંચથી તાલુકા અને જિલ્લા પંચાયતમાં રાજકીય ક્ષેત્રે સારી સફળતા મળતા સહકારી મંડળીના પ્રમુખથી લઈ તાલુકા અને જિલ્લા સહકારી બેંક તેમજ તાલુકા માર્કેટિંગ યાર્ડના મહત્ત્વના હોદ્દા પર કામ કરવાની સમાજે અનેક તકો આપી. લોકભારતીની વિચારસરણીથી દરેક ક્ષેત્રમાં પ્રામાણિકતાથી હોદ્દા પર સામાજિક સેવાનું કાર્ય કરેલું. તેથી આજે પણ ગામમાં, તાલુકામાં અને જિલ્લાના કર્મચારીઓ તેમ જ લોકો માન આપે છે તે મારા જીવનની સાચી મૂડી છે. અનીતિનું ધન ઘરમાં આવવા દીધું નથી, તેથી અમે પરિવારમાં બે દીકરાઓ સાથે તંદુરસ્તમય સંયુક્ત કુટુંબમાં જીવન જીવીએ છીએ. લોકભારતીમાં મુરબ્બી શ્રી મૂળશંકરભાઈ અને બુચભાઈ પાસેથી છાત્રાલય અને મુરબ્બીશ્રી નાનાભાઈ ભટ્ટના પુસ્તક 'ગૃહપતિને' વાંચી છાત્રાલયના સમૂહજીવનના ગુણો, વિચારો અને જ્ઞાનથી જૂનાગઢના પટેલ કેળવણી મંડળમાં છેલ્લાં ૩૦ વર્ષથી છાત્રાલય સંચાલનનો વહીવટ સંભાળી,

ધો. ૬થી કૉલેજ સુધીની બે હજારો દીકરીઓને સાંસ્કૃતિક અને દાંડિયારાસના કાર્યક્રમોથી માન-સન્માન મેળવી લાગણીથી દીકરીઓ પાસેથી 'મો. જ. અંકલ'નું બિરૂદ પ્રાપ્ત કરેલું છે.

લોકભારતીના ખેતીવિષયક જ્ઞાનથી તાલુકા અને જિલ્લામાં ખેડૂતશિબિરો અને આકાશવાણી રેડિયો-વાર્તાલાપોથી જીવનમાં આનંદ મેળવેલો છે. બાગાયતમાં જિલ્લા અને રાજ્યકક્ષા સુધી સમાજ-ઉપયોગી કાર્ય કરી, પ્રમાણપત્રો અને જિલ્લાની સાર્થકતા પ્રાપ્ત કરેલ છે.

અમારા પસંદગીના આંતરજ્ઞાતીય લગ્નમાં કાંટાળી કેડી પર લોકભારતીના વિચારો અને વડીલોના આશીર્વાદ અને શિક્ષણથી સમાજમાં સુવાસ ઊભી કરી, હું અત્યારે આ ઉંમરે પણ મોરૂકા ગામના અને તાલુકાના યુવાન પેઢી અને કુટુંબમાં વડીલ તરીકેનું અમો બન્નેને સન્માન મળેલું છે, તે જ સાચું શિક્ષણ જીવનમાં પ્રાપ્ત થયું છે તેમ હું દૃઢ પણે માનું છું.

લોકભારતીમાં યુનિવર્સિટી મેળવવામાં મુરબ્બી શ્રી અરુણભાઈને અમે બંને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વતી ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ છીએ.

આપ સૌએ મુરબ્બી શ્રી મનુદાદાની પુણ્યતિથિએ અમારું સન્માન કરી અમારી જિંદગીમાં તંદુરસ્તી સાથે આનંદ ઉમેરી દીધો, તે બદલ અમે બંને સંસ્થાના ઋણી રહીશું.

આભાર......

આપનો સ્નેહાધીન..

મોહનભાઈ જે. દલસાણિયા

**પ્રતિભાવ**

નમસ્તે,

લોકભારતી પરિવાર.

મેં ૧૯૬૨માં નામ પણ સાંભળ્યું ન હતું એવી સૌરાષ્ટ્રની લોકભારતી સંસ્થામાં શ્રી પરીક્ષિતભાઈ મજમુદારની સલાહથી જુલાઈમાં લોકશિક્ષણના પહેલા વર્ષમાં દાખલ થઈ. અમદાવાદ ગાંધીઆશ્રમથી પરીક્ષિતભાઈએ મને લેખક શ્રી રામનારાયણ પાઠક સાથે લોકભારતી મોકલી હતી. તે દિવસે અમાસ એટલે બીમાર સિવાય કોઈ વિદ્યાર્થી સંસ્થામાં ન હતાં. મને થોડું ઉજ્જડ જેવું લાગતું પણ પછી ધીરેધીરે ફાવી ગયું. ત્યાં ભણવાની ફીને સાટે ડોસન(પરિશ્રમ) કરવાનો. પ્રથમ વખતે સંસ્થાનો પુલ બાંધવાના કામમાં તગારા લેવાનું-દેવાનું કામ શ્રમમાં આવ્યું. ફાવે તો નહીં પણ શ્રી પરીક્ષિતભાઈએ મને મોકલી એટલે એમની આબરુ ન જાય એટલે મને પૂછે કે બેન તગારાનું કામ ફાવે છે ને? ત્યારે હું હા પાડું!

ઓફિસમાં હિસાબનીશ શ્રી જયંતીભાઈને પૈસા જમા કરાવ્યા ને કહ્યું કે મારે ગાદલું-રેંટિયો લેવાના છે ત્યારે જયંતીભાઈએ કહ્યું કે ગાદલું-રેંટિયો મારા ઘરેથી લઈ જા અને દીવાળીએ ઘરે જા ત્યારે લઈ આવજે. ઘરે ગાદલું-રેંટિયો તારી પાસે છે, પછી ખર્ચ કરવાની જરૂર નથી. મને થયું કે આ સંસ્થાના માણસો વિદ્યાર્થીને કેવા આત્મીય ભાવથી રાખે છે!

ડોસનનાં બહેનોને ૩૫૦ કલાક એક વરસના કરવાના એમાં પણ પછી ગોઠવાઈ ગઈ. જાણીતા થયા પછી દવાખાનામાં દવા આપવાનું, પ્રવાસમાં આવ્યા હોય એને પીરસવાનું અને મહેમાનો આવ્યા હોય એને નાસ્તા-પાણીમાં મદદ કરવાની.

સંસ્થાની કમિટિ મળી, તેમાં બહેનોને હવે ચણિયો-ચોળીને ચૂંદડીનો ડ્રેસ પહેરવાનું નક્કી થયું. બધાં બહેનોને છાત્રાલયમાં ગૃહમાતાએ સૂચના આપી. હું લાઈબ્રેરીમાં વાંચતી હતી. ત્યાં મને બહેનો બોલાવવા આવ્યા. ચણિયા-ચોળી અને ચૂંદડી ડ્રેસમાં પહેરવાની સૂચના ગૃહમાતા આપવાનાં છે, એ સાંભળી હું તો લાયબ્રેરીમાં જ રોવા માંડી. મેં કહ્યું કે મારે ત્યાં આવવું નથી. મને થયું કે હવે તો ઘેર મોકલી દેશે પણ એવું ન બન્યું. ગૃહમાતાએ મને સવારે એના ઘરે બોલાવી કહ્યું, 'નંદુ, તારે ડ્રેસમાં શું પહેરવું છે?

ત્યારે મેં કહ્યું, પંજાબી ડ્રેસ પહેરવો છે. ગૃહમાતાએ હા પાડી ને હું તો કૂદતી નાચતી છાત્રાલયમાં આવી. મારા હરખનો પાર ન રહ્યો. એ વખતે સંસ્થાના ગુણ ગાવાના શબ્દો મારી પાસે ન હતાં. એ હું જીવનભર ભૂલી નથી.

શિક્ષકોને 'ભાઈ' સંબોધનથી બોલાવવાનું, 'સાહેબ' તો ક્યારેય નહીં કહેવાનું. એથી વિદ્યાર્થી-શિક્ષકનો ભેદ ન રહે. કૌટુંબિક ભાવનાથી રહેવાનું. નાસ્તો કરવો હોય તો અમે છૂટથી ગૃહપતિના ઘરે, શિક્ષકોના ઘરે જઈએ. ન હોય તો મમરા વઘારીને ખાઈ આવીએ. બીમાર હોઈએ તો શિક્ષકો, ગૃહપતિના ઘરેથી હળવો નાસ્તો આવે. જે થાય તે લાગણીથી થાય. ગૃહપતિ માથે હાથ ફેરવે એમાં અમારું અડધું દુઃખ તો ઓછું થઈ જાય.

દોડની હરીફાઈમાં હું પહેલો નંબર લેતી. શ્રી મનુભાઈ પંચોળીને અચાનક ક્યાંક જવાનો પ્રોગ્રામ થાય તો છાત્રાલયમાં બાગ  પાસે આવી મને કહે કે, 'નંદુ, તું કુમુદભાઈને કહી આવ કે આટલા વાગે તૈયાર થઈને રહે. મનુભાઈ ગાડી લઈને આવશે. ક્યારેક લક્ષ્મણભાઈને કહેવા જવાનું, નરસિંહભાઈ ડ્રાયવરને કહેવા જવાનું કહેતા. દોટ મૂકીને જ જાઉં. જમાવાનું લવાજમ ભરીએ એમાંથી વરસ આખરે પૈસા વધ્યા હોય તો એ પાછાં વિદ્યાર્થીને આપી દેવામાં આવે. એ પૈસાના અમે ઈશ્વરિયાનો ચેવડો અને સિહોરના પેંડા વેકેશનમાં ઘરે જઈએ ત્યારે લઈ જઈએ.

સંસ્થામાં ગૌશાળા ખરી એટલે સૌને ઘી, દૂધ, દહીં, છાશ મળે એટલે તંદુરસ્તી પણ સારી રહે. મારા લગ્ન પણ સંસ્થાના સંચાલક શ્રી મનુભાઈ પંચોળીના આંગણે સાદાઈથી સંસ્થાના પટાંગણમાં થયા. કન્યાદાન પણ એમણે જ આપ્યું.

ખરેખર સંસ્થાએ અમને એવી કૌટુંબિક લાગણીથી ઘરની જેમ જ રાખ્યાં છે, એ જિંદગીમાં ભૂલાય તેમ નથી.

આભાર......

આપની સ્નેહાધીન..

નયનાબહેન એમ. દલસાણિયા

**વારસો**

અમેરિકન અબજોપતિ હેન્રીફોર્ડે એક શહેરની હોટલના મેનેજર પાસે જઈ કહ્યુંઃ
'મારે એક રાત્રિ રોકાણ કરવા માટે એક રૂમ જોઈએ છે. ભાડુ કહો'
મેનેજર : 'સાહેબ,એક રાત્રિના ૧૦૦ ડોલર '
હેન્રીફોર્ડ : 'મારે તો સસ્તુ ભાડું હોય તો રોકાવું છે.'
મેનેજરે કહ્યું : 'સાહેબ, એવી હોટલ માટે તમારે બીજે જવું પડશે અહીં તો તમારે મોઘું પડશે. પરંતુ એક મિસ્ટર જુનિયર ફોર્ડ કરીને માણસ અહીં ઊતર્યા છે. તમે એમને ઓળખો છો ?'
હેન્રીફોર્ડ : ' હું એમને ઓળખું છું '
મેનેજર : 'સાહેબ, તો પછી તમને કેમ અહીં રહેવું મોઘું પડે છે ? '
હેન્રીફોર્ડ : 'મેનેજર સાહેબ, એમના પિતા એક સફળ અમેરિકન ઉદ્યોગપતિ છે જયારે મારા પિતા એક શ્રમિક ખેડૂત હતા એટલે.'

## ૦૩ શ્રી દિનેશભાઈ ઠાકરનું ઉપાસના સ્થાનક : નિસર્ગ નિકેતન

**પરિચય : પ્રવીણચંદ્ર ઠક્કર**

લોકભારતી ગ્રામવિદ્યાપીઠના તેજ, તપશ્ચર્યા અને તિતિક્ષાના ફલસ્વરૂપ છેલ્લાં ૬૯ વર્ષમાં અનેક વિદ્યાર્થીઓ નિષ્ઠા, નિસ્બત, નિર્ભયતા, શ્રદ્ધા અને સંવેદના સાથે સક્રિય રહ્યા છે. એ પૈકીના એક રત્ન છે દિનેશભાઈ ઠાકર. આ વર્ષે લોકભારતી આયોજિત સન્માન પ્રસંગે તેમને હાર્દિક અભિનંદન. દિનેશચંદ્ર મધુસૂદન ઠાકર(જન્મ તા.૧૮/૧૦/૧૯૪૯)નું મૂળ ગામ પાટણ જિલ્લાના શંખેશ્વર તાલુકાનું મુજપુર. ઉત્તર બુનિયાદી વિદ્યાલય, ગ્રામભારતી, અમરાપુરમાં માધ્યમિક શિક્ષણ મેળવી ૧૯૭૨માં લોકભારતીના સ્નાતક થયા. કૈલાસ આશ્રમ ઉત્તર બુનિયાદી વિદ્યાલય, રાજુપુરા, જિ. વડોદરામાં ચારેક વર્ષ તેમણે શિક્ષક તરીકે સેવાઓ આપી, ત્યારે વર્ગખંડની બહાર વિષય શિક્ષણને લઈ જઈ, સંસ્થાના પ્રાંગણ અને પાંડુમેવાસના નદીકોતર વિસ્તારમાં તેમણે ૨૫,૦૦૦ વૃક્ષોનાં ઉછેર-સંવર્ધન માટે અનન્ય યોગદાન આપ્યું. પ્રસિદ્ધ જૈનતીર્થ શંખેશ્વર ગામે સ્થિત ઉત્તર બુનિયાદી વિદ્યાલયમાં તેઓ ત્રીશેક વર્ષ આચાર્ય રહ્યા. આ સંસ્થાના પરિસર પર વિવિધ પ્રકારનાં ચાલીશેક હજાર વૃક્ષોનાં સંભારણાં તેમના નામ સાથે જોડાયેલાં છે. ત્યાં જળસંચય, નિદાનયજ્ઞ, દુષ્કાળ, અતિવૃષ્ટિ સમયે રાહત કાર્યોમાં તેઓ ખૂંપી ગયેલા.

તા.૩૧/૧૦/૨૦૦૭ તેમની નિવૃત્તિ તારીખ. એ પૂર્વે તેમણે સંકલ્પ કર્યો કે મારે વાનપ્રસ્થ અવસ્થામાં પરમાત્મા સર્જિત પંચમહાભૂત, વનસ્પતિ, પંખી, સરિસૃપ જેવી જીવસૃષ્ટિની ઉપાસના કરીને તેમ જ સમાજના છેલ્લા માણસને યત્કિંચિત સહાયરૂપ થઈને અનાસક્તભાવે જીવન જીવવું. આ ધ્યેયથી તેમણે સુવર્ણજયંતી વર્ષ નિમિત્તે ઈ.સ. ૧૯૯૯માં શંખેશ્વરથી બહુચરાજીની વચ્ચે ધનોરા ગામે નિસર્ગ સેવા ટ્રસ્ટની સ્થાપના કરી. તેઓ તેના મેનેજિંગ ટ્રસ્ટી છે, જ્યારે પ્રમુખ છે તેમનાં શિક્ષિકા પત્ની દેવિન્દ્રાબહેન. આ ગામે તેમણે ૩ એકર જમીનમાં પોતાની બચતના ૧૫ લાખ રૂપિયા અર્પણ કરીને સમગ્ર રાજ્યમાં બેનમૂન એવા નિસર્ગ નિકેતનનું નિર્માણ કર્યું છે.

વઢિયાર વિસ્તારની સૂકી, ખારાશવાળી જમીનને ૧૦૦થી વધુ પ્રકારનાં ૭૦૦૦ વૃક્ષો, ૬૦ ઔષધિઓ અને મધમાખી ઉછેર દ્વારા નવપલ્લવિત કરાઈ છે. આખું પરિસર રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓથી સંપૂર્ણપણે મુક્ત છે. ફૂલ-ફળ આપતાં સ્થિતપ્રજ્ઞ વૃક્ષો કે વનસ્પતિને તેમણે ક્યારેય કમાણી કે પર્યટનનાં કેન્દ્રો માન્યાં નથી. આ લીલીછમ વાડી છે હજારો પંખીઓ, સરિસૃપ માટેનું માનીતું, વ્હાલું આશ્રયસ્થાન.

અહીં નિર્ભીકપણે વસવાટ કરે છે ૪૦૦ મોર, ૫૦૦ કબૂતર, ૨૦૦ નટખટ પોપટ, ૧૦૦૦ હોલાં અને ગણ્યાં ગણાય નહીં એટલાં ટિટોડી, કાબર, દેવચકલી અને લક્કડખોદ. સાપ, કાચબા, નોળિયા કે વીંછી જેવા સરિસૃપ પણ અહીં આનંદ-ખુશીથી જીવે છે. દરેક પંખી, જીવ માટે દરરોજ ૬૦-૭૦ કિલો ચણ અને શુદ્ધ પાણીની વ્યવસ્થા છે. અહીં શાળા કે અન્ય સંસ્થાઓને ઉત્તમ પ્રકારના રોપાઓ વિનામૂલ્યે પૂરા પાડવા નર્સરી કાર્યરત છે.

દિનેશભાઈએ પોતાની સંવેદનાનું વિસ્તરણ કર્યું છે છેક કચ્છના નાના રણ સુધી. દુર્ગમ પરિસ્થિતિ વચ્ચે કામ કરતાં વ્યથાગ્રસ્ત ૧૫૦ અગરિયા પરિવારોને દર વર્ષે ચાર લાખની પ્રત્યક્ષ સહાય અપાય છે. અસહાય, વૃદ્ધ, વિધવાઓ માટે દર માસે ભોજનની વ્યવસ્થા છે.

દિનેશભાઈ અને દેવિન્દ્રાબહેન નિસર્ગ નિકેતનના દરેક છોડમાં રણછોડ નીરખતાં-નીરખતાં જીવસૃષ્ટિ સાથે એકાકાર થઈને આત્મીયતાનો દિવ્ય અનુભવ કરી રહ્યા છે.

અગ્નિપુરાણનો શ્લોક તેમને બરાબર કંઠસ્થ છે : 'જે વૃક્ષને વાવે છે, ઉછેરે છે અને પૂજે છે તે પરમગતિને પામે છે.' આ દંપતિ આ જન્મમાં જ તપ કરીને પરમગતિ જ નહીં આનંદગતિ, સાર્થકગતિનું વરદાન મેળવી લોકભારતીના પૂ. નાનાભાઈ, પૂ. મનુભાઈ અને ઈશ્વરના આશીર્વાદ પામ્યા છે. કુદરતના આ પરમધામની વિશેષ માહિતી માટે સંપર્કસૂત્ર : ૯૦૯૯૦૧૦૭૭૧/૨.

(૨૦૨, ઓર્કિડ, તસ્કીન સોસાયટી, શુકલનગર ચાર રસ્તા, સમા, વડોદરા–૩૯૦૦૦૨, મો. ૯૪૨૬૪૬૧૦૯૦)

### પ્રતિભાવ

અમારી સંસ્થા નિસર્ગ સેવા ટ્રસ્ટના માધ્યમથી પ્રકૃતિ અને પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓ માટે સાક્ષીભાવે પ્રયોજાયેલા સત્કાર્યો માટે મને આજ સુધી ગુજરાત સરકારના ગૌરવ પુરસ્કાર સહિત ૧૨ ઍવૉર્ડ પ્રાપ્ત થયા છે, પણ મારે મન આ સૌમાં શિરમોર છે ગ્રામભારતી અમરાપુર અને કર્મ, જ્ઞાન, યોગ અને ભક્તિનો સમન્વય સાધતી મારી માતૃસંસ્થા લોકભારતી ગ્રામવિદ્યાપીઠ દ્વારા પ્રાપ્ત સન્માન. તે માટે સંસ્થાના સૌ માનનીય નિર્ણાયકોનો આભાર. આજે આપણા શ્રદ્ધેય સારસ્વત મનુભાઈ પંચોળી–દર્શકની પુણ્યતિથિ છે. તેમને મારા વંદન.

હું સભાન છું કે આ સન્માન દેહધારી દિનેશભાઈનું નથી પણ ગ્રામભારતી અને લોકભારતી સંસ્થાના મૂલ્યવાન પ્રદાનનું ઋણ અદા કરવાના ઉદ્દેશથી નિવૃત્તિ પછી સર્જાયેલા નિસર્ગ નિકેતનના પ્રતિનિધિને પોંખવામાં આવી રહ્યો છે. મારે મન નિવૃત્તિ એટલે વ્યક્તિગત પ્રવૃત્તિના મર્યાદિત વર્તુળમાંથી બહાર નીકળી વ્યાપક જીવસૃષ્ટિ, પંખીઓ, સરિસૃપ અને છેવાડાના માણસ માટે અનાસક્તભાવે ઉત્કૃષ્ટ પ્રવૃત્તિ તરફ પ્રયાણ. આજે સમય મર્યાદામાં મારે કોઈ વિશેષ વાત કરવી નથી પણ મારો કૃતજ્ઞભાવ વ્યક્ત કરવો છે.

હું આભારી છું ...

૧. સૌ પ્રથમ હું આભારી છું લોકભારતીના પૂર્વનિયામક અને મારા આધ્યાત્મિક ગુરુ કુમુદભાઈ ઠાકરનો. લોકભારતીમાં અભ્યાસ કરવા માટે તેઓ જ મારા પિતાશ્રીના પ્રેરણાદાતા. તેમણે મને ગીતાજીના મંત્રની દીક્ષા આપેલી. સમત્વમ્ યોગઃ ઉચ્યતે.. અને આ મંત્રનું દૃઢીકરણ કરવા કેદારનાથજીનું એક પુસ્તક 'વિવેક અને સાધના' સૂચવેલું. આ મંત્રને પરિણામે વ્યક્તિગત અને સંસ્થાકીય જીવનમાં મને સમતા-સમરસતાથી પ્રવૃત્ત રહેવાની અખંડ ઊર્જા મળી. પરિણામે હું સફળ સંચાલનની સિદ્ધિને પામી શક્યો.

૨. લોકભારતીમાં ૧૯૬૮થી ૭૨ મને ઉચ્ચશિક્ષણ મેળવવાની તક મળી. બે વર્ષ રૂરલ ઇન્સ્ટિટ્યૂટમાં અભ્યાસ સંપન્ન કરી ડિપ્લોમા મેળવ્યો. ત્યાર પછીનાં બે વર્ષમાં કૃષિસ્નાતકની પદવી પ્રાપ્ત કરી. મારી પાસે શિક્ષણમૂડી રૂપિયા ૫૦૦ પણ ગૌશાળા સફાઈ, દૂધવિતરણ, પાણીવ્યવસ્થા, ગ્રાહકભંડાર સંચાલન કે ફોટોગ્રાફી જેવી પ્રવૃત્તિઓમાં વાર્ષિક ૪૦૦ કલાક શ્રમકાર્ય કરીને હું મારી લવાજમની વ્યવસ્થા કરી લેતો હતો. વેકેશનમાં પણ મારું ઘર લોકભારતી. લોકભારતી એટલે મારા ઘડતરનો સુવર્ણકાળ. લોકભારતીના અભ્યાસકાળ દરમિયાન સજીવસૃષ્ટિને પરિશુદ્ધ પ્રેમ કરી પરમ પ્રસન્નતા પામી શકાય એવા પાઠનાં બીજારોપણ કરવા માટે મારા સૌ ગુરુજનો અને સવિશેષ મારા મુખ્ય વિષય બાગાયત-વનસ્પતિશાસ્ત્રના અધ્યાપક આદરણીય પ્રવીણભાઈ મશરૂવાલા-બાબા અને ઈસ્માઈલ દાદાનો હું આભારી છું.

૩. મારી કિશોરાવસ્થામાં ધોરણ ૭થી ૧૧ના અભ્યાસ સમયે ગાંધીવિચારના સંસ્કારસિંચન કરનાર પૂ. મોતીભાઈ ચૌધરી, ઈશ્વરભાઈ પટેલ અને સૌ શિક્ષકોનો હું ઋણી છું.

૪. વૃક્ષઉછેર, સંવર્ધન, પંખીઓને પાણી-ચણ તેમ જ અગરિયા પરિવારના સંવેદનામૂલક કાર્યક્રમો માટે અત્યાર સુધીમાં એક કરોડથી વધુ રકમનો સહયોગ પ્રાપ્ત થયો છે.

સૌ માનવ અને જીવસેવા પ્રેમને વરેલા મિત્રો, શુભેચ્છકો, ટ્રસ્ટો અને દાતાઓનો આભાર.

૫. મારી યાત્રાના પોષક-પૂરક રહ્યા છે, પછાતપ્રદેશની દીકરીઓનાં ઘડતર, શિક્ષણ, સત્સાહિત્ય અને સંગીત સાધક સહચરી દેવિન્દ્રાબહેન.

આપણા આ નિસર્ગ નિકેતનને જાણવા, માણવા, અનુભવવા અને પ્રોત્સાહન-માર્ગદર્શન આપવા આપ સૌને અતિથિ થવા અમારું ભાવસભર નિમંત્રણ છે. અંતમાં 'દર્શક'ના શબ્દોથી મારી વાતને વિરામ આપું છું :

ફૂલડાં તો સૌ ખિલવે
વિરલાઓ રણ ખિલવે

દિનેશચંદ્ર ઠાકર
તા. ૨૯/૮/૨૦૨૨

**આયોજન**

મહાન વૈજ્ઞાનિક થોમસ આલ્વા એડિસને એક હજાર ઉપરાંત શોધ કરી છે.

જીવનભર કાર્યરત રહ્યા હતા અનેક કામો તેઓ કરતા રહેતા. એક વાર એક પત્રકાર પરિષદ યોજાઈ ત્યારે એડિસનને પત્રકારે સવાલ કર્યોઃ

'અનેક કામોમાં સતત કાર્યરત રહેવા છતાં તમે એકેય કામ ભૂલી જતા નથી. બધા જ કામો તમને યાદ રહે છે કઈ રીતે ? '

થોમસ આલ્વા એડિસને જવાબમાં કહ્યુંઃ 'મિત્ર, જયારે હું પથારીમાં સૂઈ જાઉં છું એ પહેલાં આવતી કાલે કરવાનાં કાર્યોની યાદી કાગળ ઉપર નોંધી લઉં છું અને જે કરવાના કામો હોય તે કેટલાં સમયમાં કરવાના છે એની નોંધ પણ ટપકાવી લઉં અને પછી બીજા દિવસે થાય એટલો પરિશ્રમ એ કામો સારી રીતે પૂરાં કરવામાં નિમગ્ન થઈ જાઉં છું. '

પત્રકાર જવાબ સાંભળી વિસ્મય પામ્યો. ત્યાં ફરી થોમસ આલ્વા એડિસને કહ્યુંઃ

'આ રીતે કરવાના કામોની યાદી હોય, એની સામે નિર્ધારિત સમય ફાળવી દેવાથી દરેક કામ સારી રીતે થઈ શકે. આ રીતે પ્લાનિંગ પ્રમાણે ન ચાલીએ તો સમય વેડફાય જાય.'

એ સમયને વફાદાર હતા,પળેપળ કાર્યરત રહેતા,એક દિવસ એડિસનના એક મિત્ર એમના પુત્રનો જન્મદિવસ હોવાથી પુત્રને લઈને આ મહાન માણસના આર્શીવાદ લેવા આવે છે ત્યારે એડિસને આર્શીવાદમાં કાગળમાં લખી આપ્યુંઃ

'બેટા,તું કદી પણ ઘડિયાળ સામું જોઈશ નહીં.
તારા કર્મયોગને જ ઈશ્વર માનીશ એવું વચન લે.'

## ૦૪ શ્રી માધુભાઈ નાંદરિયા

**પરિચય : મનસુખપરી ગોસાંઈ**

માધુભાઈ ભીખાભાઈ નાંદરિયાએ ભાવનગર(હાલ બોટાદ) જિલ્લાના ગઢડા(સ્વા.) તાલુકાના સુરકા ગામમાં એક નાના એવા ગરીબ કુટુંબમાં તા.૧૧-૫-૧૯૫૨ના રોજ સ્વ. જડીબેન ભીખાભાઈ નાંદરિયાની કૂખે જન્મ લીધો. તેમના અભ્યાસમાં પ્રાથમિક શિક્ષણ સુરકા મુકામે એક ઓરડો અને એક શિક્ષકવાળી શાળામાં ધોરણ-૧થી ૪ પૂરું કર્યું. તેમણે ૫થી ૧૦ ધોરણ સુધી બાજુમાં આવેલા ઉગામેડી ગામે છ વર્ષ અભ્યાસ કર્યો. તેમના અભ્યાસકાળ દરમ્યાન ખૂબ જ હોશિયાર એટલે તે દરેક શાળાના શિક્ષકોના પ્રિય પાત્ર બન્યા. તેમણે ધોરણ-૧૧નો અભ્યાસ શ્રી એમ.એમ. હાઈસ્કૂલ-ગઢડામાં કર્યો. પરિણામ આવ્યા બાદ બોટાદની બોટાદકર કૉલેજમાં પ્રવેશ માટે તૈયારી કરી. તે અરસામાં આ જ ગામના બ્રાહ્મણ કુટુંબના રાવળભાઈ લોકભારતી-સણોસરામાં અભ્યાસ કરતા હતા. તેમણે અભ્યાસ માટે ત્યાં આવવા દરખાસ્ત કરી. પણ તેમને રહેવા-જમવાની ફી ભરવામાં પણ મુશ્કેલી હતી એટલે થોડો વિચાર માંડી વાળેલો. પરંતુ, છેલ્લે તેમનાં માતુશ્રીએ તેને હિંમત આપી, નાણાંની વ્યવસ્થા ગમે ત્યાંથી કરીને લોકભારતી-સણોસરા અભ્યાસ માટેની તક આપી અને ત્યાં પ્રવેશ મેળવી અને તેમણે પોતાનો અભ્યાસ શરૂ કર્યો. તેમણે પોતાના અભ્યાસ દરમ્યાન લોકભારતીમાં ઉજવાયેલા ભાઈ-બહેનના પ્રવિત્ર પ્રેમનો તહેવાર એટલે ‘રક્ષાબંધન’, આ કાર્યક્રમની તેમના પર બહુ મોટી અસર પડી અને તે રક્ષાબંધન કાર્યક્રમથી ખૂબ જ પ્રભાવિત થયા અને તેમણે પોતાના વતનમાં આવેલી અનેક હાઈસ્કૂલોમાં આ કાર્યક્રમ ઉજવવા માટેના પ્રયત્નો કર્યા. આચાર્યો સાથે મુલાકાત કરી આ પર્વ શાળામાં ઉજવવા અંગેનું સૂચન કર્યું અને અમલ પણ થયો.

લોકભારતીમાં ચાર વર્ષના અભ્યાસકાળ દરમ્યાન અને વેકેશનના દિવસોમાં પણ લોકભારતીનાં સંમેલનોમાં જઈને જીવનમાં ઘણું બધું જ્ઞાન મેળવ્યું. સ્નાતક બાદ તેમને આગળ અભ્યાસમાં બી.એડ્. કરવાની ઇચ્છા થઈ અને તેમનો ખાસ વિષય અંગ્રેજી હતો એટલે બી.એડ્.માં અંગ્રેજી મેથડ રાખવાની ઇચ્છા હતી. તે અરસામાં લોકભારતીમાં અંગ્રેજી મેથડ આપવામાં આવતી ન હતી. એટલે તેમણે સ્વ.પૂ. મનુદાદાને મળીને વિનંતી સાથે ખૂબ આગ્રહ કર્યો. ત્યારથી લોકભારતીમાં બી.એડ્. વિભાગમાં કાયમી અંગ્રેજી મેથડની ભેટ મળી. બી.એડ્. થયા પછી નોકરી કરવાની તેમની ઇચ્છા હતી. તેમાં તે સમયે તેમના મિત્ર મનસુખપરી ગોસાંઈ સર્વોદય આશ્રમશાળા-ઓતારિયામાં ગૃહપતિ તરીકે ફરજ બજાવતા હતા અને તેમને પણ બી.એડ્. કરવાની ઇચ્છા હતી, એટલે તેમણે ઈ.સ.૧૯૭૭માં સર્વોદય આશ્રમ-ઓતારિયામાં છાત્રાલય-ગૃહપતિની જવાબદારી માધુભાઈને સોંપી. ત્યાર બાદ છ-સાત મહિના પછી મહેસાણા જિલ્લાના કલોલ તાલુકાના નારદીપુર ગામે કન્યા વિદ્યાલયમાં અંગ્રેજી શિક્ષકની જરૂરિયાતની જાહેરાત આવી તેમાં, અરજી કરી-ઇન્ટરવ્યૂમાં તેમને બોલાવવામાં આવ્યા. ત્યાં ઇન્ટરવ્યૂમાં માધુભાઈની લોકભારતી અભ્યાસની વિગત મેળવી અને ખાદીનો પહેરવેશ જોતા જ તરત જ નોકરી માટેનો ઑર્ડર આપવાનો નિર્ણય કરવામાં આવ્યો. ત્યાં તેમણે અઢી વર્ષ નોકરી કરી, ત્યાર પછી પાલીતાણા તાલુકાની લોકવિદ્યાલય-વાળુકડ સંસ્થાના નિયામક મા.શ્રી નાનુભાઈ શિરોયાએ માધુભાઈના ઘરેથી નારદીપુરનું સરનામું મેળવી તેમને લેવા માટે ત્યાં ગયા. કારણ કે લોકભારતીના છેલ્લા વર્ષમાં શિક્ષણ નિવાસમાં માધુભાઈએ બે માસ વાળુકડ કામ કરેલું, તે પછી

૧૭ વર્ષ લોકવિદ્યાલય-વાળુકડમાં મુ.શ્રી નાનુભાઈ શિરોયા સાથે રહી શિક્ષણ સાથે અનેક સમાજ સેવાના કાર્યો કર્યાં.

૧૯૯૧માં વતનનો સાદ પડ્યો. ગઢડા તાલુકાનાં ૭૬ ગામોમાંથી તે વખતે માત્ર ૭ ગામોમાં માધ્યમિક શાળાઓ હતી. બાકીનાં ૬૯ ગામડાંઓમાં માત્ર ૧થી ૪ ધોરણ કે ૧થી ૭ ધોરણની પ્રાથમિક શાળાઓ હતી. વળી ગઢડા-બોટાદ તાલુકામાં ૮૦ ટકા વસતી બક્ષીપંચ જ્ઞાતિની હતી. જેમાં તે વખતે આ વિસ્તારમાં શિક્ષણનો બિલકુલ અભાવ હતો. લોકભારતી-સણોસરામાં શ્રી માધુભાઈ સાથે અભ્યાસ કરતા સહાધ્યાયી ભાઈશ્રી ગૌતમભાઈ જે આજે પણ સમાજસેવાના, ખેડૂતોના અનેક કાર્યક્રમોમાં રસ લઈ રહ્યા છે, તેમની ઇચ્છા પણ પોતાના તાલુકામાં એક સારું શૈક્ષણિક સંકુલ ઊભું કરવાની હતી. તેના પરિણામે ૧૯૯૧માં સરકાર સામે લડત આપી ટાટમ ગામમાં શરૂ થયેલી સરકારી શાળા બંધ કરાવી, ભાગીરથી ઉ.બુ.વિદ્યાલય-ટાટમની સ્થાપના કરવામાં આવી. માત્ર ૨૩ બાળકો(૨૦ ભાઈઓ-૩ બહેનો)થી શરૂઆત કરી. આજે ધોરણ-૯થી ૧૨ ધોરણમાં ૭૦૦ જેટલાં બાળકો શિક્ષણ સાથે જીવનઘડતરની તાલીમ લઈ રહ્યા છે. હજારો નવયુવાનો જે આ શાળામાં અભ્યાસ કરી આગળ વધ્યા છે. તેઓ સરકારી—અર્ધસરકારી નોકરીમાં કામ કરી રહ્યા છે. કેટલાય સ્વાવલંબી બની પોતાના વ્યવસાયો પણ શરૂ કર્યા છે.

તે વિસ્તારમાં ભાગીરથી શાળાની એક વિશેષતા જેની દેણગી લોકભારતી માતૃસંસ્થામાંથી મળી અને નઈ તાલીમનો જે પાયો છે તેને કારણે સમાજમાં વિશેષ રીતે સંસ્થાની ઓળખ ઊભી થઈ છે. સમાજ સાથેના અનુબંધના અનેક કાર્યક્રમો ભાગીરથી સંસ્થા દ્વારા છેલ્લાં ૩૦ વર્ષમાં કરવામાં આવ્યા છે. પર્યાવરણની જાળવણી, આસપાસનાં ૧૦ ગામોમાં મંદિરો, સ્મશાનભૂમિ ઉપર વૃક્ષો રોપી-ઉછેરવાનું કામ મહિલાઓ અને યુવાનો દ્વારા કરવામાં આવ્યું છે. પાણી બચાવવાના કાર્યક્રમોમાં વરસાદના પાણીને સંગ્રહવા ૫૦૦ જેટલા ભૂગર્ભ ટાંકા લાભાર્થીઓ દ્વારા બનાવવામાં આવ્યા છે. આ કાર્યક્રમોમાં સંસ્થા દ્વારા સબસીડી અપાવવામાં મદદ કરી છે.

ગઢડા-બોટાદ વિસ્તારની મહિલાઓની જાગૃતિ અને સંગઠન—સશક્તીકરણ માટે ૫૦ ગામડાંઓમાં મહિલા બચતમંડળો શરૂ કરવામાં આવ્યાં છે. ગુજરાતની આનંદી જેવી ઘણી સંસ્થાઓ સાથે જોડાઈ, તે ક્ષેત્રમાં ખૂબ જ કામ કર્યું. મુંબઈની તાતા ટ્રસ્ટની આર્થિક મદદ પાંચ વર્ષ માટે આ કાર્યક્રમ માટે મળેલી. પછી સંસ્થા દ્વારા પોતાની રીતે આ કાર્યક્રમ આગળ વધાર્યો. સાથે શાહુકારોનાં પંજામાંથી બહેનોની જમીન-મિલકત છોડાવવામાં ખૂબ જ મદદ કરી છે. ગામડાંઓમાં યુવામંડળો દ્વારા પણ ગ્રામવિકાસનાં અનેક કાર્યો કરવામાં આવ્યાં છે. સ્વચ્છતાના ભાગરૂપે મહિલામંડળો દ્વારા જુદાં-જુદાં ૫૦ ગામોમાં ૧૦૦૦ જેટલાં જાજરુ-બાથરૂમ યુનિટનું નિર્માણ કર્યું છે, જેનું બાંધકામ મહિલાઓને કડિયાકામની તાલીમ આપી તેમના દ્વારા કરવામાં આવ્યું છે. સમાજ સાથેના અનુબંધનાં છેલ્લાં ૩૦ વર્ષમાં, દુષ્કાળનાં સમયે ઢોરવાડા, ખેત તલાવડિઓ, છાશ કેન્દ્રો, નેત્ર નિદાન કેમ્પ, નિદાન-સારવાર કેમ્પ, ગામ સફાઈ, બ્લડ ડોનેશન કેમ્પ જેવા અનેક કાર્યક્રમો કરવામાં આવ્યા છે. તેઓ નોકરી પરથી નિવૃત્ત થયાને ૧૨ વર્ષ થવા આવ્યાં છે, તો પણ તેમની મહેનત અવિરત ચાલુ છે. શાળાનાં બાળકો, શિક્ષકો અને કર્મચારીઓ સાથે સંકલન કરી અનેક કાર્યક્રમોનું આયોજન પણ કરે છે. સંસ્થાનાં વિકાસમાં, બાળકોના ઘડતર પાછળ તેઓ સવારથી લઈ સાંજ સુધી મહેતન કર્યા કરે છે. પાંચાળની કઠણ ધરતીમાંથી લોકભારતી આવી શિક્ષા લઈ પલાંઠી વાળી માધુભાઈ બેસી ગયા, ૪૫ વર્ષે લોકભારતીએ રતનને શોધી કાઢ્યું, ખૂબ જ આનંદ થયો. ભાગીરથી શાળા ગામમાં એક ખેડૂત પરિવારના ડેલામાં શાળા શરૂ કરી ત્યારે આજુબાજુના ખંધા રાજકારણીઓએ અનેક ખલેલ પહોંચાડી. પણ સૌ સામે

ઝઝૂમ્યા અને આવડું મોટું વટવૃક્ષ બની ગયું. આ ડુંગરમાં માધુભાઈનાં ધર્મપત્ની અને તેના સમગ્ર પરિવારના ભોગ અને તપ મોટા રહ્યા છે. તેમજ ગઢડા અને બોટાદ વિસ્તારમાં સ્વચ્છતા, પ્રૌઢશિક્ષણ, વૃક્ષારોપણ, વ્યસન છોડાવવા માધુભાઈએ અથાગ પ્રયત્નો કર્યા છે. પોતોના સ્વાથ્યની ચિંતા કર્યા વગર માધુભાઈએ પોતાની ક્ષણે ક્ષણનો ઉપયોગ કર્યો છે. જેના અમે સૌ મિત્રો સાક્ષી છીએ. સાથે ગ્રાન્ટ, ભરતી અને સરકારના અટપટા નિયમો વચ્ચે માધુભાઈએ આ પાંચાળ પ્રદેશને જીવતો રાખ્યો છે. માધુભાઈ ઉપર લોકભારતીના આશીર્વાદ છે. વડીલોની કૃપા છે.

**પ્રતિભાવ**

પ્રેરણામૂર્તિ 'મા' લોકભારતી

મારી જન્મદાતા મા બિલકુલ અભણ, એકડોય આવડે નહીં, તેના તરફથી ઉછેરની પ્રક્રિયા સારા સંસ્કારો આપવામાં થઈ. પરંતુ લોકભારતીનાં પાંચ વર્ષના અભ્યાસકાળમાં સમાજનું ઋણ ચૂકવવાના ઉમદા પાઠનું સાચું શિક્ષણ આ સમયમાં મળ્યું. તમે સમાજની મદદથી આગળ આવો છો. તમને ભણાવવા માટે ચોક્કસ તમારો પરિવાર મહેનત કરે છે. પરંતુ સરકાર પાસેથી જે સહયોગ મળે છે, તે તો સમાજનો સહયોગ છે. વ્યક્તિ જે કંઈ બને છે તે સમાજના ભોગે બને છે. વ્યક્તિની પવિત્ર ફરજ સમાજનું ઋણ ચૂકવવાનું છે. આ વાત મનમાં દઢ રીતે ઉતારવાનું કામ મારી માતૃસંસ્થા લોકભારતીનું અને તેના સમગ્ર પરિવારનું છે. તેના જ પરિણામસ્વરૂપ 'ભાગીરથી'નું નવું સોપાન શરૂ કરવાનો વિચાર આવ્યો. નેતૃત્વના ગુણનો વિકાસ પણ આ ગાળા દરમ્યાન જ થયો. ૧૯૭૫ના વિદ્યાર્થીઓ માટે વિશેષ કંઈ મહત્ત્વની જવાબદારી ઉઠાવવાની હોય, કોઈ મહત્ત્વનું કાર્ય કરવાનું હોય તો આ છાત્રો ઉપર વિશેષ જવાબદારી સોંપવામાં આવતી. જેમાંથી જ નેતૃત્વના ગુણોનો વિકાસ થયો અને કાર્ય સારી રીતે પૂર્ણ કરવાનો વિશ્વાસ ઊભો થયો.

પરિવારની આર્થિક પરિસ્થિતિની નબળાઈને કારણે અને પૂ. પિતાશ્રીની પહેલેથી ગેરહાજરીને કારણે સ્વાવલંબનની શક્તિ દઢ રીતે મજબૂત થઈ ગઈ હતી. ભાગીરથીના વિકાસમાં પણ આ વાતે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

જીવનમાં નિષ્ઠા, વફાદારી, પ્રામાણિકતા, સત્ય-પાલન વગેરે બાબતોનું દઢીકરણ લોકભારતીના અભ્યાસકાળમાં થયું છે. જેને જીવનની સફળતા ગણી શકાય.

આજે સ્વ.પૂ. દાદાની પૂણ્યતિથિને દિવસે મારા જેવા વ્યક્તિનું વિશેષ સન્માન થાય છે. જે મારી જાતને હું અહોભાગ્ય સમજુ છું. સાથે લોકભારતી પરિવારનો હાર્દિક આભાર માનુ છું. મારાં જીવનસાથી નિર્મળાદેવીએ પણ ખભેખભો મિલાવી મારી સાથે કામ કર્યું છે જેના માટે આનંદ વ્યક્ત કરું છું. આપ સૌને પ્રણામ...

- માધુભાઈ ભીખાભાઈ નાંદરિયા

**અતિત અને ભાવિ**

ભગિની નિવેદિતાને એક પત્રકારે પૂછ્યું:
'રામકૃષ્ણ અને વિવેકાનંદમાં ફરક શું છે?'
ભગિની નિવેદિતાનો જવાબ:
'ભૂતકાળમાં પાંચ હજાર વર્ષોમાં ભારતે જે કંઈ પણ વિચાર્યું. ચિંતન કર્યું એના જ પ્રતીક છે રામકૃષ્ણ અને આગામી દોઢ હજાર વર્ષોમાં ભારત જે કંઈ વિચારશે, ચિંતન કરશે એના પ્રતિનિધિ છે સ્વામી વિવેકાનંદ.'

## ૦૫ શ્રી ફાધર થોમસનું જીવન કૌશલ

**પરિચય : વેલિંગ્ટન પટેલ**

---

૨૨મી ઓક્ટોબર ૧૯૭૨માં કેરળ રાજ્યના, કોટેયમ જિલ્લાના એક ખેડૂતપરિવારમાં ફાધર થોમસનો જન્મ થયો. ત્રણ ભાઈઓ અને ચાર બહેનોમાં ફાધર સૌથી નાના હતા. સંસ્કાર, પરિશ્રમ અને પારિવારિક પ્રેમ વચ્ચે તેઓનો ઉછેર થયો. પરિવારમાં બાળકોનાં ઉછેર અને શિક્ષણને પ્રાધાન્ય આપવામાં આવતું હતું.

ફાધર થોમસનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ અંગ્રેજી માધ્યમમાં હતું. તેઓ માત્ર ૧૫ વર્ષની વયે સામાજિક અને ધાર્મિક સેવા માટે કેથોલિક સંસ્થામાં જોડાયા. ૧૯૯૩માં સંન્યાસની દીક્ષા પ્રાપ્ત કરવા, અભ્યાસ શરૂ કરી, પોતાનું સમગ્ર જીવન સામાજિક સેવાકાર્યે સમર્પિત કરી દીધું. સાથેસાથે તેમણે પોતાનું અભ્યાસકાર્ય પણ શરૂ રાખ્યું, વર્ષ ૧૯૯૫માં તત્ત્વજ્ઞાન સાથે મહારાષ્ટ્રના વર્ધા ખાતે સ્નાતકની પદવી પ્રાપ્ત કરી.

શિક્ષણ પ્રત્યેની વિશેષ રુચિને કારણે વર્ષ ૧૯૯૫માં લોકભારતી સંસ્થામાં બેચરલ ઓફ રૂરલ સ્ટડીઝના અભ્યાસ અર્થે જોડાઈને સંસ્થાની કેળવણી, શિસ્ત અને પ્રાકૃતિક સૌંદર્ય વચ્ચે તેઓએ અભ્યાસકાર્ય શરૂ કર્યું. તેઓના અભ્યાસ કાર્યકાળમાં નિયામક શ્રી અરુણભાઈ દવે, ઉપનિયામક શ્રી પ્રવીણભાઈ ઠક્કર અને આચાર્ય શ્રી સલ્લાભાઈએ ડગલેને પગલે યોગ્ય માર્ગદર્શક રહીને સતત દિશાસૂચન કરતા રહ્યા. તે સમયના ગૃહપતિ ઝાલાબાપુએ વિશેષ સંભાળ રાખી હતી. આ સંસ્થાના હૂંફભર્યા વાતાવરણમાં વર્ષ ૧૯૯૮માં બેચરલ ઓફ રૂરલ સ્ટડીઝનો અભ્યાસ પૂર્ણ કર્યો.

જ્ઞાન, વિદ્યા અને શિક્ષણના આશીર્વાદ સાથે લોકભારતી સંસ્થા સણોસરામાં અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તેઓ બેંગ્લોરમાં દેવશાસ્ત્ર (ધર્મશાસ્ત્ર)માં અનુસ્નાતક થયા.

ફાધર થોમસ ૧૫ વર્ષની ઉંમરે જે સંસ્થામાં ધર્મ અને સમાજસેવા માટે જોડાયા હતા તેમાં તેઓએ ડિસેમ્બર ૨૦૦૨માં પુરોહિતની દીક્ષા પ્રાપ્ત કરીને પોતાનું આખું જીવન ઈશ્વરને સમર્પિત કર્યું. ત્યારથી તેમણે અલગ-અલગ ક્રિશ્ચિયન(ખ્રિસ્તી) સંસ્થાઓમાં શિક્ષણ અને પુરોહિત સેવાનું કાર્ય શરૂ કર્યું . વર્ષ ૨૦૦૩ જાન્યુઆરીથી તેઓએ પોરબંદર મુકામે આવેલી સેન્ટ જોસેફ સ્કૂલમાં આચાર્ય તરીકે અને ચર્ચમાં પુરોહિતની સેવા શરૂ કરી. આ સમયમાં તેમણે પોરબંદરની આસપાસનાં ત્રણ ગામમાં બાલમંદિર, પ્રૌઢ શિક્ષણ, વિધવા, ત્યકતા અને ગરીબ બહેનો માટે સીવણ ક્લાસ અને જનઆરોગ્ય માટે ગામમાં મેડિકલ સેવા વગેરે અનેક સહાયક કાર્યો શરૂ કર્યાં જે આજે પણ કાર્યરત છે.

વર્ષ ૨૦૦૫થી ૨૦૧૧ સુધી તેઓ ભાવનગર શહેરની સેન્ટ મેરીઝ ઇંગ્લિશ સ્કૂલમાં આચાર્ય તરીકે નિયુક્ત થયા અને તે સાથે જ તેઓએ સેન્ટ મેરીઝ ઇંગ્લિશ સ્કૂલના કેમ્પસ ડિરેક્ટરની જવાબદારી ખૂબ જ ખંતથી નિભાવી. તેમના સર્જનાત્મક સ્વભાવવશ તેઓ હંમેશાં નવું કાર્ય કરવાની જિજ્ઞાસા ધરાવતા અને તેના ભાગ રૂપે તેમણે વર્ષ ૨૦૦૮માં આ કેમ્પસમાં C.B.S.C. સ્કૂલની શરૂઆત કરી. આજે તેમણે શરૂ કરેલી આ સ્કૂલ એક નાના બીજમાંથી મોટું વટવૃક્ષ બન્યું છે. તેની છાયામાં નિરંતર શિક્ષણકાર્ય શરૂ છે.

વર્ષ ૨૦૧૧માં તેઓ જૂનાગઢ શહેરમાં આવેલી સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં આચાર્ય તરીકે અને કેમ્પસ ડાયરેક્ટર તરીકે નિયુક્ત થયા. ત્યાં પણ તેમણે પોતાની દીર્ઘ દષ્ટિથી નવતર પ્રયોગો અપનાવીને શિક્ષણ કાર્યને પ્રજ્જ્વલિત કર્યું. શિક્ષણ પ્રત્યે નૂતન પરિવર્તનો લાવવાની તેમની વૃત્તિને કારણે I.C.S.E. સ્કૂલનો પાયો નાંખ્યો અને તેમાં તેમણે આચાર્ય તરીકેના પથદર્શનનું કાર્ય પૂરેપૂરી જવાબદારી અને ખંતપૂર્વક નિભાવ્યું. આજે આ સંસ્થા એક ગઢસમાન સ્થાન ધરાવે છે.

વર્ષ ૨૦૧૭માં તેઓએ પાલિતાણા મુકામે, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં આચાર્ય તરીકેનું પદ સંભાળ્યું અને ચર્ચમાં પુરોહિત તરીકેની સેવા આપી. વર્ષ ૨૦૨૨ સુધી તેઓએ ત્યાં અવિરતપણે પોતાનું ભગીરથ કાર્ય કર્યું. આ સમયમાં સમગ્ર દેશ અને દુનિયામાં ફેલાયેલ કોરોના જેવી મહામારીમાં પણ તેઓએ તે વિસ્તારમાં સામાજિક સેવા તથા શિક્ષણ કાર્યને અલગ-અલગ માધ્યમો દ્વારા ચાલુ રાખ્યું.

હાલ વર્ષ ૨૦૨૨માં તેઓ ક્રાઇસ્ટ હાઇસ્કૂલ ભાવનગર ખાતે આચાર્ય તરીકે અને ચર્ચમાં પુરોહિત તરીકેની સેવાઓ આપી રહ્યા છે. લગભગ બે દાયકાની તેમની સફર દ્વારા, શિક્ષણજીવ તરીકેનું તેમનું વ્યક્તિત્વ આપણને નજરે ચડે છે.

તેઓના વિચારો, દષ્ટિકોણ અને સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી અદા કરવાની વૃત્તિ સહજ રીતે દેખાઈ આવે છે. તેઓ જે પણ સંસ્થામાં ગયા ત્યાં તેમણે સંસ્થાને બાળકો માટે અત્યંત રળિયામણી બનાવી અને અનેક રમતો રમી શકાય માટે મેદાનો તૈયાર કર્યાં છે. સાથે જ પોતાની આજુબાજુની જગ્યાઓમાં ખેતીને વિશેષ વિકસાવી. જેમાં શાકભાજી, ફળ અને ફૂલોનો ઉછેર તથા પશુપાલનમાં પણ સારો એવો ફાળો આપ્યો છે. લોકભારતી સંસ્થાનું પ્રતિબિંબ તેમનાં આ કાર્યોમાં જોવા મળે છે. ખૂબ જ આત્મવિશ્વાસથી ભરપૂર અને ઉત્તમ આગેવાન(લીડરશીપ)ના ગુણ તેઓ ધરાવે છે. શાંત અને પ્રેમાળ સ્વભાવ તેમના વ્યક્તિત્વની આગવી ઓળખ છે. ચહેરા ઉપર એક અવિરત સ્મિત વહેતું જોવા મળે છે. તેઓએ જે સંસ્થામાં કાર્ય કર્યું છે ત્યાં બધાને સાથે રાખીને પરિવારના વડીલ તરીકે જવાબદારી અદા કરી છે. તેમના વ્યક્તિત્વની વાત કરીએ તો શિસ્તબદ્ધ આચાર્ય તરીકે, કર્મનિષ્ઠ શિક્ષક તરીકે, બાળકોના ગુરુ તરીકે અને સમાજના પુરોહિત તરીકે પોતાનું કર્તવ્ય નિભાવી રહ્યા છે. તેઓનું જીવન જોઈને આ શબ્દો જરૂર યાદ આવે.

ઈશ્વર પાસે માત્ર એટલું જ
માંગવું કે
અસ્ત સુધી વ્યસ્ત રહીએ, મસ્ત
રહીએ ને જબરજસ્ત રહીએ.
- વેલિંગ્ટન પટેલ

**પ્રતિભાવ : કૃતજ્ઞતા**

'શિક્ષણ' એટલે 'પ્રશિક્ષણ', 'સંવર્ધન' અને 'પથ દર્શન'. શિક્ષણની વ્યાખ્યા ઘણા બધા ચિંતકોએ આપેલી છે. કેળવણીની વ્યાખ્યા આપતાં ગાંધીજી કહે છે – "કેળવણી એટલે વ્યક્તિના શરીર, મન અને આત્મામાં રહેલા ઉત્તમાંશોનું આવિષ્કરણ."

જીવનમાં આજે હું જે ક્ષેત્રમાં છું તેમાં પણ શિક્ષણ જ સંસ્કારશિલ્પ રહ્યું છે. જીવનના દરેક તબક્કાઓમાં શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા મળેલું જ્ઞાન અને કેળવણી મારા જીવનઘડતરમાં પાયારૂપ બન્યું છે. જ્યારે હું આપણી આ લોકભારતી સંસ્થામાં બેચલર ઓફ રૂરલ સ્ટડીઝના અભ્યાસાર્થે જોડાયો ત્યારે પરપ્રાંતીય હોવાથી ગુજરાતી ભાષાનું મારું જ્ઞાન ખૂબ જ અલ્પ હતું. પરંતુ લોકભારતી સંસ્થાના નિયામક શ્રી અરુણભાઈ દવે, ઉપનિયામક શ્રી પ્રવીણભાઈ ઠક્કરના યોગ્ય માર્ગદર્શન અને સહકાર સાથે આચાર્યશ્રી સલાભાઈના હકારાત્મક વલણે, અભ્યાસકાર્ય શરૂ કરવું સરળ રહ્યું. આ સંસ્થાના સુંદર પ્રાકૃતિક વાતાવરણ વચ્ચે અભ્યાસની સાથે જ પ્રકૃતિને પણ નજીકથી ઓળખવાની ઉત્તમ તક મળી, જે મારા જીવનઘડતરમાં ઘણી જ ઉપયોગી રહી છે. આપણા વ્હાલા ખાન સર દ્વારા જેવી પણ આવડે તેવી ગુજરાતી ભાષા બોલવાની સલાહે મારામાં આત્મવિશ્વાસ વધાર્યો અને તેમનું પ્રેમાળ વલણ મારા અભ્યાસ માટે ખૂબ જ હકારાત્મક રહ્યું... આમ, લોકભારતી સંસ્થાના દરેક માર્ગદર્શકે ખુલ્લા મનથી મને સ્વીકાર્યો અને અહીં મારો અભ્યાસકાળ ઉત્તરોત્તર પ્રગતિના પંથે રહ્યો.

લોકભારતી સંસ્થાની શૈક્ષણિક કાર્યપ્રણાલી અને વ્યવસ્થા ખરેખર હૃદયસ્પર્શી સ્મરણો બની ગઈ છે. કદાચ આ વાતાવરણ અને જગ્યાનો ખૂબ જ વિશિષ્ટ અને અલૌકિક પ્રભાવ મને અનુભવાયો છે. અહીંયા રહેવાની, જમવાની

પદ્ધતિએ મને મારા વતનથી ક્યારેય પણ દૂર કર્યો નથી. અહીંના ગૃહપતિ ઝાલાબાપુએ નાની મોટી દરેક જરૂરિયાતોનું વિશેષ ધ્યાન રાખ્યું. એક બાળકની જેમ આ સંસ્થાએ મારું જતન કર્યું છે. આ સંસ્થાના હૂંફભર્યા વાતાવરણની અંદર મારા અભ્યાસનાં ત્રણ વર્ષ ક્યારે પૂરાં થઈ ગયાં તેનો જરા પણ ખ્યાલ જ ન રહ્યો. આજે, હું જે કંઈ સ્થાને છું તેમાં મારી લોકભારતી સંસ્થાનો મહામૂલ્ય ફાળો રહેલો છે. ખાસ કરી આજે, જ્યારે આ સંસ્થા દ્વારા મને સન્માનને પાત્ર ગણવામાં આવ્યો છે, હું હર હંમેશાં સંસ્થાની તમામ વ્યક્તિઓ અને લોકભારતી સંસ્થાનો હૃદયપૂર્વક ઋણી રહીશ.

- ફાધર થોમસ

**નામરૂપ**

એક ઝરણું નાચતું-કૂદતું રણ પાર કરવા આગળ વધે છે ત્યાં એ સ્વગત વિચાર છે કેઃ

'હું તો રણની રેતીમાં અદ્રશ્ય થઈ જઈશ,હવે શું કરું.'

ઝરણું તો વિચારમગ્ન છે. એને રણમાં લુપ્ત થવું નથી. એણે તો રણ સામે મોટેથી બૂમ પાડી કહ્યું : 'મારે આ રણ ઓળંગી સામે પાર જવું છે પરંતુ કઇ રીતે? મારું અસ્તિત્વ જાળવી પાર કરવું એનો રસ્તો સૂઝતો નથી.'

ત્યાં કુદરતની સાંકેતિક ભાષામાં રણ ઝરણાને કહે છે કેઃ 'પવન મને પાર કરી જાય છે તેમ તું પણ મને ઓળંગી શકે છે.'

ઝરણુંઃ 'હું તારામાં આગળ વધું ત્યાં રેતી મને ચૂસી જાય છે.

રણ કહેઃ 'રેતી પવનને તો આગળ વધવા દે છે.'

ઝરણું કહે છેઃ 'પણ પવન તો ઉડી શકે છે ને હું ઊડી શકતું નથી'

રણ કહેઃ ' તું વિચારે છે ખોટું તું ભલે ઊડી શકતું ના હોય પણ પવનની મદદ લે, હવા તને રેતીની પાર સામે લઇ જશે.'

ઝરણું કહેઃ 'એ તો મારા મૃત્યુનો જ રસ્તો, મારે મારું અસ્તિત્વ જાળવી રાખવું છે. રણની રેતીને બદલે પવન મને ખાય જાય એમાં મારું શું બચે ?'

રણ કહેઃ ' આ તારો તર્ક છે, એને સત્ય સાથે કશી નિસ્બત નથી.પવન પાણી શોષી લે અને રણ પાર કરાવે, પછી ભેજવાળી હવાનાં વાદળ વરસાદરૂપે ધરતી પર વરસે એ પાણીમાંથી ઝરણાં અને સરિતાઓનું સર્જન થાય છે.'

ઝરણુંઃ ' એ ખરું પણ એ ઝરણું તો બીજા નામે ઓળખાતું હશે!

એ ઝરણું હું જ હોઇશ એની અનુભૂતિ કેવી રીતે કરવી ?'

રણ કહેઃ ' ઝરણાં એની પ્રતીતિ તમારા હૃદયથી જ તમને થઇ શકે, લોકો તમને ગમે તે નામે ઓળખે પણ તમે તમારા મૂળતત્ત્વથી પરિચિત હશો તો તમને અનુભૂતિ થશે કે હું જળ છું. મારું બાહ્યરૂપ ઝરણાનું હોય કે સરિતાનું શું ફર્ક પડે ? પછી તમને નામરૂપ ભૂંસાઇ જવાનો ખેદ નહિ રહે.'

રણની વાત સાંભળી ઝરણાંએ તો પવનની સવારી આદરી.

## ૦૬ કિસાન મિત્ર - ઉંદરભક્ષી સાપ 'ધામણ'

**હીરજી ભીંગરાડિયા**

---

"સાપ સંદર્ભ" નામનું શ્રી અજય મ. દેસાઈનું પુસ્તક મારા વાંચવામાં આવ્યું. તેમાંથી કેટલીક અજાયબી પમાડે તેવી જાણકારી મળી અને સાપ વિષેની મારી સમજણમાં ઘણું ઊંડાણ આવ્યું.

તમે જોયું હશે કે સાપ ભૂલમાં આપણાથી દૂભાઈ જાય કે સંકડાશમાં ઘેરાઇ જાય, અગર તો શિકાર વરાંહે છેતરાઇ જાય, તો મુખ્યત્વે સ્વબચાવ અર્થે દંશ મારી દે છે. તેમાં પણ જો ઝેરી પ્રકારનો હોય, અને આપણે સમયસર દવાખાનાની સારવાર લેવાનું ચૂકી જઈએ તો તેનું પરિણામ મૃત્યુમાં આવી શકે છે.

જ્યારે માણસ ? બસ, સાપ નજરે ચડવો જોઇએ ! પછી તે ઝેરી હોય કે બિનઝેરી ! એ આપણા ઘર-આંગણાંમાં ઘૂસી આવ્યો છે કે સાવ ખુલ્લી જગ્યા-ખેતરોમાં ફરી રહ્યો છે ? કોઇને આડખીલી રૂપ થાય તેમ ન હોવા છતાં તેની પાછળ પડી જઈ, ભાળ્યાભેળો ઠાર કરી નાખીએ છીએ. કહો જોઈએ, આપણા માટે સાપની "દાઢ" ઝેરી કે સાપ માટે માણસની "આંખ" ઝેરી ગણવી ?

**હકીકત જુદી છેઃ**

હકીકતે સાપના ઝેર કરતાં એની બીક વધુ કાતિલ અને ભયંકર છે. "સાપ કરડી ગયો ! હાય, હાય ! હવે મારું શું થશે ? નક્કી મારું મોત આવી ગયું !" આવો કાળજામાં એક ધ્રાસકો પડી જાય છે. એવો માનસિક આઘાત જ મોટાભાગના મૃત્યુનું નિમિત્ત બનતો હોય છે.

સાપના નામથી જ એવી બીક લાગે કે ગામડાંઓમાં "સાપ કરડી ગયો" એવું સાંભળનારને પણ મૂર્છા આવી જાય છે. તેથી "સાપ કરડી ગયો" એમ કહેવાને બદલે "જીવડું અડી ગયું" એમ કહી, કહેનાર-સાંભળનારના ભયને હળવો કરાતો હોય છે.

**સાચી વિગત આવી છેઃ**

આપણા દેશમાં કુલ ૨૬૦ પ્રકારના સાપ પૈકી બહુ થોડા ભાગના સાપ ઝેરી છે. અને આ પૈકી ગુજરાતમાં માત્ર ૪ સાપ ઝેરી હોવાનું એના જાણકારોનું કહેવું છે. વાડીના શેઢા, ખેતરોના પાળા, કે ઓઘા-ગંજીના તળિયે, નીરણની વખારો અને કૂવા પથ્થરોના પોલાણ કે રહેણાકના ફળિયા-બગીચામાં ભળાતા બધા સાપ ઝેરી નથી હોતા. પણ આપણા મનમાં તો બસ સાપ એટલે તો મોત જ ! એના વિશે વધુ વિચારવા મગજ કામ કરતું જ બંધ પડી જાય છે. અને સાપને ભાળ્યા ભેળું જ મન બેચેન બની જાય છે.

**શરીર રચના :**

મોટા ભાગના બધા જ સાપ ઠંડા લોહીવાળા, આળસુ અને માનવ વસ્તિથી દૂર રહેનાર જીવ છે. મોટાભાગે કશાય કારણ વિના સામેથી દોડી, તે ચાહીને બટકું ભરતો નથી. પણ કોઇ કારણસર અચાનક દબાઈ જાય, કે તેને આપણાથી દૂર ભાગવામાં અવરોધ ઊભો થાય, કોઇ મોટો શિકાર કરી નિરાંતવો બેઠો હોય કે તેના સંવનનકાળ દરમ્યાન ડખલ પહોંચી હોય, કે પછી પોતે કાંચળી ઉતારતો હોય તે વખતે એને ખીજવવામાં આવે તો સ્વબચાવ અર્થે તે હુમલો કરી બેસે છે.

ધામણ સાપ પોતાના ફેફસાંમાં હવા ભરી ફુંફાડો મારી શકે. એ સિવાય કોઇ પણ જાતની બોલી કે અવાજ એ મોઢેથી કરી શકતો નથી. કેટલાક સાપ ફેણ ચડાવે છે, પણ આપણો ધામણ સાપ તો ફેણ પણ નથી માંડતો. લગભગના બધા સાપ પાણીમાં તરી શકતા હોય છે. અને મોટાભાગના ધામણની જેમ વૃક્ષ પર પણ ચડી શકતા હોય છે. બહાર દેખી શકાય તેવા કાન તેને હોતા નથી. સાપના પેટાળના ભીંગડા એવાં સંવેદનશીલ હોય છે કે જમીન પરથી આવતા અવાજના તરંગો તે દ્વારા પકડી લે છે. બીજા બધા સાપ ગરમી નથી સહન કરી શકતા, કે તેને નથી વધુ પડતી ઠંડી માફક આવતી. વધુ ગરમીનો ભોગ બનવાનું થાય તો તે મરી પણ જાય છે. જ્યારે ઠંડા વાતાવરણથી બચવા તે જમીનમાં ઊંડે ઉતરી જાય છે. એટલે જ વધુ ગરમી કે વધુ પડતી ઠંડીમાં બીજા સાપ આપણને ઓછા દેખાતા હોય છે.

જ્યારે ધામણ સાપ ગમેતેવા વાતાવરણમાં રહી શકતું ''ખડતલ જીવડું'' છે. અજગર સિવાયના બીજા સાપની સરખામણીએ ધામણની સામાન્ય લંબાઇ ૫ થી ૮ ફૂટ અને વધીને લગભગ ૧૨ ફૂટ સુધીની પણ નોંધાઇ છે. સંવનન ગરમીની શરૂઆતના દિવસો દરમ્યાન. પ્રજનનમાં ૬ થી માંડી ૨૦ જેટલાં ઇંડાં મૂકે છે. બે માસ પછી સેવે છે. અને જન્મેલાં બચ્ચાં એકાદ ફૂટ લંબાઇના હોય છે.

એની ત્રિકોણ પડતી લાંબી કાયા અને પીળાશ કે લાલાશ પડતા ભૂખરા કથ્થાઇ રંગ પરથી ધામણની જાત જુદી તરી આવે છે. તેની દોડવાની ગતિ અતિ ઝડપી હોય છે.

બીજા કોઇ જીવની શરીર રચનામાં ન હોય તેવું કાચિંડા અને સાપના નરમાં બે શિશ્ન હોવાનું જોવા મળે છે. જેમાંથી જરૂર પડ્યે કોઇ એકનો પોતાની ખાસ જાતિની માદા માટે ઉપયોગ કરે છે. અને માદા જ્યાં પોતાને સુરક્ષિત લાગતી હોય તેવી જગ્યા –જેમકે ઉધઈના રાફડા, ઉંદરોનાં દરડાં, ઇંટ-પથ્થરોના ઢગલા, ઓઘા-ગંજીના પથારા, તળાવડીનો કાંઠો કે એવી અવાવરૂ જગ્યામાં ઇંડાં મૂકતી હોય છે.

**ખોરાક :**

કોઇ પણ સાપ કે આપણો ધામણ સાપ શાકાહારી નહીં, સંપૂર્ણપણે માંસાહારી છે. સામાન્યરીતે તે કોઇ પણ મૃત દેહને નહીં, પણ પોતે કરેલા શિકારને જ આરોગે છે. તેને સ્વાદની ખબર પડતી નથી હોતી. કેમ કે તે શિકારને ચાવે તો સ્વાદની ખબર પડેને ? સાપ શિકારને ચાવીને નહીં, આખેઆખો ગળી જઈ પેટમાં પધરાવી દે છે. અને કોઇ જગ્યાએ સુસ્ત પડ્યો રહી પચાવી લે છે.

ધામણ દેખાય ભલે સુસ્ત સ્વભાવનો, પણ શિકાર કરતી વખતે તેનું તેજીલાપણું બીજીભાત્યનું હોય છે ! દોડતા ધામણ સાપને કોઇ આંબી શકતું નથી. પક્ષીઓનાં ઇંડાં, અને ઝપટે ચડી જાય તો ચકલાં જેવાં પક્ષીઓ, ગરોળી, કાચિંડા, કાનખજૂરા, અળસિયાં, ગોકળગાય અને નદીકાંઠો હોય તો માછલાં વગેરે ખોરાક તેને ખપે છે. મળે તો રોજ રોજ, નહીંતો મહિનાઓ સુધી વિના ખોરાકે ધામણ રહી શકે છે.

**આપણને ઉપયોગી ક્યાં ? :**

ધામણને ''રેટ-સ્નેક'' એટલે કે ''ઉંદરને ખાનારો સાપ'' કહ્યો છે. ખોરાક માટે ધામણનું મુખ્ય નિશાન ઉંદર હોય છે. ભારતમાં થતાં કુલ પાકના ૨૫ % પાક ઉંદરોથી નાશ પામે છે. ઉંદરોની ઉત્પત્તિ બહુ ઝડપી હોય છે. એક પુખ્ત માદા ઉંદર સરેરાશ ૮ બચ્ચાંના જથ્થામાં વરસ ભરમાં ૮ વખત બચ્ચાં જણે છે. અને તેનું માદા બચ્ચું બે મહિનામાં પુખ્ત બની જઈ, પોતે બચ્ચાં જણવા મંડી પડે છે. ઉંદરની એક જોડી વરસમાં ૧૨૦૦ ઉંદરોનો વધારો કરી શકે છે. વિચારો ! આ ઉંદરોનો નાશ શું સહેલો છે ? જમીન પર ફરતાં સાપ અને આકાશે ઊડતા ઘૂવડ-ચીબરી જેવા પંખીઓ જ એની સંખ્યાને મર્યાદિત રાખે છે.

શરીરે લાંબા હોય તે ''નાગ'' એટલે કે નર સાપ અને ટૂંકા હોય તે ''નાગણી'' એટલે કે માદા સાપ –એવું આપણે કહેતા-સમજતા હોઇએ છીએ. હકીકત ઉલટી છે. સાપોમાં નર કરતાં માદા વધુ લાંબી હોય છે. છતાં એના બાહ્ય દેખાવ પરથી કશુ નક્કી કરી શકાતું નથી.

જે ખૂબ દોડે છે, ખિજવાય તો પણ ફેણ માંડતો નથી, રંગે પીળાશ પડતો લીલો-ભૂરો અને ખૂબ લાંબો છે એ ''ધામણ'' નામધારી સાપ બિનઝેરી છે. એની પૂરી ઓળખ થાય તો પછી એની બીક આપણે ન રાખવી-ઉંદરોને રાખવા દેવી.

**સાવચેતી કેવી લેવી ?:**

વાડીમાં કામ કરતી વખતે ઉગ્યા ઘાસ, અગોચર શેઢા-પાળા, ગંજી-ઓઘા આસપાસના ઘોહામાં હાલવા ચાલવાનું થાય કે કામ કરવાનું થાય ત્યારે હાથમાં એક સોટી કે લાકડી રાખી, આગળ જરા ઠપકારતા કે હલાવતા જઇએ તો આવું કોઇ નાનું મોટું જીવડું હોય તો તેને દૂર હટી જવાની ફરજ પડે છે. એને પણ જીવવું છે ભલા ! એટલે એને આ રીતે દૂર ખસેડી મુકવું. પણ મારી નાખવાનો ઉપક્રમ ન કરવો. છતાં સંજોગવશાત તેની સાથેનો આપણો ભેટો થઈ ગયો ને એ બચકું ભરી-કરડી બેઠું, તો પછી ભૂવા-ભરાડી, મંત્ર-તંત્ર કે દોરા-ધાગા પાછળ એક ક્ષણ પણ ન વેડફતાં, ડૉક્ટરી સારવાર લેવા તુરત દવાખાને પહોંચી જવું. એમાં ગફલત કે બેદરકારી રાખવાનું પરિણામ અણધાર્યું આવી શકે છે તે કદી ન ભૂલવું.

(પંચવટી બાગ,માલપરા. જિ. બોટાદ મો.૯૩૨૭૫ ૭૨૨૯૭)

## ૦૭ દક્ષિણ ધ્રુવના બરફ નીચે રહસ્યમય જીવસૃષ્ટિ?

**સોનલ પરીખ**

આપણે જાણીએ છીએ કે પૃથ્વીની કાલ્પનિક ધરી પૃથ્વીની ભૂમિસપાટીને જે બે સ્થાનોએ છેદે છે તે બે બિંદુઓને ધ્રુવો કહેવામાં આવે છે. પૃથ્વીના ગોળાના ઉપરના ભાગ (ઉત્તર ગોળાર્ધ)ના ઉત્તર તરફના બિંદુને ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ગોળાર્ધના દક્ષિણ તરફના બિંદુને દક્ષિણ ધ્રુવ કહેવાય છે. ઉત્તર ધ્રુવની આસપાસ આર્ક્ટિક મહાસાગર પથરાયેલો છે, જ્યારે દક્ષિણ ધ્રુવ ઍન્ટાર્ક્ટિકા ખંડથી આવૃત છે. દક્ષિણ ધ્રુવ શબ્દ ઍન્ટાર્ક્ટિક વિસ્તારમાંના હિમજથ્થા નીચે રહેલાં એક કરતાં વધુ અદશ્ય સપાટીબિંદુઓ માટે વપરાય છે. આ પૈકીનું વધુ જાણીતું બિંદુ તે દક્ષિણ ભૌગોલિક ધ્રુવ છે.

દક્ષિણ ધ્રુવીય બિંદુ ઍન્ટાર્ક્ટિકાની મધ્યમાં એવા સ્થાને આવેલું છે જ્યાં ગોળા પરના બધા જ રેખાંશ ભેગા થાય છે. આ બિંદુ હિમજન્ય બરફ જથ્થા પર ૨,૮૦૦ મીટરની ઊંચાઈએ રહેલું છે. નૉર્વેનો આરોહક રોઆલ્ડ ઍમન્ડસેન ગ્રેટ બ્રિટનના રૉબર્ટ સ્કૉટની રાહબરી હેઠળની ટુકડીના ત્યાં પહોંચવાનાં (૧૭-૧-૧૯૧૨) પાંચ અઠવાડિયાં અગાઉ (૧૪-૧૨-૧૯૧૧) પહોંચી ગયેલો. ૧૯૫૬માં યુ.એસ.દ્વારા અહીં ઍમન્ડસેન-સ્કૉટના સંયુક્ત નામે કાયમી ધોરણે વૈજ્ઞાનિક સ્થાનક તરીકે દક્ષિણ ધ્રુવમથક સ્થાપિત કરેલું છે. ત્યારથી માંડીને આજ સુધી અહીં અનેક દેશો પોતપોતાનાં સંશોધન મથકો સ્થાપતા રહ્યા છે. પૃથ્વીને છેડે આવેલા,તોફાની દરિયાઓથી ઘેરાયેલા, વેગીલા પવનોમાં ફૂંકાતા, અતિશય ઠંડા અને સાવ સૂકા એવા આ ખંડે સાહસિકો અને વિજ્ઞાનીઓ બન્નેને અખૂટ આકર્ષણ પૂરું પાડ્યું છે. જૂલેવર્નની સાહસકથા 'સાગરસમ્રાટ'નો કૅપ્ટન નેમો પોતાનું નૉટિલસ જહાજ ઍન્ટાર્ક્ટિકાના બર્ફીલા કિનારે લઈ જાય છે અને ત્યાં વાવટો ફરકાવે છે એવું વર્ણન છે.

અજબ છે આ ખંડ. ઍન્ટાર્ક્ટિકાને વિશ્વનું સૌથી મોટું રણ કહે છે; પણ આ રણ રેતીનું નહીં, બરફનું છે. ત્યાંના હાઈરિજ વિસ્તારમાં તાપમાનનો પારો શૂન્યથી ૯૩ ડિગ્રી નોંધાયો છે.દક્ષિણ ધ્રુવ પર સૌથી ઊંચું તાપમાન ૧૮ સેન્ટિગ્રેડ નોંધાયું છે.વિશ્વના મીઠાપાણીનો ૯૦ ટકા હિસ્સો દક્ષિણ ધ્રુવમાં બરફ સ્વરૂપે સચવાયેલો છે.દક્ષિણ ધ્રુવની પ્રથમ સફર ૧૯૨૦માં રશિયન સાહસિકોએ કરેલી.દક્ષિણ ધ્રુવના કેટલાક વિસ્તારોમાં લાખો વર્ષથી વરસાદ કે બરફવર્ષા થઈ નથી. ત્યાં માત્ર જામેલો બરફ જ છવાયેલો છે જે કદી પીગળતો નથી. દક્ષિણ ધ્રુવ એક માત્ર ખંડ છે કે જ્યાં ટાઈમઝોન નથી.

૧૩,૨૦૦,૦૦ ચોરસ કિ.મી. ક્ષેત્રફળ ધરાવતો ઍન્ટાર્ક્ટિકા દુનિયાનો પાંચમો સૌથી મોટો ખંડ છે. એટલાંટિક મહાસાગર, હિંદ મહાસાગર અને પૅસિફિક મહાસાગરના તોફાની પ્રવાહોએ એને ઘેરેલો છે. ત્યાં છ મહિના દિવસ અને છ મહિના રાત હોય છે. મેથી ઑગસ્ટ શિયાળો હોય છે, ત્યારે સૂર્ય ઊગતો જ નથી. નવેમ્બરથી ફેબ્રુઆરી ઉનાળો હોય છે.એ દરમ્યાન સૂર્ય આથમતો જ નથી. માથા પર પણ આવતો નથી. ક્ષિતિજ પર ઘડિયાળની ઊંધી દિશામાં થોડો ઊંચે, થોડો નીચે એમ સરકતો દેખાય છે. બરફમાં થતા સૂર્યપ્રકાશના પરાવર્તનને કારણે પ્રકાશ ખૂબ હોય છે;પણ ઉષ્મા ઘણી ઓછી, ઉપરાંત ૨૮૦૦ મીટર ઊંચાઈને લીધે ત્યાં ખૂબ ઠંડી રહે છે. ઍન્ટાર્ક્ટિકામાં કોઈ સ્થાયી વસ્તી નથી. વિજ્ઞાનીઓ-સંશોધકો, પ્રવાસીઓ અને સેવા-કર્મચારીઓનો અસ્થાયી વસવાટ હોય છે. સીલ, ધ્રુવીય ટર્ન, સ્ક્યુઆસ અને સમ્રાટ પેન્ગ્વિન આ ઠંડા ખંડના રહેવાસીઓ છે.

દક્ષિણ ધ્રુવ પર વિશ્વના ૩૮ દેશોએ કરાર કરીને સેના પ્રવૃત્તિ, ખાણ ખોદકામ, અણુધડાકા કરવા પર પ્રતિબંધ મૂક્યો છે. ન્યુક્લિયર કચરો પણ ત્યાં ફેંકી શકાતો નથી. દક્ષિણ ધ્રુવના લગભગ ૨૦ લાખ ચોરસ કિ.મી. પર

ઓસ્ટ્રેલિયાનો અધિકાર છે.દક્ષિણ ધ્રુવ પરનું બરફનું ૫૬ ૪ કરોડ વર્ષથી અકબંધ છે.દક્ષિણ ધ્રુવના બરફ વિસ્તાર હેઠળ લગભગ ૩૦૦ જેટલા તળાવ હોવાનું મનાય છે. પૃથ્વીના પેટાળની ગરમીને કારણે આ તળાવો થીજી જતાં નથી.દક્ષિણ ધ્રુવપર એક જવાળામુખી પણ છે. જેની ટોચેથી બરફના કણો બહાર ફેંકાય છે.

દક્ષિણ ધ્રુવ ખંડપર આજે તો સંશોધક ટીમોની કમી નથી.રશિયાનાં ત્યાં સાત કેન્દ્રો છે. જાપાન,નોર્વે,સ્વીડન,અમેરિકા વગેરે અનેક દેશોએ ત્યાં કાયમી મથકો સ્થાપ્યાં છે.૧૯૮૧માં ડૉ.એસ. કાસીમના નેજા હેઠળ ૨૧ ભારતીય સંશોધકો અને વિજ્ઞાનીઓની ટુકડી દક્ષિણ ધ્રુવ ખંડ પર જવા રવાના થઈ.૧૯૮૨માં ભારતના પ્રથમ સંશોધન મથક દક્ષિણ ગંગોત્રીની સ્થાપના થઈ. ૧૯૮૭માં આ મથક પૂર્ણપણે કાર્યરત થયું અને એ જ વર્ષે આ સ્થળેથી ઍન્ટાર્ક્ટિકાના હવામાનને લગતા અહેવાલો પહેલીવાર ભારત મોકલ્યા.૧૯૮૮માં 'મૈત્રી' અને ત્યાર બાદ ૨૦૧૨'માં ભારતી' નામનું મથક સ્થપાયું છે.

પૃથ્વીના ભૌગોલિક દક્ષિણ ધ્રુવ સુધી પહોંચનાર પ્રથમ ભારતીય કર્નલ જે.કે.બજાજ હતા. ઍન્ટાર્ક્ટિકાના બરફ પર કુલ ૫૦ દિવસોમાં આશરે ૧૨૦૦ કિલોમીટર સ્કીઈંગ કરીને ૧૯૮૯ના જાન્યુઆરી મહિનામાં તેઓ ભૌગોલિક દક્ષિણ ધ્રુવ પહોંચ્યા હતા. ૧૯૮૨થી ૨૦૦૦ દરમિયાન ભારતના વિજ્ઞાનીઓ અને સંશોધકોની કુલ ૧૭ ટુકડીઓ દક્ષિણ ગંગોત્રીની મુલાકાત લઇ ચૂકી છે.ભારતનું જિયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયા દર વર્ષે ૨૦થી ૨૫ સંશોધકોની એક ટુકડીને દક્ષિણ ધ્રુવ પર મોકલે છે.

મૈત્રી ટીમના સંશોધકો મુખ્યત્વે દક્ષિણ ધ્રુવ ખંડના હવામાન,ચુંબકીય ધ્રુવો અને વાતાવરણમાં ઓઝોનના પ્રમાણને માપે છે.દક્ષિણ ધ્રુવનું તાપમાન રોજેરોજ નોંધે છે તેમજ ભારતના હવામાન ખાતાને સેટેલાઇટ વડે ઈ-મેઈલ દ્વારા માહિતી આપે છે. સેટ-કોમ ટર્મિનલ કેન્દ્ર મૈત્રીની નજીકમાં છે જે 'ગિરનાર' તરીકે ઓળખાય છે.આ ટર્મિનલ ભારતના ઉપગ્રહો સાથે ડાયરેક્ટ સંપર્ક ધરાવે છે.

મૈત્રીનું મથક મુખ્યત્વે ચાર બ્લોક માં વિભાજિત છે.મુખ્ય બ્લોક રહેવા માટે,બીજા ત્રણે બ્લોકમાં વર્કશોપ, યંત્રો,પાવર સપ્લાય, વગેરે છે.કુલ ચાર જનરેટર મુકાયાં છે.દરેક જનરેટર ૬૨.૫ કિલો વોટ પાવર ઉત્પન્ન પેદા કરે છે જે મૈત્રી માટેનો મુખ્ય ઊર્જાસ્રોત છે.આ જનરેટરનું નામ આદિત્ય રાખ્યું છે.૧૯૯૪માં ભાસ્કર નામના ડિઝલથી ચાલતાં વધુ પાવરફુલ જનરેટર મુકાયાં છે અને તેમનું સંચાલન રિમોટ કંટ્રોલ વડે દૂરથી પણ કરી શકાય છે. આખા મથકને હૂંફાળું રાખતી સેન્ટ્રલ હિટીંગ સિસ્ટમ તેમજ પાણીની ટાંકીઓની વ્યવસ્થા છે. ડ્રેઈનેજ સિસ્ટમના અભાવે ખાસ પ્રકારની સ્ટોરેજ ટેન્ક મુકવામાં આવી છે.જેમાં જમા થતો કચરો દર થોડા દિવસે ખાસ કેમિકલ પ્રક્રિયા વડે નિકાલ કરવામાં આવે છે. મથકનું બાંધકામ એક્રેલિક અને લાકડાનું છે. દીવાલો ફોલ્ડિંગ છે.પુષ્કળ ઠંડી સામે રક્ષણ મળી રહે તે માટે ડીઆરડીઓ (ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઑર્ગેનાઈઝેશન)દ્વારા ખાસ જાતના પોષાક તૈયાર કરવામાં આવ્યા છે.તેઓ એક સાથે ૧૫ મહિના સુધી ચાલે તેટલો ખોરાકનો પુરવઠો પણ સંશોધકોને આપે છે.સંશોધકો દક્ષિણ ધ્રુવ પર પહોંચે પછી તેનો સમગ્ર જગત સાથે સંપર્ક તૂટી જાય છે.ઘરથી દૂર વિષમ પરિસ્થિતિમાં ૧૫ મહિના લગાતાર એકાંતવાસમાં વિતાવવાના હોય છે.

મોટા ભાગના વિજ્ઞાનીઓ જ્યાં સંશોધનો કરે છે, બરફની તે ભૂમિનું નામ રોસ આઈસ શેલ્ફ છે. એ પાંચ લાખ ચોરસ કિલોમીટરમાં પથરાયેલી છે એટલે કે લગભગ ફ્રાન્સ જેવડી છે. ૨૮ જાન્યુઆરી ૧૮૪૧ના દિવસે જેમ્સ ક્લાર્ક રોસે આ શેલ્ફ શોધી હતી. ૧૦૦ વર્ષ પછી તેને એનું નામ આપવામાં આવ્યું. દરિયાના પાણીથી તે પંદરથી વીસ મીટર ઊંચી છે અને ૫૦૦થી ૮૦૦ મીટર જાડી છે. જેટલી દેખાય છે તે ૧૦ ટકા છે, ૯૦ ટકા ભાગ પાણીમાં ગરક થયેલો છે. મોટા ભાગના વિસ્તાર પર ન્યૂઝિલેન્ડનો દાવો છે.

તાજા તાજા સમાચાર મુજબ ન્યૂઝિલેન્ડના વિજ્ઞાનીઓએ સંશોધન માટે કરેલા એક સાંકડા ઊભા

ખાડામાં ૫૦૦ મીટરની ઊંડાઈએ નદીનું મુખ હોય એવી રચના જોવા મળી છે. આ જગ્યા રોસ આઈસ શેલ્ફની ધારથી સેંકડો કિલોમીટર દૂર છે. એમણે ખાડામાં શક્તિશાળી કેમેરા ઉતાર્યા તો અડધા ઈંચની નાનકડી શ્રીમ્પ માછલીઓ દેખાઈ. બીજે ખોદ્યું તો કરચલા કુટુંબના નાના જીવો ટોળાબંધ દેખાયા.

'અમે નાચવા લાગ્યા.' આ વિજ્ઞાનીઓ કહે છે,'બરફના આ જાડા અભેદ્ય પડ નીચે મીઠા પાણીના પ્રવાહો છે! પહેલી વાર દુનિયાને જાણ થવાની હતી કે દક્ષિણ ધ્રુવના બરફ તળે અત્યાર સુધી ગુપ્ત રહેલી જીવસૃષ્ટિ છે, અને આ જાણ વિશ્વને અમારા દ્વારા થવાની હતી!'

આ સ્થળ એક સેટેલાઈટ ફોટોગ્રાફમાં ઝડપાયું હતું અને વૉશિંગ્ટનની એક યુનિવર્સિટીના હ્યુ હૉર્ગન નામના સંશોધકના ધ્યાનમાં આ વાત આવી. એ પોતે પણ દક્ષિણ ધ્રુવ પર ગયેલી સંશોધક ટીમમાં હતો. એ કહે છે, 'આ પ્રકારના સંશોધન માટે ચાર બાબતો અનિવાર્ય છે : અખૂટ ધીરજ, ખંત, સહનશક્તિ અને રમૂજવૃત્તિ.રોજ સવારે તંબૂમાંથી બહાર સરકી આવો અને કાતિલ ઠંડો પવન તમને ઘેરી લે. ક્ષિતિજ સુધી શ્વેત સમુદ્ર જેવો બરફ જ બરફ દેખાતો હોય. તમારા તંબુથી ઊંચું કશું જ ન હોય. અને તમારે ત્યાંના અજાણ્યા જીવો, પુરાતન હવામાન, ફ્રિઝિંગ પૉઈંટ, મેલ્ટિંગ પૉઈંટ શોધવાનાં હોય, ફ્રોઝન રેકૉર્ડ્ઝ બનાવવાના હોય !'

જેમના મન પર ઍન્ટાર્ક્ટિક સાહસ એટલે બરફ ખૂંદતો એકલવીર એવું દૃશ્ય રચાતું હોય, તેમને હોર્ગન કહે છે, 'એકલવીર સાહસિકોથી વૈજ્ઞાનિક શોધો નથી થતી. એ જમાનો ગયો. હવે જરૂર છે નિકટ રહેતા, સાથે કામ કરતા અને પૂરક શક્તિઓ ધરાવતા જૂથની.જરા વાસ મારતા સાથીઓ સાથે એક તંબૂમાં રહેવું અને અતિશય વિષમ આબોહવા વચ્ચે ઉત્સાહ અને ખંત જાળવી સંશોધનો કરવાં એ કસોટી છે અને લઈ શકો તો મજા પણ છે.'

**શ્રદ્ધાંજલિ**

- રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના સહુથી નાના પુત્રી અને જાણીતા કથ્થક નૃત્યાંગના, ગાયિકા મુરલીબહેન મેઘાણીનું ૭૮ વર્ષની વયે તા. ૨૩ ઑગષ્ટ ૨૦૨૨ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- લોકભારતીના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને ગ્રામ વિદ્યાલય લોકશાળા ધજાળાના સ્થાપક શ્રી વિનોદભાઈ મકવાણાનું તા. ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- મૈત્રી વિદ્યાપીઠ, સુરેન્દ્રનગરના ભાઈ-તાઈમાં તાઈથી પ્રખ્યાત એવા શ્રી શાંતાતાઈ નાગજીભાઈ દેસાઈનું તા. ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- ડૉ. પ્રફુલ્લચંદ્ર બાલકૃષ્ણ દવેનું તા. ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ અમદાવાદ મુકામે દુઃખદ અવસાન થયેલ છે.
- 'સેવા' શબ્દને જીવનમાં આચરણ કરનાર શ્રી ઈલાબહેન ભટ્ટનું નિધન તા. ૦૨ નવેમ્બર ૨૦૨૨ના રોજ ૮૯ વર્ષની વયે અમદાવાદ મુકામે દુઃખદ અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પરમેશ્વરને પ્રાર્થના કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## ૦૮. સંસ્થાસમાચાર (ઓગસ્ટ, સપ્ટેમ્બર, ઓક્ટોબર, ૨૦૨૨)

**સંકલન : પ્રશાંત મહેતા**

---

**ઓગસ્ટ માસના સમાચાર**

**લોકભારતી સમાચાર**

- પીડીલાઇટ ઈન્ડસ્ટ્રીઝના સી.એસ.આર.ના આંતરિક ઑડીટર્સની એક ટીમ તા.૦૧થી ૦૩ દરમિયાન લોકભારતી આવી ગઈ. જળ સંચયના આ વિસ્તારમાં થયેલાં કાર્યોની રૂબરૂ મુલાકાત પણ લીધી.
- બારડોલી મુકામે આવેલ સ્વરાજ આશ્રમના ઉત્તર બુનિયાદી કન્યા વિદ્યાલયના કાર્યકર ડૉ. પ્રજ્ઞાબહેન કલાર્થી અને તેના સાથી કાર્યકરો તા.૦૨ અને ૦૩ દરમિયાન લોકભારતી મુલાકાતે આવી ગયાં.
- તા. ૨થી ૫ ના સમયગાળા દરમ્યાન ઉ.શિ.કમિશનર કચેરી ગાંધીનગર દ્વારા ઈનોવેશન કલબ અંતર્ગત ઈનોવેશન કિટ અંગેનો તાલીમ કાર્યક્રમ લોકસેવા મહાવિદ્યાલય લોકભારતી ખાતે યોજાઈ ગયો. આ કાર્યક્રમમા પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને જુદાં જુદાં મુદ્દાઓ જેવા કે ટેલીસ્કોપ, ડ્રોન, પ્લેન, સેન્સર વગેરે વિષે તજજ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવી. આ કાર્યક્રમમાં શ્રી યોગેશભાઈ, શ્રી કુમારભાઈ, શ્રી કાળુભાઈ ખોખરીયા અને શ્રી કિશોરભાઈ હીરાની જોડાયા .
- તા.૩ના રોજ લોકભારતી અધ્યાપન મંદિરના ૭૫માં વર્ષ નિમિત્તે શ્રી અરુણભાઈ દવે , શ્રી રામચંદ્રભાઈ  પંચોળી અને શ્રી હસમુખભાઈ દેવમુરારિએ 'અધ્યાપન : અમૃત મહોત્સવ' કાર્યક્રમ નિમિત્તે વક્તવ્યો આપ્યા.
- તા.૪ અને ૮ના રોજ હર ઘર તિરંગા કાર્યક્રમ અન્વયે લોકસેવા મહાવિદ્યાલયના પ્રથમ વર્ષ અને ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા વક્તૃત્વ કળા, ઝંડા ચિત્ર સ્પર્ધા, ડીબેટ, સંકલ્પ પત્રનું વાંચન વગેરે કાર્યક્રમો યોજાઈ ગયા. આ કાર્યક્રમમાં શ્રી કાળુભાઈ ખોખરીયા અને શ્રી મહોબતસિંહ ચાવડાએ માર્ગદર્શન આપ્યું.
- તા. ૫ અને ૬ ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ જૂનાગઢ એગ્રી. યુનિ.ના શૈક્ષણિક પ્રવાસે જઈ આવ્યા. સાથે શ્રી યોગેશભાઈ ત્રિવેદી અને શ્રી મનોજભાઈ અગ્રાવત જોડાયા.
- એગ્રોસેલના સી.એસ.આર.ના અધિકારીશ્રીઓની એક ટીમ તા.૦૯ના રોજ લોકભારતી આવી ગઈ. તેણે લોકભારતીના દરેક વિભાગોની મુલાકાત લઈ અનેકવિધ પ્રવૃત્તિઓની માહિતી પ્રાપ્ત કરી.
- તા. ૧૦ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર બોર્ડ, અમદાવાદના સહયોગથી ''ભૂજળની માહિતી અને તેનું વ્યવસ્થાપન'' પર એક જાહેર વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૫૦ ખેડૂતો, કૉલેજના ૬૦ વિદ્યાર્થીઓ અને ૧૦ તકનિકી સ્ટાફ સહિત કુલ ૧૨૦ સહભાગીઓએ હાજરી આપી હતી. શ્રી કાંતિભાઈ ગોઠીએ ઉદ્‌ઘાટન સત્રની અધ્યક્ષતા કરી હતી. મદદનીશ ખેતી નિયામક, ખેડૂત તાલીમ કેન્દ્ર, ભાવનગર દ્વારા ખેડૂતો અને વિદ્યાર્થીઓને ખેતીમાં સૂક્ષ્મ સિંચાઈની ટેકનિક

અપનાવવા અને વરસાદી પાણીના સંરક્ષણને લગતી સરકારી યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

- તા.૧૦ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના બીજા વર્ષના વિદ્યાર્થીઓ જળ શક્તિ મંત્રાલય ભારત સરકાર અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા આયોજીત ભૂગર્ભ જળ જાગૃતિ અંગેના એક દિવસીય કાર્યક્રમમા ભાગ લીધો. આ કાર્યક્રમમા શ્રી કાંતિભાઈ ગોઠીએ 'ભૂગર્ભ જળ અને ભવિષ્ય' વિષે વક્તવ્ય આપ્યું.
- હાલમાં પશુઓમાં ખાસ કરીને ગાયોમાં લમ્પી વાયરસથી થતો રોગ ખૂબ ઝડપથી ફેલાઈ રહ્યો છે. આ વાયરસથી ગાયોને બચાવી રાખવાનો એકમાત્ર ઉપાય રસીકરણ છે. લોકભારતી ખાતેની ગૌશાળામાં ગીર ગાયોને આ વાયરસથી બચાવવાના હેતુથી કૃષિ વિજ્ઞાન કેન્દ્રના પશુ-ચિકિત્સક દ્વારા રસીકરણ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતુ. લોકભારતીમાં અભ્યાસ કરતાં પશુપાલનના વિદ્યાર્થીઓને પણ આ કાર્યમાં સાંકળીને પ્રત્યક્ષ તાલીમ આપી.
- તા.૧૧ના રોજ રક્ષાબંધનનો કાર્યક્રમ ઉત્સાહભેર ઊજવાયો. પરંપરાગત પ્રણાલિકાઓ મુજબ રક્ષાબંધન ઊજવણી કરવામાં આવી. મુખ્ય વક્તા મા.શ્રી દેવીબહેન પંડિતે પ્રાસંગિક વક્તવ્ય આપ્યું. રાત્રે વિદ્યાર્થીઓએ સરસ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો.
- તા.૧૩ના રોજ લોકભારતી વિદ્યાર્થી મંત્રી મંડળની સામાન્ય સભા યોજાણી, જેમાં વિદ્યાર્થીઓ તરફથી જુદા જુદા મંત્રીઓને પ્રશ્નો પૂછવામાં આવ્યા, મંત્રીઓએ પ્રશ્નોના જવાબ ધીરજપૂર્વક આપ્યા. મુખ્ય ગૃહપતિશ્રી જયવંતસિંહજી ગોહિલે પણ કેળવણીના હેતુસર શૈક્ષણિક અભિગમથી સમગ્ર સંચાલન કર્યું. વિભાગીય હોદ્દેદારશ્રીઓ, ગૃહપતિશ્રીઓ અને ગૃહમાતાશ્રીઓ ઉપસ્થિત રહ્યા. અંતે નવા મંત્રીમંડળની શપથવિધિ કરવામાં આવી.
- તા. ૧૪ના રોજ હર ઘર તિરંગા કાર્યક્રમ અન્વયે રેલીનું આયોજન કરવામાં આવ્યું. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ સંગીત, નાટક, નૃત્ય, એકપાત્રીય અભિનય દ્વારા 'આઝદી કા અમૃત મહોત્સવ'ના કાર્યક્રમો યોજવામાં આવ્યા. આ કાર્યક્રમમાં લોકસેવા મહાવિદ્યાલયના તમામ વિદ્યાર્થીઓ અને કાર્યકરો ઉત્સાહ અને ઉમંગભેર ભાગીદાર થયા.
- સ્વાતંત્ર્યદિન નિમિત્તે સવારે પરેડ પછી ધ્વજ વંદન કાર્યક્રમ યોજાયો, જેમાં પૂર્વસાંસદ શ્રી રાજેન્દ્રસિંહજી રાણાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. ધ્વજવંદન પછી તેઓએ સારસ્વત ભવનમાં રસપૂર્ણ પ્રાસંગિક વક્તવ્ય રજૂ કર્યું.
- તા.૧૯ના રોજ જન્માષ્ટમી નિમિત્તે સારસ્વત ભવનમાં લોકભારતી પરિવારજનોની હાજરીમાં કૃષ્ણ જન્મોત્સવની ઊજવણી કરવામાં આવી.
- તા.૨૨ના રોજ સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિની સાધારણસભામાં શ્રી હસમુખભાઈ દેવમુરારિ હાજરી આપી આવ્યા.
- તા. ૨૩થી ૨૭ શ્રી નિગમભાઈ શુકલ તથા શ્રી પ્રશાંતભાઈ મહેતાએ પુના મુકામે આવેલ કૃષિ વિજ્ઞાન કેન્દ્રની ઝોનલ ઓફીસમાં યોજાયેલ બેઠકમાં ભાગીદારી કરી.
- તા.૨૪ના રોજ અધ્યાપન મંદિરનો ખજાનાની શોધનો કાર્યક્રમ યોજાયો. જેમાં અધ્યાપશ્રીઓ અને તમામ તાલીમાર્થીઓ જોડાયા.
- પંચાયતરાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૪ ના રોજ ગ્રામ પંચાયત મંત્રી મહિલા ઓપવર્ગ ૨૩૪ નો

પ્રારંભ થયો જેમાં ભાવનગર, સુરેન્દ્રનગર,અમરેલી,રાજકોટ અને મોરબી જિલ્લાના કુલ ૨૪ મહિલા તાલીમાર્થીઓ હાજર થયેલ છે. તા. ૨૫ ના રોજ તેઓના વર્ગ પ્રારંભ કાર્યક્રમમાં શ્રી રામચંદ્રભાઈ પંચોલીએ તાલીમ કેન્દ્ર વર્ષોથી શા માટે ચલાવવામાં આવે છે તેની વાત કરી.

- પંચાયતરાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૪ ના રોજ ગ્રામ પંચાયત મંત્રી મહિલા ઓપવર્ગ ૨૩૪ માં કેનેડાથી આવેલ શ્રી નિકિતાબેનએ કેનેડાની શિક્ષણ પ્રણાલી વિષે સમજ આપી.
- તા. ૨૫ના રોજ અધ્યાપન મંદિરમાં શ્રી નિકિતાબેન જોષીએ કેનેડાના શિક્ષણ વિષયક વાર્તાલાપ કર્યો.
- તા.૨૫ના રોજ લોકભારતીના સમગ્ર કાર્યકરોની એક બેઠક રાખવામાં આવી, જેમાં આગામી દર્શક વ્યાખ્યાનમાળા અને પૂર્વવિદ્યાર્થી સન્માન કાર્યક્રમ અંગેની વિવિધ જવાબદારીઓની વહેંચણી કરવામાં આવી તથા લોકભારતી યુનિવર્સિટી નિર્માણ અંગેની કેટલીક વિગતો શ્રી અરુણભાઈ દવેએ વિગતે રજૂ કરી.
- તા. ૨૮ના રોજ અધ્યાપન મંદિરમાં શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ 'દર્શકને જાણીએ' વિષય પર વાત કરી.
- તા.૨૯મીના પૂ. મનુભાઈ પંચોળી 'દર્શક' વ્યાખ્યાનમાળાનો ઓગણીશમો મણકો અને ભૂતપૂર્વ વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ સારસ્વતભવનમાં યોજાઈ ગયો. તેમાં શ્રી અરુણભાઈ દવેએ મહેમાનોને આવકાર તથા વક્તાશ્રીનો પરિચય અને પ્રાસંગિક ભૂમિકા રજૂ કરી. વ્યાખ્યાનમાળાના પંદરમા મણકાના મુખ્ય વક્તા જાણીતા કવિ શ્રી તુષાર શુક્લએ 'ભાષા મારી છે ગુજરાતી' વિષય ઉપર અભ્યાસપૂર્ણ વક્તવ્ય રજૂ કર્યું. લોકદક્ષિણામૂર્તિના પાંચ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ શ્રી મનજીભાઈ નાકરાણી-ભાવનગર, શ્રી મોહનભાઈ અને શ્રી નંદુબહેન દલસાણિયા-જૂનાગઢ, શ્રી દિનેશભાઈ ઠાકર-ધાનેરા, શ્રી માધુભાઈ નાંદરિયા-ટાટમ અને શ્રી ફાધર થોમસ-ભાવનગરનું શાલ-સન્માનપત્ર અને રૂપિયા અગિયાર હજારની ધનરાશિનો ચેક અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં લોકભારતીના કાયમના શુભેચ્છક એવા પૂ. મોરારિબાપુ ઓચિંતા જ આવી ગયા અને સૌને આશ્ચર્યચકિત કરી દીધા. તેઓને ચાતુર્માસ દરમિયાનનું મૌન ચાલતું હોવા છતાં અપવાદ કરીને આ 'લોકપીઠ' છે એટલે વ્યાસપીઠમાં જેમ તેઓ બોલે છે તેમ જ આ લોકપીઠમાં પણ બોલ્યા અને પોતાનો રાજીપો પ્રગટ કરી આશીર્વાદ આપ્યાં. લોકભારતીની સફાઈ, સુઘડતા અને સમગ્ર વ્યવસ્થા અંગે સૌ મહેમાનોએ સંતોષ વ્યક્ત કર્યો.
- પંચાયતરાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૯ ના રોજ શ્રી ગિરીશભાઈ દવે વહિવટી કામ સબબ ભાવનગર જિલ્લા પંચાયતે જઈ આવ્યા.
- પંચાયતરાજ તાલીમ કેન્દ્રમાં તા.૩૦ના રોજ ગ્રામ પંચાયત મંત્રી મહિલા ઓપવર્ગ ૨૩૪ માં શ્રી વિક્રમભાઈ દેસાઈ તાલીમાર્થીઓ સમક્ષ પશુ સુધારણા કાર્યક્રમ ઉપર વ્યાખ્યાન આપી ગયા તેમજ ગૌશાળાની પ્રત્યક્ષ મુલાકાત લીધી પ્રશ્નોતરી યોજી.
- તા. ૩૧મી ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓનો પ્રકૃતિ દર્શન અને ખજાનાની શોધનો કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં શિહોર રેન્જ ફોરેસ્ટના અધિકારીઓ દ્વારા જંગલ

અને તેનું વ્યવસ્થાપન વિષે માહિતી આપી. સૌ વિદ્યાર્થીઓ અને કાર્યકરોએ પોતાના અનુભવો પણ રજૂ કર્યા.

**આંબલા સમાચાર**

- તા. ૦૨ના રોજ શ્રી નરેન્દ્રભાઈ મકવાણા તથા શ્રી મહર્ષિભાઈ સોલંકી વાળુકડ મુકામે ૫૭મી રેલીની તાલીમ શિબિરમાં જઈ આવેલ.
- તા. ૦૩ના રોજ શ્રી ભદ્રાયુભાઈ વછરાજાની તથા શ્રી વિશાલભાઈ ભાદાણી સંસ્થા મુલાકાતે આવી ગયા.
- તા. ૦૭ના રોજ 'ખજાનાની શોધ' કાર્યકમમાં વિદ્યાર્થીઓ અને કાર્યકરોએ ઉત્સાહથી ભાગ લીધો.
- તા. ૦૮ના રોજ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી માલપરા ગામના શ્રી બાબુભાઇ જાદવણીનું દુઃખદ અવસાન થતા સંસ્થા પરિવારે શ્રદ્ધાંજલિ પાઠવી હતી.
- તા. ૦૯ના રોજ 'હર ઘર તિરંગા' કાર્યક્રમ અંતર્ગત આંબલા ગામમાં રેલી યોજી.
- તા. ૦૯ના રોજ વિશ્વ સિંહ દિવસની ઉત્સાહપૂર્વક ઉજવણી કરેલ.
- તા.૧૦ના રોજ રક્ષાબંધન પર્વની ઉજવણી સોનગઢ પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ.ના અધ્યક્ષ સ્થાને યોજાઇ હતી.
- તા. ૧૪ના રોજ ગૃહપતિ મંડળની બેઠક યોજાયેલ.
- તા.૧૫ના રોજ જલધારા ખોડિયાર મંદિરના મહંતના હસ્તે ધ્વજવદન કાર્યકમનું આયોજન થયું હતું તેમાં ગામજનો, કાર્યકર, વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ.
- તા.૨૮ના રોજ બેલા મુકામે શ્રી વાઘજીભાઈ તથા ગૌરાગભાઈ શૈક્ષણિક સચિવ શ્રી વ્યાસ સાહેબના સત્કાર સમારંભમાં જઈ આવ્યા.
- તા. ૨૯ના રોજ શ્રી પ્રશાંતભાઈ ભટ્ટે પ્રાર્થનાના અનુસંધાને વાત કરી.

**મણાર સમાચાર**

- તા.૦૨ના રોજ એક દિવસનો ધોરણ ૯ થી ૧૨નો શૈક્ષણિક પ્રવાસ યોજાયો. જેમાં અયોધ્યાપુરમ, કુંડળધામ- સાળંગપુર દર્શન તથા સિહોરની સર્વોત્તમ ડેરીની શૈક્ષણિક મુલાકાત લઈ રાજપરા ખોડીયાર મંદિર પણ જઈ આવ્યા. શ્રી ડાંગરભાઈના સુંદર આયોજન સાથે સમગ્ર સ્ટાફ ગણે ભારે જહેમત ઉઠાવી.
- તા.૧૦ના રોજ રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી. મુખ્ય મહેમાન વક્તા શ્રી મનહરભાઈ ઠાકરે પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું. મુ.શ્રી પ્રવીણભાઈ મહેતાએ શુભેચ્છા પાઠવી. શ્રી ડાંગરભાઈએ પણ પ્રસંગોચિત વાતો કરી.
- 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત તા.૧૦ના રોજ 'વિશ્વસિંહ દિવસ'ની પણ ઉજવણી કરવામાં આવી. સિંહના મહોરા સાથે રેલી તથા પ્રતિજ્ઞાપત્ર મુજબ સંકલ્પ લેવામાં આવ્યા.
- તા.૧૧ના રોજ સ્વ.મૃદુલાબેન પ્ર.મહેતા પ્રેરિત આ.પંડિત સુખલાલજી વ્યાખ્યાનમાળા મણકો-૩૦નું આયોજન થયું જેમાં વ્યાખ્યાતા તરીકે જાણીતા કેળવણીકાર, લેખક અને લોકભારતી સણોસરા યુનિવર્સિટીના કુલપતિ ડૉ. ભદ્રાયુ વચ્છરાજાનીએ સુંદર વ્યાખ્યાન આપ્યું.
- તા.૧૨ના રોજ લોકશાળા મણારમાં 'નશાબંધી સપ્તાહ' ઉજવણી અંતર્ગત સર્વ વિદ્યાર્થીઓ તથા સ્ટાફગણ સહિત ભારતને વ્યસનમુક્ત બનાવવાના સહુએ સપથ લીધા, આ અંગે જાગૃતિ

લાવવા શાળાના આચાર્યશ્રી તથા શિક્ષકો દ્વારા પ્રવચન અને માર્ગદર્શન આપવામાં આવ્યું.

- તા.૧૨ના રોજ ભાવનગર જીલ્લાનો ૭૩મો ''વન મહોત્સવ'' ગ્રામ દક્ષિણામૂર્તિ, મણાર અને કૃષિ બાગાયત વિકાસ કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે યોજાયો. વનવિભાગ દ્વારા આયોજિત વૃક્ષારોપણ કાર્યક્રમના મુખ્ય વક્તા મંત્રીશ્રી આર. સી.મકવાણા સાહેબ, શ્રી અરૂણભાઈ દવે અન્ય રાજકીય હોદેદારો તથા સરકારી અધિકારીઓ ઉપસ્થિત રહયાં. તળાજા તાલુકાના આર.એફ.ઓ આરતીબહેનને ખૂબ જહેમત ઉઠાવી તથા લોકશાળા મણાર સંસ્થા, અને એન.એસ.એસ. યુનિટ ખૂબ જ મદદરૂપ બન્યા.
- તા.૧૩,૧૪ અને ૧૫મી ઓગષ્ટ એમ ત્રણ દિવસ ''આઝાદી કા અમૃત મહોત્સવ'' સંદર્ભે શાળામાં ઉમંગભેર ઉજવણી કરવામાં આવી. ''ત્રિરંગા યાત્રા'' યોજવામાં આવી. મુખ્ય મહેમાન તરીકે શ્રી મનુભાઈ ઈટાળિયા ઉપસ્થિત રહી ધ્વજવંદન કરાવ્યું.
- ૧૫મી ઓગષ્ટના પ્રસંગે ઉ.મા.વિભાગમાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા શ્રી કંચનબેન થડોદા જેમનું બેસ્ટ એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર તરીકેનું સન્માન જિલ્લા કક્ષાના ધ્વજવંદન કાર્યક્રમ કે.વી.પારેખ કૉલેજ, મહુવા ખાતે શ્રી કિરીટસિંહ રાણા અને પૂજય મોરારિબાપુના વરદહસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે ડી.ઈ.ઓ કચેરીનો સમગ્ર સ્ટાફ, શ્રી ડાહ્યાભાઈ ડાંગર પણ હાજર રહયાં હતા.
- સંસ્થામાં 'જન્માષ્ટમી પર્વ'ની ખૂબ ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી. રાસ, ગરબી, જન્મોત્સવ, પ્રસાદી દ્વારા હોંશભેર ઉજવણી થઈ.
- તા.૨૫ના રોજ ફ્રેચ ડેલીગેટ મિસ. જેનીજેક લોકશાળા મણારની શુભેચ્છા મુલાકાતે આવેલા. જેઓએ કૃષિ બાગાયત વિકાસ કેન્દ્રની, ગૌશાળાની, ખેતી વિભાગની અને સ્કૂલની મુલાકાત લીધેલ. જેઓ આંતરરાષ્ટ્રીય સહકાર ક્ષેત્રમાં સારો અનુભવ ધરાવે છે. ૫૦ થી વધુ દેશો સાથે આ બાબતે જોડાયેલ છે.
- તા.૨૯ના રોજ લોકભારતી સણોસરા ખાતે યોજાયેલ 'દર્શક વ્યાખ્યાનમાળા'માં શ્રી સુરસંગભાઈ ચૌહાણ, શ્રી ડાહ્યાભાઇ ડાંગર તથા કાર્યકરો જઈ આવ્યા.
- સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ આયોજિત રેલીની પ્રથમ મિટિંગ લોકવિદ્યાલય વાળુકડ મુકામે યોજાઈ તેમાં શાળાના બે શિક્ષકો શ્રી પૃથ્વીરાજસિંહ ગોહીલ અને શ્રી વિપુલભાઈ સરવૈયા જઈ આવ્યા.
- ગ્રામ દક્ષિણામૂર્તિ લોકશાળા –મણારના બહેનો તળાજા તાલુકાના કલા મહોત્સવમાં ગરબાની સ્પર્ધામાં અને ૦૬ થી ૧૪ વર્ષની વયજુથની સમૂહગીતની સ્પર્ધામાં ભાગ લઈ બંને સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવેલ, તે બદલ લોકશાળા પરિવારે ભાગ લેનાર તમામ બહેનોને અભિનંદન પાઠવ્યાં હતા.

**માઈધાર સમાચાર**

- તા.૬ના રોજ કંચન ફાઉન્ડેશન અમદાવાદથી રાજેશભાઈ શાહ, શ્રી સ્મિતાબહેન શાહ તેમજ શ્રી મમતાબહેન ચૌહાણ સંસ્થા મુલાકત માટે આવી ગયા. અગિયાર દીકરીઓને શિક્ષણ ફી મદદ માટે પાંચ-પાંચ હજારની મદદ કરી. તેમજ હજુ પણ સંસ્થા સાથે રહીને આ પ્રકારના કાર્યો કરતા રહેવાની ઉત્સુકતા દર્શાવી, નાનકડા કાર્યક્રમ દ્વારા કૃતજ્ઞતા ભાવ પ્રગટ કર્યો.
- તા.૧૦ના રોજ રક્ષાબંધન ઉજવણીનો કાર્યક્રમ

શ્રી ભરતભાઈ દવેની ઉપસ્થિતિમાં યોજાયો. વિદ્યાર્થી અભિવ્યક્તિ તેમજ રક્ષાબંધન ગીતો વિદ્યાર્થી ભાઈઓ બહેનો દ્વારા રજૂ થયા.

- તા.૧૧ના રોજ 'વડીલો સાથે વાતો' કાર્યક્રમ અંતર્ગત શ્રી નલીનભાઈ પંડિત અને શ્રી દેવીયાનીબહેન પંડિત માઈધાર પધાર્યા. વિદ્યાર્થીઓએ સઘન પ્રશ્નોતરી દ્વારા પ્રેરણાપાથેય મેળવ્યું. રાત્રે સમૂહભોજન, ગરબીમાં સહુ આનંદભેર જોડાયા હતા. શ્રી અરુણભાઈ દવેની ઉપસ્થિતિ પ્રેરક રહી.
- તા. ૧૫મી ઓગસ્ટના રોજ માઈધાર ગામમાં ધ્વજવંદન કાર્યક્રમમાં સહુએ ભાગીદારી કરી તેમજ શ્રી ભાવનાબહેન અને શ્રી પાતુભાઈએ પ્રાસંગિક વાતો કરી. બપોરે વાલીમિલનમાં બહોળી સંખ્યામાં વાલીગણ હાજર રહ્યા. શ્રી નિર્મળભાઈ તેમજ શિક્ષકોએ અને શ્રી પાતુભાઈએ વાતો કરી, સાંસ્કૃતિક કાર્યક્રમ વિદ્યાર્થી ભાઈઓ-બહેનો દ્વારા રજૂ થયો.
- તા. ૨૦ના રોજ મુંબઈ સ્થિત પરમાનંદ દાદા તેમજ તેમના પુત્રવધુ ડો.મોનાબહેન સંસ્થા મુલાકત માટે આવી ગયા, તેમની સાથે લોકભારતીના પૂર્વ વિદ્યાર્થી અને ટ્રસ્ટીઓ શ્રી મહેશભાઈ હુંબલ અને શ્રી કલ્યાણભાઈ ડાંગર હાજર રહ્યા હતા.
- તા ૨૨-૨૩ના રોજ આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર અને મોજીલું શિક્ષણના કાર્યકરો લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્ર આયોજિત અટલ લેબ સંલગ્ન કાર્યશાળામાં ભાગ લઈ આવ્યા.
- તા.૨૪-૨૫-૨૬ ત્રણ દિવસોમાં ધરમપુર (ખોબા)થી સાત શિક્ષકો આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર અને મોજીલું શિક્ષણની પ્રવૃત્તિઓ જોવા સમજવા આવી ગયા.
- તા.૨૭ ના રોજ લોકનિકેતન બેલા સસ્થામાં યોજાયેલ શિક્ષણ સચિવશ્રી વ્યાસસાહેબના સન્માન કાર્યક્રમ તેમજ વિજ્ઞાન પ્રવાહ ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં શ્રી પાતુભાઈ, શ્રી અક્ષયભાઈ, શ્રી રણછોડભાઈ જઈ આવ્યા.
- તા.૨૭ના રોજ છાત્રાલયના વિદ્યાર્થીઓ દ્વારા સંગીત સંધ્યા કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં વિદ્યાર્થીઓએ વર્ષાઋતુ અને જન્માષ્ટમીના ગીતો ગાયા હતા. શ્રી ભરતભાઈ દવે અને શ્રી ભાવનાબહેન પાઠક દ્વારા માર્ગદશન મળ્યું.
- તા.૨૯ના રોજ દર્શક પુણ્યતિથિ કાર્યક્રમમાં લોકભારતી ખાતે શ્રી પાતુભાઈ તેમજ અન્ય કાર્યકરો જઈ આવ્યા.

**સપ્ટેમ્બર માસના સમાચાર**

**લોકભારતી સમાચાર**

- તા.૧ ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓના તા.૨થી ૧૬ સુધીના સમયગાળા દરમ્યાન ગોઠવાયેલ કેન્દ્ર નિવાસ કાર્યક્રમ અન્વયે અભિમુખતા કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં શ્રી હસમુખભાઈ સુથાર અને શ્રી કાંતિભાઈ ગોઠીએ, સંયોજકશ્રી યોગેશભાઈ ત્રિવેદી અને શ્રી અલ્કેશભાઇ ચૌહાણ અને મુખ્ય વિષયના બધા અધ્યાપકશ્રીઓ દ્વારા જરૂરી માર્ગદર્શન અને સૂચના આપવામાં આવી.
- પંચાયતી રાજ તાલીમ કેન્દ્રમાં ગ્રામ પંચાયત મંત્રી ઓપવર્ગ – ૨૩૪માં તા.૦૧ ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિએ કૈલાસ માનસરોવર યાત્રાનું અને તા.૦૪ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી ધરતીબહેન જોગરાણાએ આકાશદર્શન કરાવેલ.
- પંચાયતી રાજ તાલીમ કેન્દ્રના મંત્રી ઓપવર્ગ – ૨૩૪ના તાલીમાર્થીઓનો તા. ૩જીએ શ્રી

ગિરીશભાઈ દવે અને શ્રી જીવણભાઇ જોગરાણા સાથે શૈક્ષણિક પ્રવાસ યોજાઈ ગયો.

- તા.૩ ના રોજ અધ્યાપન મંદિરમાં 'અધ્યાપન : અમૃત મહોત્સવ' અંતર્ગત ભૂતપૂર્વ તાલીમાર્થી શ્રી મહાવીરસિંહ ગોહિલે પોતાના સંસ્મરણો તાજા કરીને શૈક્ષણિક વિચારો રજૂ કર્યા. નવા બાળગીતો ગવડાવીને તાલીમાર્થીઓને રસ તરબોળ કર્યા.
- તા.૦૫ના રોજ પૂ. મૂળશંકરભાઈ ભટ્ટ સ્મારક વ્યાખ્યાનમાળામાં જાણીતા ટ્રેઈનર, શિક્ષણવિદ્ અને લોકભારતીના પૂર્વવિદ્યાર્થી શ્રી પાર્થેશભાઈ પંડ્યાએ મૂ. મો. ભટ્ટની સાહસકથા 'સાહસિકોની સૃષ્ટિ' વાર્તા રજૂ કરી. આવકાર અને પરિચય ડૉ. હસમુખભાઈ સુથારે આપ્યો હતો. મુખ્ય વક્તાશ્રીને શાલઅર્પણ વિધિ અને આભારદર્શન શ્રી મહેન્દ્રસિંહ પરમારે કર્યું. શ્રી દર્શનાબહેન ભટ્ટે અમેરિકાથી ઑડિયો રેકોર્ડ કરીને મોકલેલ સુગમગીત સંભળાવવામાં આવ્યું. કાર્યક્રમમાં આંબલા-મણાર-માઈધારના કાર્યકરો અને લોકમિત્રા-ઢેઢુકી તથા લોકવિદ્યાલય-માઈધારના વિદ્યાર્થીઓ અને કેટલાક પૂર્વ વિદ્યાર્થીઓ, લોકભારતીના શુભેચ્છકો અને લોકભારતી પરિવારજનો ઉપસ્થિત રહ્યા.
- તા. ૫ ના રોજ અધ્યાપન મંદિરમાં 'શિક્ષક દિન' ઉજવાયો.
- પંચાયતી રાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૬ના રોજ ગ્રામ પંચાયત મંત્રી ઓપવર્ગ – ૨૩૪ ના શુભેચ્છા સમાપન કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવે ઉપસ્થિત રહ્યા અને પ્રમાણપત્ર વિતરણ કર્યું.
- શ્રી અરુણભાઈ દવે, શ્રી અર્ચનાબહેન દવે અને શ્રી ભદ્રાયુભાઈ વછરાજાની પૂ. મોરારિબાપુના ખાસ નિમંત્રણથી તેઓની ટાંજાનિયા-ઝાંઝીબાર મુકામે યોજાયેલ કથામાં તા.૦૭થી ૧૮ દરમિયાન જઈ આવ્યાં. તેઓને તા.૦૬ની સાયં પ્રાર્થનામાં શુભેચ્છાઓ આપવામાં આવી.
- તા.૭ થી ૯ ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓનો સંસ્થાના પાયાના મૂલ્યો વિશેનો અભિમુખતા કાર્યક્રમ યોજાઈ ગયો. બીજા વર્ષના વિદ્યાર્થીઓ અને બધા કાર્યકરોને ચાર ટુકડીઓમાં પૂર્વ તૈયારી કરવામાં આવી. આ કાર્યક્રમનો શુભારંભ શ્રી રામચંદ્રભાઈ પંચોળી દ્વારા કરવામાં આવ્યો.
- તા.૭ થી ૯ દરમ્યાન અધ્યાપન મંદિરના પ્રથમ વર્ષના તાલીમાર્થીઓની દક્ષિણામૂર્તિ બાલમંદિર, શિશુવિહાર, બહેરા-મૂંગા અને અંધ ઉદ્યોગશાળા ભાવનગર ખાતે ત્રિદિવસીય ઇન્ટર્નશીપ યોજાઇ.
- સ્પીકમેકે-ભાવનગર ચેપ્ટરના આયોજનમાં તા.૦૮ની સવારે ૦૮-૦૦ કલાકે સારસ્વત ભવનમાં જાણીતા સિતારવાદક શ્રી નયન ઘોષનો સિતારવાદનનો એક કાર્યક્રમ યોજાઈ ગયો, નજીકની શાળાઓના સંગીતચાહક વિદ્યાર્થીઓ પણ તેમાં જોડાયા.
- તા.૦૯ના રોજ સાયં પ્રાર્થનાના અનુસંધાને શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ લોકભારતીની શિક્ષણપ્રણાલી અંગે વાતો કરી.
- તા. ૦૯ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા જિલ્લાના ૬૫ ખાતર ડીલરો માટે એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં શ્રી હસમુખભાઈ દેવમુરારિ, જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ કૃષિ નિયામક (ગુણવત્તા નિયંત્રણ), શ્રી નિગમભાઈ શુકલ તથા અન્ય કાર્યકરો જોડાયા.
- પંચાયતી રાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૯ના રોજ

ગ્રામ પંચાયત મંત્રી ઓપવર્ગ – ૨૩૫ નો વર્ગ પ્રારંભ થયો જેમાં ત્રીસેક જેટલા તાલીમાર્થીઓ હાજર થયેલ. આ વર્ગનો પ્રારંભ શ્રી હસમુખભાઈ દેવમુરારિએ કરાવ્યો હતો.

- તા.૧૧ ના રોજ સવારે સામાન્ય જ્ઞાન કસોટી યોજવામાં આવી. કુલ ૬૩ વિદ્યાર્થી ભાઇઓ-બહેનો ભાગીદાર થયા. આ કાર્યક્રમનું સંકલન શ્રી પુંજાભાઈ મકવાણાએ કર્યુ.
- શ્રી નિગમભાઈ શુકલ તા.૧૨ના રોજ અમદાવાદ જિલ્લા સહકારી બેંક દ્વારા જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને બોટાદ ખાતે રેશમ તથા લાખ ઉત્પાદન બાબતે યોજવામાં આવેલ બેઠકમાં ભાગ લેવા જઈ આવ્યા. તા. ૧૬ના રોજ નીતિ આયોગ દ્વારા ‘‘બાજરી તથા અન્ય હલકા ધાન્ય પાકો’’ની ખોરાક અને પોષણમાં જરૂરીયાત બાબતે યોજવામાં આવેલ ઓનલાઈન બેઠકમાં ભાગ લીધો. તા. ૨૪ના રોજ અરવીંદ મીલ્સ, અમદાવાદ દ્વારા ઢસા મુકામે ટકાઉ ખેત પદ્ધતિઓ દ્વારા ઉપજેલ કાર્બન ક્રેડીટ બાબતની બેઠક તથા તા. ૨૬ના રોજ ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, ન્યુ દિલ્હી દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત ‘સ્પેશ્યલ કેમ્પેઈન ૨.૦’ બાબતે યોજવામાં આવેલ ઓનલાઈન બેઠકમાં ભાગ લીધો.
- પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝ-મુંબઈના આઠેક ચિફ એક્ઝીક્યૂટીવ્ઝની એક ટીમ શ્રી સ્મિતાજીના નેતૃત્વ તળે તા.૧૪મીના રોજ લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગઈ. તેઓ સૌ લોકભારતીના ભાવાવરણથી અત્યંત પ્રસન્ન થયા.
- ભાવનગર મુકામે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ભાવનગર અને સાંઈલક્ષ્મી-રાજકોટના સંયુક્ત ઉપક્રમે તા.૧૪ના રોજ યોજાયેલ કાર્યક્રમ ‘વાર્તાથી વાવેતર’માં શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી વિશાલભાઈ ભાદાણી જઈ આવ્યા.
- તા.૧૬ થી ૩૦ સુધીના સમગાળામાં ઉ. શિ. કમિશ્નરશ્રી કચેરી ગાંધીનગર દ્વારા climate change youth outreach fortnight programme અન્વયે લોકસેવાના ત્રણેય વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા જુદા જુદા કાર્યક્રમ શ્રી કાળુભાઈ ખોખરીયાના સંકલનમાં યોજાઈ ગયા. આ કાર્યક્રમમાં બધા અધ્યાપકો જોડાયા.
- પંચાયતી રાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૬ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિએ તેમજ ભાવનગર ડી.આર.ડી.એ.માંથી શ્રી અનિલ કુમાર આર. રાઠોડ અને શ્રી જયંતભાઈ કે. સુમરાએ, શ્રી રાજેન્દ્રભાઈ ચોટલીયા અને શ્રી દિનુભાઈ ચુડાસમાએ તાલીમાર્થીઓ સમક્ષ વ્યાખ્યાન આપ્યું અને ચર્ચા કરી.
- તા.૧૭મીના રોજ લોકભારતીના પૂર્વનિયામક શ્રી પ્રવીણભાઈ ઠક્કર વડોદરાની પ્રસિદ્ધ વાસુ હેલ્થકેર પ્રા.લિ.ના ફાઉન્ડર્સ શ્રી વિઠ્ઠલભાઈ ઉકાણી અને તેમના ભાઈઓને લઈને લોકભારતીની પરિચય તથા શુભેચ્છા મુલાકાતે આવી ગયા. લોકભારતીના ભાવાવરણથી તેઓ ખૂબ પ્રભાવિત થયા.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને IFFCO, ભાવનગર દ્વારા "પોષણ અભિયાન"ના રાષ્ટ્રીય અભિયાન હેઠળ, તા. ૧૭ના રોજ "સંતુલિત પોષણ અને વૃક્ષારોપણ" પર એક સહયોગી કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ૧૫૦ જેટલી ગ્રામીણ મહિલાઓ અને ૫૦ ખેડૂતોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષ શ્રી હસમુખભાઈ દેવમુરારિ હતા અને આરોગ્ય સંભાળ માટે સંતુલિત પોષણ પર ટેકનિકલ વ્યાખ્યાન પ્રોગ્રામ

ઓફિસર, ICDS, ભાવનગર દ્વારા આપવામાં આવ્યું હતું. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના કાર્યકરો દ્વારા વિવિધ પાકોની બાયોફોર્ટિફાઇડ જાતો અને તેની સદ્ધરતા અને ઉપલબ્ધતા વિશેની માહિતીની ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે તમામ સહભાગીઓને કિચન ગાર્ડનની કીટ અને ફળ પાકની કલમનું વિતરણ કરવામાં આવ્યું હતું.

- તા.૧૭મીના રોજ બી.એડ્. કૉલેજ-ડુમિયાણીના તાલીમાર્થીઓને લઈને તેના પ્રાધ્યાપક શ્રી અશ્વિનભાઈ લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગયા.
- પંચાયતી રાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૦ના રોજ મંત્રીઓ સાથે શ્રી જીવણભાઇ જોગરાણા શૈક્ષણિક પ્રવાસે જઇ આવ્યા.
- તા.૧૭થી ૨૪ સુધીના ગાળામાં લોકસેવાના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓની પ્રથમ આંતરિક મૂલ્યાંકન કસોટી યોજાઈ ગઈ.
- પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ-મુંબઈના આઠેક ચિફ એક્ઝીક્યૂટીવ્ઝની બીજી એક ટીમ શ્રી લવીનાજી ફર્નાન્ડીઝના નેતૃત્વ તળે તા.૨૧મીના રોજ લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગઈ. તેઓ સૌ લોકભારતીના ભાવાવરણથી અત્યંત પ્રસન્નતા અનુભવી. લોકભારતી પરિસરની પ્રવૃત્તિઓ ઉપરાંત લોકભારતી અને પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝના સંયુક્ત ઉપક્રમે ચાલતાં જળસંચયના થયેલાં કાર્યો પૈકી ઝાંઝમેર મુકામે નવનિર્મિત ચેકડેમની મુલાકાતે પણ આ ટીમ જઈ આવી અને આ મોટો ચેકડેમ ભરાયેલો જોઈને અતિ આનંદ વ્યક્ત કર્યો.
- શ્રી શબનમજી આયોજિત 'શબદ શાળા' કાર્યક્રમ અંતર્ગત સ્થાનિક ભજનપ્રેમી શ્રી હરેશભાઈ મહેતા અને તેની ટીમે તા.૨૨મીના રોજ લોકભારતીમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓને ભજનની તાલીમ આપી.
- શિશુવિહાર-ભાવનગર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ આપણી સંસ્થાઓની વિદ્યાર્થિનીઓને શિષ્યવૃત્તિ અર્પણ કરવાનો કાર્યક્રમ તા.૨૨ના રોજ કન્યા વિદ્યાલય-વળાવડ મુકામે યોજાયો જેમાં લોકભારતીની વીશ બહેનોને શિષ્યવૃત્તિ આપવામાં આવી. આ બહેનોને લઈને ગૃહમાતા શ્રી માધવીબહેન પંડ્યા જઈ આવ્યાં.
- પંચાયતી રાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૨ના રોજ શુભેચ્છા કાર્યક્રમમાં શ્રી રામચંદ્રભાઈ પંચોલી ઉપસ્થિત રહી પ્રમાણ પત્ર વિતરણ કરી સૌને શુભેચ્છાઓ પાઠવી. આ પ્રસંગે તાલીમાર્થીઓ તરફથી તાલીમ કેન્દ્રના ઉપયોગ માટે રૂ. ૧૧,૦૦૦/- સપ્રેમ આપવામાં આવ્યા તથા ૩૦૦૦/- રૂ. ની છાત્રાલય માટે વસ્તુઓ સપ્રેમ આપેલ. શ્રી રામચંદ્રભાઈ એ ખુશી વ્યક્ત કરી.
- તા.૨૩ના રોજ લોકસેવાના બીજા વર્ષના વિદ્યાર્થીઓનો એક દિવસીય પ્રગતિશીલ ખેડૂત ફાર્મ મુલાકાતનો કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં શ્રી કાળુભાઈ, શ્રી કિશોરભાઈ હિરાણી અને શ્રી કુમારભાઈ જોડાયા.
- તા.૨૪ના રોજ ગાંધી આશ્રમ-અમદાવાદના નિયામક શ્રી અતુલભાઈ પંડ્યા ટૂંકી મુલાકાતે આવી ગયા તેમની સાથે ગાંધીજી અને સર્વધર્મ પ્રાર્થના પ્રોજેક્ટમાં કાર્યરત શ્રી દિવ્યાબહેન ભટ્ટ હતા, તેઓ આ પ્રોજેક્ટ અંતર્ગત સૌ સંબંધિતોને મળ્યા અને વિચાર-વિમર્શ કર્યો.
- તા.૨૫ના રોજ અધ્યાપન મંદિરના ૨૦૦૫-૦૬ બેચના પૂર્વ વિદ્યાર્થી ઠુમ્મર નિશીલભાઈએ તાલીમ દરમ્યાનના પોતાના અનુભવો તાલીમાર્થીઓ સમક્ષ વાગોળ્યા.

- ભારત સરકારના આરોગ્યમંત્રીશ્રી અને ગુજરાત નઈ તાલીમ સંઘના પ્રમુખ મા.શ્રી મનસુખભાઈ માંડવિયાની પ્રેરણાથી દેશની નામાંકિત સીરમ ઈન્સ્ટીટ્યૂટ ઈન્ડિયા પ્રા. લિ. તરફથી રાજ્યની નઈ તાલીમ સંસ્થાઓને CSR દાન અંતર્ગત દરેકને ૨૫-૨૫ લાખના દાનના ચેક અર્પણ કરવાનો કાર્યક્રમ તા.૨૫મીના રોજ ગૂજરાત વિદ્યાપીઠ-અમદાવાદ ખાતે યોજાયો તેમાં આંબલા-મણાર અને માઈધાર સંસ્થાઓના પ્રતિનિધિ તરીકે શ્રી હસમુખભાઈ દેવમુરારિ ઉપસ્થિત રહ્યા અને ચેક સ્વીકાર્યા.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા "પોષણ માહ" ની ઉજવણીના ભાગ રૂપે, જિલ્લાના બજુદ ગામમાં તા. ૨૬ના રોજ ઓછી કિંમતની અને ઉચ્ચ પોષક રેસીપી ("ન્યુટ્રી થાળી") નું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.
- તા.૨૭ના રોજ અધ્યાપન મંદિરમાં શ્રી રાજેન્દ્રભાઈ ચોટલીયાએ વિદ્યાર્થી ભાષાભિવ્યક્તિ સંદર્ભે અને ભૌતિકભાઈ લીંબાણીએ ટૂંકાગાળાના કોર્સીસ વિષે વાત કરી.
- શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ તા.૨૮ના રોજ તેમના મિત્રો સાથે લોકભારતીની એક ટૂંકી મુલાકાતે આવી ગયા.
- ગાંધીજયંતી નિમિત્તે ગ્રામજીવન યાત્રા અંતર્ગત તા.૩૦ના રોજ દરેક શૈક્ષણિક વિભાગના બીજા વર્ષના વિદ્યાર્થીઓ અને કેટલાક કાર્યકરો આજુબાજુના ગામડાંઓમાં સવારથી સાંજ સુધી પદયાત્રા કરીને ગયા. દરેક શૈક્ષણિક વિભાગના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ અને કેટલાક કાર્યકરોએ લોકભારતીમાં જ ગાંધીજયંતીને અનુરૂપ કાર્યક્રમો કર્યા. દરેક શૈક્ષણિક વિભાગના પહેલા વર્ષના વિદ્યાર્થીઓ અને કાર્યકરો સણોસરા ગામમાં સવારથી સાંજ સુધી ગયા અને વિવિધ કાર્યક્રમો કર્યા.
- પંચાયતી રાજ તાલીમ કેન્દ્રમાં તા.૩૦ના રોજ ગ્રામ પંચાયત મંત્રી ઓપવર્ગ – ૨૩૬ નો પ્રારંભ થયો જેમાં ૨૫ તાલીમાર્થીઓ હાજર થયેલ.
- શ્રી અરુણભાઈ દવે મૂ.મો. ભટ્ટ વ્યાખ્યાનમાળાના સમાપન પછી વિદેશ જવાની તૈયારીમાં લાગ્યા અને તા. ૭થી ૧૯ દરમિયાન ઝાંઝીબાર ખાતે યોજાએલ પૂ. મોરારિબાપુની કથાનો લ્હાવો શ્રી અર્ચનાબહેન સાથે માણી આવ્યા. ચડત કામો પતાવવા આંબલા-માઈધાર જવા ઉપરાંત શ્રી પ્રફુલ્લભાઈ દવે અને શ્રી વિનોદભાઈ મકવાણાની શ્રદ્ધાંજલિ સભામાં અમદાવાદ તથા ધજાળા જઈ આવ્યા. તા. ૨૫મીએ બેલા ખાતે વાર્ષિકોત્સવમાં અને તા. ૨૯મીએ મહુવા ખાતે રામકથામાં હાજરી આપી આવ્યા.

**આંબલા સમાચાર**

- તા. ૦૧ના રોજ NCC બેઠકમાં શ્રી નરેન્દ્રભાઈ મકવાણા જઈ આવ્યા.
- તા. ૦૪ના રોજ ૫૭મી રેલી સંદર્ભે શિક્ષક શ્રી નરેન્દ્રભાઈ મકવાણા તથા શ્રી મહર્ષિભાઈ સોલંકી તાલીમમાં બેલા મુકામે ગયા હતા.
- તા. ૦૫ના રોજ સ્વંયમ શિક્ષણ દિનની ઉજવણી કરવામાં આવી.
- તા. ૦૫ના રોજ ભાવનગર મુકામે જિલ્લા વહીવટી તંત્ર અને શિક્ષણ તંત્ર દ્વારા આંબલા લોકશાળાને ધોરણ – ૧૦ અને ૧૨માં ૧૦૦% પરિણામ લાવવા બદલ સન્માન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં આચાર્યશ્રી વાઘજીભાઈ જઈ આવ્યા.

- તા. ૧૦ના રોજ શરદ પૂનમ નિમિત્તે સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું.
- તા. ૧૮ના રોજ 'આનંદ બજાર' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, વિદ્યાર્થી અને કાર્યકરોએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.
- તા. ૨૬ના રોજ મા ભગવતીના આરાધના પર્વ નવરાત્રિના પ્રથમ દિવસે ગરબીનું આયોજન કરવામાં આવેલ. તા. ૨૮ના રોજ ભારતીય સંસ્કૃતિ મુજબ વેશભૂષામાં ગરબા રમવામાં આવ્યા. શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.
- હાર્ટફૂલનેસ કાર્યક્રમ અંતર્ગત બે વિદ્યાર્થિની બહેનો ૩ દિવસની તાલીમમાં શ્રી રામભાઈ સાથે હૈદરાબાદ જઈ આવી.
- સંસ્થામાં તા. ૨૧ના રોજ રમોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

**મણાર સમાચાર**

- સફાઈ પખવાડિયા અંતર્ગત તા. ૦૧થી ૧૫ સુધી સંસ્થામાં સ્વચ્છતાને લગતા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા.
- આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી નિમિત્તે મીઠીવીરડી દરિયા કિનારાની સફાઈ (પ્લાસ્ટિક ભેગું કરવું ) એન.એસ.એસ. યુનિટ દ્વારા યોજવામાં આવી. જેમાં સંસ્થાના તમામ છાત્ર-છાત્રાઓ તથા કાર્યકરો જોડાયા. સાથે સાથે દરિયા કિનારાનો ચાલતો પ્રવાસ તથા એક દિવસીય કેમ્પ યોજવામાં આવ્યો.
- તા. ૦૩ના રોજ ''મતદાન જાગૃતિ રેલી'' અંતર્ગત જાગૃતિ બેનર સાથે સૂત્રોચ્ચાર રેલી અને સ્વચ્છતા માટેની શપથવિધિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો.
- તા.૦૫ના રોજ શિક્ષકદિન નિમિત્તે ''સ્વયં શિક્ષણ દિન''ની ઉજવણી કરવામાં આવી.
- તા. ૧૬ના રોજ ''અખિલ હિન્દ અંધજન દિન'' સપ્તાહ નિમિત્તે એન.એસ.એસ. યુનિટના ધો. ૧૧ અને ૧૨ના છાત્ર- છાત્રો(સ્વયંસેવકો) તથા કર્મચારીગણ આજુબાજુના ૧૦ જેટલા ગામોમાં ૧૯ ટુકડીમાં વહેંચાઈને ફાળો એકત્રિત કર્યો. આ ફાળાની રકમ આ વરસે ૧,૧૩,૮૫૭ (એક લાખ તેર હજાર આઠ સો સત્તાવન) જેટલી માતબર થઈ. આ રકમ આપણે દર વરસે અંધશાળા-ભાવનગરને મોકલી આપીએ છીએ.
- સંસ્થામાં આચાર્યશ્રી દ્વારા ''ફાયર સેફ્ટી''નું ડેમોસ્ટ્રેશન તમામ છાત્ર-છાત્રાઓ વચ્ચે યોજવામાં આવ્યું.
- તા.૨૦ના રોજ ૩૬મો ''નેશનલ ગેઇમ્સ'' પ્રોગ્રામ યોજવામાં આવ્યો. જેમાં ૧૧ જેટલી રમતો યોજવામાં આવી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે તળાજા તાલુકાના તાલુકા વિકાસ અધિકારી શ્રી કે. પી. પરમાર ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા.
- નવરાત્રી સંસ્થાના પ્રાંગણમાં ભાવસભર ઉજવાઈ ગઈ.
- અહીંના પૂર્વવિદ્યાર્થી શ્રી પીતાંબરભાઈના પુત્ર શ્રી મૌલિકભાઈ પગપાળા અને લિફ્ટ મળે તો તેમાં સમગ્ર ભારતના દરિયા કિનારાના પ્રવાસે, ખીસ્સામાં એક પણ રૂપિયો લીધા સિવાય નીકળ્યા છે. તેઓ તા. ૦૧ના રોજ અહીં સંસ્થામાં આવી ગયા. તેમણે કચ્છના નખત્રાણાથી શરૂ કરી અલંગ સુધીનો લગભગ ૧૫૦૦ કિ.મી. નો પ્રવાસ પૂર્ણ કર્યો છે. તેમણે સાયં પ્રાર્થનામાં પોતાના અનુભવો જણાવી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા.
- પીડીલાઇટ કંપનીના કર્મચારીઓના બે ગ્રૂપ એક એક અઠવાડિયાના અંતરે કૃષિ-બાગાયત વિકાસ

કેન્દ્ર તથા સંસ્થાની મુલાકાતે આવી ગયા.

- બેલા લોકશાળા મુકામે યોજાયેલ વાલી મિલન તથા તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવાનો કાર્યક્રમ યોજાઈ ગયો. અહીંના આચાર્ય તથા નિયામક અતિથિ વિશેષ તરીકે જઈ આવ્યા.
- આ માસમાં લોકભારતી બી. આર. એસ. -૨ બહેનો, ગૂજરાત વિદ્યાપીઠ બી. એડ. - ૩ બહેનો અને લોકભારતી સણોસરા બી. વોક - ૭ બહેનો ૧ ભાઈ તાલીમ માટે સંસ્થામાં આવી ગયા.
- લોકસેવા મહાવિદ્યાલય લોકભારતી સણોસરા ત્રીજા વર્ષના ત્રણ તાલીમાર્થીઓ અહીના 'મોજીલું શિક્ષણ' અંતર્ગત ૧૫ દિવસની તાલીમ લઈ ગયા.
- જિલ્લા કક્ષાના કલા મહાકુંભમાં આપણી છાત્રાઓ રાસ ગરબામાં ભાગ લેવા જઇ આવી. તેમાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કરેલ છે. તે બદલ સંગીત શિક્ષક તેમજ બહેનોને શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા.

**માઈધાર સમાચાર**

- તા. ૦૧ થી ૧૬ સુધી લોકભારતીથી બી.આર.એસ. ટી.વાય.ના બે બહેનો માઈધાર કેન્દ્રમાં એન.જી.ઓ. નિવાસ માટે આવી ગયા. તેઓ આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર,મોજીલું શિક્ષણ અને કૃષિ-કેન્દ્રની પ્રવૃત્તિઓમાં જોડાયા.
- ભાવનગર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા તા. ૫ના રોજ ૧૦૦ ટકા પરિણામ બાબતે લોકકલ્યાણ વિદ્યાલય-માઈધારને માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા સન્માન પત્ર મળ્યું. આ નિમિત્તે શ્રી નિર્મળભાઈ ભાવનગર સરદાર પટેલ સંકુલમાં જઈ આવ્યા.
- તા.૫ના રોજ લોકકલ્યાણ વિદ્યાલય માઈધાર ધોરણ-૧૨ ના વિદ્યાર્થીઓ મુ.મો.ભટ્ટ વ્યાખ્યાનમાળા અને લોકભારતી-આંબલાની શૈક્ષણિક મુલાકાતે જઈ આવ્યા. સાથે શ્રી સંજયભાઈ અને શ્રી એભલભાઈ જોડાયા હતા.
- તા.૭ ના રોજ રાજકોટથી શ્રી શબાનાબહેન દ્વારા લોકકલ્યાણ વિદ્યાલય માઈધારની બહેનો સાથે માસિકધર્મની જાગૃત્તિ બાબતે કાર્યશાળા યોજાઈ. બહેનોને સેનેટરી પેડનું વિતરણ કરવામાં આવ્યું.
- તા. ૮ના રોજ પોષણ પખવાડિયા નિમિત્તે લોકભારતીમાંથી શ્રી શીલાબહેન બોરીચા દ્વારા એનીમિયા જાગૃત્તિ કાર્યક્રમ બહેનો સાથે યોજાયો.
- તા. ૧૧ના રોજ શ્રી ભાવનાબહેન, શ્રી અક્ષયભાઈ તથા શ્રી રણછોડભાઈ 'શબદશાલા' અંતર્ગત વલ્લભીપુર શ્રી શબનમબહેન અને શ્રી ધ્રુવભાઈને મળવા જઈ આવ્યા.
- તા. ૧૪ ના રોજ પીડીલાઈટ, મુંબઈથી શ્રી સ્મિતાબહેન અને બહેનોની ટીમ માઈધાર કેન્દ્રની પ્રવૃત્તિઓ જોવા આવી ગયા.
- તા. ૧૫ના રોજ આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રના કાર્યકર મૂલ્યાંકન બાબતે શ્રી વિજયભાઈ કૌશલ અને શ્રી હસમુખભાઈ દેવમુરારિ આવી ગયા.
- તા.૨૧ ના રોજ પીડીલાઈટ, મુંબઈથી શ્રી લવિનાબહેન અને એક્ઝીક્યુટીવ ટીમ માઈધાર કેન્દ્રની મુલાકાતે આવી ગયા.
- તા. ૨૨ના રોજ લોકકલ્યાણ વિદ્યાલયના ૨૦ બહેનોને શિશુવિહાર તરફથી આર્થિક સહાય આપવાનો કાર્યક્રમ વળાવડ મુકામે યોજાઈ ગયો. જેમાં શ્રી નિર્મળભાઈ, શ્રી પ્રતિક્ષાબહેન અને બહેનો જઈ આવ્યા.
- તારીખ ૨૩ સપ્ટેમ્બરથી માઈધાર કેન્દ્રમાં ગાંધી સપ્તાહનો પ્રારંભ થયો જેમાં ૨૩મી એ પ્રાર્થનાના અનુસંધાને ભરતભાઈ દવેએ ગાંધીને શા માટે આજે પણ યાદ કરીએ છીએ? તે વિષયક સરળ-

રસપ્રદ વાતો કરી.

- તા. ૨૪ ના રોજ શ્રી અતુલભાઈ પંડયાએ ગાંધી જીવન વિષયક વાતો કરી.
- તા. ૨૫મી ના રોજ પ્રાર્થનાના અનુસંધાને શ્રી અરુણભાઈ દવેએ ઝાંઝીબાર-આફ્રિકા વિષે અને તા. ૨૬મી ના રોજ ગાંધી મહાત્મા કઈ રીતે બન્યા તે વિષે વાતો કરી.
- ગાંધી સપ્તાહના અનુસંધાને લોકકલ્યાણ વિદ્યાલયમાં પ્રદર્શન, ગાંધીગીતો, અહિંસાની રમતો, ગાંધી જીવન પ્રસંગ, ખાદી-મેળો, આરોગ્ય નિદાન કેમ્પ, મૂકનાટક, ગ્રામસફાઈ-હાલ ને ભેરુ ગામડે, ફિલ્મ દર્શન જેવા કાર્યક્રમો યોજાયા.
- તા. ૩૦ ના રોજ ધોરણ-૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ અને કાર્યકર પરિવારે ૧૦ ગામોમાં જઈને વિવિધ કાર્યક્રમો કર્યા.

**ઓક્ટોબર માસના સમાચાર**

**લોકભારતી સમાચાર**

- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૧ના રોજ વર્ગના પ્રારંભ કાર્યક્રમમાં શ્રી હસમુખભાઇ દેવમુરારિએ પ્રેરક પ્રવચન આપી કર્યો.
- ગાંધીજયંતી નિમિત્તે તા.૦૨ના રોજ સવારે પ્રાતઃ પ્રાર્થના અને ત્યાર બાદ સારસ્વત ભવનમાં સંમેલન યોજાયું, તેમાં બે વિદ્યાર્થીઓએ પોતાના સ્વાધ્યાય રજૂ કર્યા. અમદાવાદ વિસ્તારમાં અનોખી રીતે શિક્ષણ કાર્ય કરતાં શ્રી દર્શનબહેન પટેલે પોતાની વાતો રસાળ શૈલીમાં રજૂ કરી. આવકાર પરિચય શ્રી નિગમભાઈ શુક્લએ અને આભારદર્શન શ્રી ગિરીશભાઈ દવેએ કર્યું.
- તા.૦૨ના રોજ ગાંધીજયંતી અવસરે યોજાયેલ દર્શનબેન પટેલના વ્યાખ્યાનમાંથી પ્રેરણા મેળવી પંચાયતીરાજ તાલીમ કેન્દ્રના તાલીમાર્થીઓ શ્રી અમિતભાઈ ગોસલિયાએ તેમની શાળાને ૫૦૦૦/- રૂ. આર્થિક સહાય આપી.
- અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કૉલેજની 'શ્રદ્ધા' સંસ્થા દ્વારા જેઓ 'ફાધર' તરીકે દીક્ષા લેવાના છે તેવા ચાર 'બ્રધર' તેમની તાલીમના ભાગ રૂપે તા.૦૪થી ૧૬ દરમિયાન લોકભારતીની વિવિધ વિશિષ્ટ શૈક્ષણિક પ્રવૃત્તિઓનો અનુભવ મેળવવા આવી ગયા.
- લોકભારતી કાર્યકર કલ્યાણ નિધિ આયોજિત સમૂહ ભોજન તા.૦૫ના રોજ સાંજના મોટા રસોડે યોજાઈ ગયું.
- લોકભારતી વ્યવસ્થાપક મંડળની એક બેઠક તા.૦૬ના રોજ મળી ગઈ.
- પૂ.નાનાભાઈ ભટ્ટના પરિવારજનો શ્રી પ્રશાંતભાઈ ભટ્ટની સાથે લોકભારતીની શુભેચ્છા મુલાકાતે તા.૦૭-૦૮ના રોજ આવી ગયા.
- અધ્યાપન મંદિરમાં તા.૮ના રોજ શ્રી ભદ્રાયુભાઈ વચ્છરાજાનીએ 'મારે શિક્ષક થવું છે ખરું? વિષય પર તાલીમાર્થીઓ સાથે રસપ્રદ વાતો કરી.
- અગસ્ત્ય ઇન્ટરનેશનલ-બેંગ્લોરના ગુજરાત એકમ 'અગસ્ત્ય ફાઉન્ડેશન'ના રાજ્યભરનાં વિજ્ઞાનકેન્દ્રોના પચાસેક શિક્ષકોનો એક તાલીમ કાર્યક્રમ તા.૧૦થી ૨૧ સુધી લોકભારતીમાં યોજાઈ ગયો.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી નિગમભાઈ શુકલએ તા. ૧૦ના રોજ 'જળ-વાયુ પરિવર્તન' વિષય પર ઠળિયા ગામ (તળાજા) ખાતે યોજાયેલ કાર્યશાળામાં અને મા. કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને ભાવનગર ડિસ્ટ્રીકટ કો. બેંક દ્વારા યોજાયેલ જિલ્લા કક્ષાની તકનીકી સમિતિની બેઠક તથા તા. ૧૩ના રોજ મા. જિલ્લા વિકાસ

અધિકારીશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ 'આત્મા' પ્રોજેક્ટ, ભાવનગરની ગવર્નીંગ સમિતિની બેઠકમાં ભાગ લીધો.

- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તા. ૧૦ના રોજ નાની રાજસ્થળી ગામે કુલ ૪૩ ખેડૂતોની હાજરીમાં મગફળી પાકનો ફિલ્ડ ડે યોજાઈ ગયો.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૧ ના રોજ તાલીમાર્થીઓ શ્રી જીવણભાઈ જોગરાણા સાથે શૈક્ષણિક પ્રવાસે જઈ આવ્યા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૨ ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી ધરતીબહેન જોગરાણાએ તાલીમાર્થીઓને પી.પી.ટી. દ્વારા અને ખુલ્લા આકાશમાં આકાશદર્શન કરાવ્યુ.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૩ ના રોજ ઓપવર્ગ—૨૩૬ના શુભેચ્છા કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવે તાલીમાર્થીઓને શુભેચ્છાઓ પાઠવેલ અને પ્રમાણપત્ર વિતરણ કરેલ.
- તા. ૧૪ના રોજ શ્રી નિગમભાઈ શુકલ તથા તમામ વૈજ્ઞાનિકોએ લોકભારતી યુનિવર્સિટીના કુલપતિશ્રી દ્વારા યોજવામાં આવેલ બેઠકમાં ભાગ લઈ લોકભારતીના વિવિધ વિભાગો વચ્ચે સામંજસ્ય કેળવી વિદ્યાર્થીલક્ષી પ્રવૃત્તિઓને વધારે અસરકારક બનાવવા વિચાર વિમર્શ કર્યો.
- તા.૧૪મીના રોજ લોકભારતી અધ્યાપન મંદિરની આચાર્યની ખાલી પડેલી જગ્યાનો ઇન્ટરવ્યૂ યોજાઈ ગયો. તેમાં પસંદગી સમિતિએ ચાલુ અધ્યાકપશ્રી જગદીશગિરિ ગોસાંઈની પસંદગી થઈ છે અને જરૂરી વહીવટી કાર્યવાહીઓ પૂર્ણ કરાઈ છે.
- તા. ૧૫ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ખેતીમાં મહિલાઓની ભાગીદારી વધારવા માટે 'મહિલા કિસાન દિવસ'ની ઉજવણી કરવામાં આવી જેમાં ૫૫ ખેત મહિલાઓએ ભાગ લીધો.
- યુ.કે.ના 'ઓપિનિયન' દ્વારા દર વર્ષે લોકભારતી સિવાયના બહારના સ્થળે દર્શક જન્મતિથિએ યોજાતી 'દર્શક ઓપિનિયન વ્યાખ્યાનમાળા' આ વર્ષે તા.૧૫મીના રોજ શિશુવિહાર-ભાવનગર મુકામે યોજાઈ ગઈ, તેમાં મા. શ્રી ભરતભાઈ મહેતા-વડોદરાએ 'દર્શક : આજના સંદર્ભમાં' વિષય પર અભ્યાસપૂર્ણ વ્યાખ્યાન આપ્યું. આવકાર અને વક્તાનો પરિચય શ્રી પ્રકાશભાઈ શાહે અને આભારદર્શન શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ તથા કાર્યક્રમ સંચાલન શ્રી હસમુખભાઈ દેવમુરારિએ કર્યું. કાર્યક્રમને સફળ બનાવવા શિશુવિહાર સંસ્થાએ ઘણી જહેમત ઊઠાવી.
- તા.૧૭ના રોજ માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હી ખાતે 'પી.એમ. કિસાન સમ્માન સમેલન'નું ઉદ્ઘાટન કર્યું તેનું જીવંત પ્રસારણ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ઉપર દર્શાવવામાં આવ્યું જેમાં ૨૫૮ ખેડૂતો અને ખેત મહિલાઓ ભાગ લીધો. આ સભાને શ્રી હસમુખભાઈ દેવમુરારિએ અને શ્રી નિગમભાઈ શુકલ દ્વારા સમજણ આપવામાં આવી.
- તા. ૧૮ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના બોર્ડ ઓફ સ્ટડીની બેઠક લોકભારતી ખાતે યોજાઈ ગઈ. આ બેઠકમાં અભ્યાસક્રમ સુધારણા, વાઈવા માટેની પેનલના નામો નક્કી કરવામાં આવ્યા. આ બેઠકમાં મ.કૃ. ભાવ. યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. અત્તાઉલ્લાખાન અને ડૉ. મોહનભાઈ કોટડીયા ઉપસ્થિત રહ્યા. આ ઉપરાંત શ્રી હસમુખભાઈ સુથાર, શ્રી કાંતિભાઈ ગોઠી અને સૌ અધ્યાપકશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા.
- લોકભારતી વ્યવસ્થાપક મંડળની એક બેઠક તા.૨૨ના રોજ મળી ગઈ.
- સંવત ૨૦૭૯ના નૂતન વર્ષના પ્રભાતે લોકભારતી

પરિવારનું સ્નેહ મિલન તા.૨૬ના રોજ યોજાઈ ગયું. તેમાં શ્રી રામચંદ્રભાઈ પંચોળી અને શ્રી અરુણભાઈ દવેએ સૌને નવા વર્ષની શુભેચ્છાઓ આપી અને કેટલીક સંસ્થાગત વિગતો પણ રજૂ કરી.

- શ્રી અરુણભાઈ દવે તા. ૧એ રાજકોટ ખાતે યોજાયેલ શ્રી જયાબહેન શતાબ્દી વર્ષના સંમેલનમાં અને ૨જીએ સુરેન્દ્રનગર ખાતે સ્વ. શાંતાતાઈની શ્રદ્ધાજંલિ સભામાં જઈ આવ્યા. તા. ૧૫મીએ દર્શક વ્યાખ્યાનમાળાના શિશુવિહારમાં યોજાએલ વ્યાખ્યાનમાં તથા આંબલા-માઈધારમાં જઈ આવ્યા. તા. ૨૯-૩૦ એમ બે દિવસ સાયન્સસીટી, અમદાવાદ ખાતે યોજાયેલ સમગ્ર ગુજરાતના વિજ્ઞાન કેન્દ્રોની રિવ્યૂ સમિતિના અધ્યક્ષ તરીકે માર્ગદર્શન આપી આવ્યા.

**આંબલા સમાચાર**

- તા. ૨૩ના રોજ લોકભારતી ખાતે લોકભારતી કાર્યકર મંડળીની વાર્ષિક સાધારણ સભામાં કાર્યકરો જઈ આવ્યા.
- તા. ૦૮ના રોજ સરકાર તરફથી ગામના વિદ્યાર્થિની બહેનોને સાઈકલ વિતરણ કાર્યક્રમ યોજાઈ ગયો.
- તા. ૦૯ના રોજ શરદપૂનમ નિમિતે જલધારા ખોડિયાર મંદિરે (ડુંગર ઉપર) નયનરમ્ય નજારો જોતાં પ્રકૃતિના સાનિધ્યમાં ખીર – પૂરી અને ઊંધિયુંનો સમૂહ ભોજન કાર્યક્રમ રાખેલ.
- તા.૧૦ના રોજ ભાવનગર જિલ્લા અને પ્રદેશના અગ્રણીઓ સંસ્થા મુલાકાતે આવેલ.
- ધોરણ ૧૦ થી ૧૨ના વિદ્યાર્થીઓ ઉત્તર ભારતના પ્રવાસે શ્રી વાઘજીભાઈ તથા અન્ય સ્ટાફ સાથે જઈ આવ્યા.
- પ્રવાસમાં ન જઈ શકેલ વિદ્યાર્થીઓને કાર્યકરો દ્વારા સંસ્થામાં અનેક પ્રવૃત્તિ, ફિલ્મ દર્શન, ગરબી જેવા કાર્યક્રમો યોજાયા.
- તા. ૧૩ના રોજ શ્રી રાણાસાહેબ દ્વારા વર્કશોપ ઓન આર્ટિફિશ્યલ ઈન્ટેલીજન્સ રોબોટિક્સ ડ્રોન ટેકનૉલોજિ પર વિદ્યાર્થીઓને સમજૂતી આપી પ્રેક્ટિકલ વર્ક કરાવેલ.
- તા. ૧૪ના રોજ શ્રી હસિતભાઈ મહેતા વિદ્યાર્થીઓને વાર્તા કહેવા માટે આવી ગયા.
- તા. ૧૫ના રોજ લોકભારતીથી શ્રીહસમુખભાઇ દેવમુરારિ અને ધરતીબહેન જોગરાણા આકાશ-દર્શન કરાવી ગયાં.
- તા. ૧૭ના રોજ ઉત્તર ભારતના પ્રવાસમાં ન જઈ શકેલ વિદ્યાર્થીઓને શેત્રુંજય પર્વત, માઈધાર સંસ્થા, ડેમ, હસ્તગિરિ, રોહિશાળા કાર્યકરો સાથે જઈ આવ્યા.
- તા. ૨૭થી ભાવનગર વિવેકાનંદ કેન્દ્ર કન્યાકુમારી તરફથી વ્યક્તિત્વ વિકાસ શિબિર કરવામાં આવેલ.

**મણાર સમાચાર**

- 'મતદાન જાગૃતિ અભિયાન-૨૦૨૨' નું આયોજન કરવામાં આવ્યું. તેમાં એન.એસ.એસ યુનિટના સ્વયંસેવકો દ્વારા બેનર સાથે યાત્રા કાઢવામાં આવી.
- ધો.૯ થી ૧૨ની સત્રાંત પરીક્ષા તા-૧૦/૧૦/૨૦૨૨ થી તા-૧૮/૧૦/૨૦૨૨ સુધી યોજવામાં આવી. ત્યારબાદ તા-૧૯/૧૦/૨૦૨૨ ના રોજ દિવાળી વેકેશનની રજા પાડવામાં આવી.
- દિવાળીની રજાઓ દરમ્યાન આર્થિક જરૂરિયાતવાળા આઠ છાત્રો સંસ્થાની ખેતી તથા

ગૌશાળામાં કામ કરવા માટે રોકાયા.

- 'ઓપિનિયન' દ્વારા પુરસ્કૃત શ્રી દર્શક વ્યાખ્યાનમાળાના છઠ્ઠા મણકામાં શિશુવિહાર ભાવનગર મુકામે સંસ્થાના નિયામક તથા આચાર્ય જઈ આવ્યા.
- તા.૧૯ના રોજ મા. વડાપ્રધાનશ્રીના વરદહસ્તે "મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ" કાર્યક્રમનું ઉદ્‌ઘાટન પ્રસારણ બાયસેગ દ્વારા કાર્યકરોએ નિહાળ્યું.
- આ વરસની નૂતનવર્ષની ઉજવણી આ.શ્રી પ્રવીણદાદાના અધ્યક્ષસ્થાને ઉજવવામાં આવી.
- તા. ૧૧ના રોજ મુંબઈવાળા શ્રી અજીતભાઈ દોશી સંસ્થામાં આવી ગયા. તેમણે જરૂરિયાતમંદ છાત્રાઓના ભોજન લવાજમ માટે રૂ. ૨૫૦૦૦/- જેટલી આર્થિક સહાય આપી.
- શ્રી પ્રશાંતભાઈ ભટ્ટના મોટા બહેન શ્રી સરલાબહેનનો પરિવાર સંસ્થા મુલાકાતે આવી ગયો. બીજા દિવસે આંબલાથી શ્રી રાજુભાઈ વાળા તથા શ્રી રાજુભાઈ દવે મકાન રીનોવેશનના માર્ગદર્શન માટે આવી ગયા.
- સેન્ટ્રલ સોલ્ટ મરીન રીસર્સ સેન્ટરના વૈજ્ઞાનિક શ્રી વૈભવ મંત્રી તથા તેમની ટીમ અહીંના કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્રમાં દરિયાઈ શેવાળની ખેતી માટે સીવીડનું બિયારણ લઈને આવી ગયા.
- શ્રી સુરસંગભાઈ આંબલા મુલાકાતે જઈ આવ્યા અને ત્યાંના નવા બાંધકામ, ગૌશાળા તથા ખેતીવાડીની મુલાકાત લીધી.

**માઈધાર સમાચાર**

- તા.૧ના રોજ સંસ્થામાં ગાંધી સપ્તાહ નિમિત્તે શ્રી વિશાલભાઈ ભાદાણીએ 'ગાંધી- સુપર હીરો' થીમને કેન્દ્રમાં રાખીને વિદ્યાર્થીઓ સાથે વ્યક્તિત્વ વિકાસની વાતો કરી. રસપ્રદ પ્રશ્નોત્તરીમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર સક્રિય ભાગીદારી કરી. બપોર બાદ શ્રી સોનલબહેન પરીખ સાથે પ્રશ્નોત્તરીના માધ્યમથી ગાંધી જીવનદર્શનની વાતો થઈ.
- તા. ૨ના રોજ માઈધારમાં દર રવિવારે ચાલતી રવિશાળાના બાળકો સાથે 'ચાલને રમીએ ગાંધી-ગાંધી' કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.
- તા.૫ ના રોજ માઈધારમાં કાન અને સાંધાના રોગ માટે આરોગ્ય નિદાન કેમ્પ યોજાયો હતો. શ્રી નીતિનભાઈ પંચોળી સાથે બે ડૉક્ટરોએ સેવા આપી. માઈધાર અને આસપાસના લોકોએ લાભ લીધો હતો.
- તા.૧૫, ૧૬ ના રોજ માઈધાર અને લોકભારતીના કાર્યકરો દ્વારા ખડકી આશ્રમ – ધરમપુરમાં બાળશિબિર યોજાઈ. જેમાં બાળગીતો, રમતો, વાર્તા, ક્રાફ્ટ, વૈજ્ઞાનિક રમકડા, નાટક વગેરે જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવી. જેમાં એભલભાઈ ભાલિયા, શ્રી કૌશિકભાઈ મકવાણા, શ્રી હિતેશભાઈ સોલંકી, તેમજ પૂર્વ બી.આર.સી. શ્રી મહાવીરસિંહ ગોહિલ જોડાયા હતા. તેઓએ ખોબા, પીંડવળ તેમજ ધરમપુર વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત લીધી હતી.
- તા. ૨૯ ઓક્ટોબરથી ૧ નવેમ્બર માઈધાર પરિસરમાં ભાવનગર કરાટે એકેડેમી ઓફ જાપાન દ્વારા એન્યુઅલ કેમ્પ યોજાયો. જેમાં પ્રદીપ પારેખના માર્ગદર્શન નીચે ૧૨૫ વિદ્યાર્થી ભાઈ-બહેનો જોડાયા હતા.

## પૂ. મૂળશંકરભાઈ ભટ્ટ સ્મારક વ્યાખ્યાનમાળા : તા. ૦૫-૦૯-૨૦૨૨

વક્તા : શ્રી પાર્થેશભાઈ પંડ્યા

વિષય : 'સાહસિકોની સૃષ્ટિ'





## 'દર્શક' ઓપિનિયન વ્યાખ્યાનમાળા : તા. ૧૫-૧૦-૨૦૨૨

વક્તા : શ્રી ભરતભાઈ મહેતા

વિષય : 'દર્શક' આજના સંદર્ભમાં











TO.

**From :**

**Registered** *BVR/151/2021-2023, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2023*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-